વર્ષ ૧૦ અંક ૩ જુલાઈ – સપ્ટેમ્બર, ૨૦૦૫

उन्नति વિચાર

અનુક્રમ

સંપાદકીય ૧
વિકાસલક્ષી મુદ્દાઓ ૨
ગુજરાતમાં પડતર જમીન: માલિકી અને વિકાસના પ્રશ્નો
મંતવ્ય
વૈશ્વિક લોકશાહી અને ભારતીય રાજ્ય ૧૦
જમીન અંગેની સરકારી નીતિ વંચિતો માટે હાનિકારક ૧૨
આપના માટે
સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ માટે ૧૨મા નાણાં પંચની ભલામણો ૧૮
ગુજરાત માનવ વિકાસ અહેવાલ: ૨૦૦૪ ૨૧
આપણી વાત
એફ.સી.એમ.સી. ધારો ૨૪
આરોગ્ય સંભાળ માટેનું ખર્ચ: જીવન અને મૃત્યુનો સવાલ ૩૦
નોબેલ શાંતિ પારિતોષિક માટે ૧૦૦૦ મહિલાઓની ઉમેદવારી ૩૨
સાંપ્રત પ્રવાહ અને આગામી કાર્યક્રમ ૩૫
સંદર્ભ સાહિત્ય ૪૦
અમારા વિશે ૪૨

સંપાદક ટીમ
દીપા સોનપાલ
હેમન્તકુમાર શાહ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમ: રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંગઠનના નામે મોકલવા.

ફક્ત અંગત વિતરણ માટે

સંપાદકીય

ગરીબી નિવારણ માટે અધિકાર–આધારિત અભિગમ

તાજેતરમાં ભારત સરકારે ગરીબી નિવારણ, બેકારી નિવારણ અને લોકશાહીને મજબૂત બનાવવા માટે મહત્ત્વનાં પગલાં લીધાં છે. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંયધરી ધારો ઘડવામાં આવ્યો છે અને આદિવાસીઓને જમીનની માલિકીનો અધિકાર આપવા માટેનો ખરડો તૈયાર છે. આ ઉપરાંત, માહિતીના અધિકાર માટેનો કાયદો ઘડાયો અને તેના અમલની શરૂઆત પણ થઈ. આ કાનૂની પગલાંઓ એક મહત્ત્વની બાબત તરફ અંગૂલીનિર્દેશ કરે છે અને તે એ છે કે ગરીબી અને બેકારી નિવારણ એ હવે કલ્યાણલક્ષી બાબતો નથી ગણાતી પરંતુ નાગરિકના અધિકારની બાબત ગણાય છે. થોડા સમય અગાઉ શિક્ષણને બંધારણમાં મૂળભૂત અધિકાર તરીકે સ્થાન મળ્યું અને સર્વોચ્ચ અદાલતે અન્ન સલામતી ઊભી કરવા માટે રાજ્યોને અને કેન્દ્ર સરકારને આદેશો આપ્યા તે પણ રાજ્યની જવાબદારીઓ શું છે તેનું ભાન રાજ્યને કરાવવા માટે અને નાગરિકોને તેમના અધિકારો વિશે જાગૃત કરવા માટે પૂરતા સંકેતો આપે છે. આઝાદી પ્રાપ્તિ પછી પંચવર્ષીય યોજનાઓ શરૂ થઈ ત્યારથી વિકાસ એક રાજમંત્ર બની ગયો હતો. પણ સાથે સાથે કલ્યાણ પણ એવો જ મજબૂત રાજમંત્ર બની ગયો હતો. 'કલ્યાણ રાજ્ય'નો ખ્યાલ રાજકીય પરિવેશમાં જબરજસ્ત વજન ધરાવતો હતો તેથી આમ બન્યું હતું. આથી રાજ્ય લાભ આપનાર અને જરૂરતમંદ લોકો લાભાર્થી એવાં સમીકરણો રચાયાં હતાં. પરિણામે રાજ્ય અને નાગરિકો વચ્ચે એક પ્રકારનો વિચ્છેદ ઊભો થયો હતો. હવે આ કલ્યાણલક્ષી અભિગમનું સ્થાન અધિકાર-આધારિત અભિગમે લીધું છે અને રાજ્ય પોતે જ હવે પોતાને નાગરિકો પ્રત્યે ઉત્તરદાયી બનાવાય તેમ ઇચ્છે છે. નાગરિકો જ રાજ્યને નાગરિકો પ્રત્યે ઉત્તરદાયી બનાવી શકે છે એ પણ એટલું જ મહત્ત્વનું છે. રાજ્યનો આ અધિકાર-આધારિત અભિગમનો સ્વીકાર એ ખરેખર જ એક આનંદદાયક બીના છે કારણ કે તેથી રાજ્ય અને નાગરિકો બંને વિકાસના પંથે સહગામીઓ બને છે.

આ નવો અભિગમ બે રીતે અગત્યનો છે. એક તો, તે રાજ્યની નાગરિકો પ્રત્યેની જવાબદારી નક્કી કરે છે. ખાસ કરીને વૈશ્વિકીકરણ, ઉદારીકરણ અને ખાનગીકરણના માહોલમાં તો આ ખૂબ જ જરૂરી છે. ભારતમાં છેલ્લા દોઢ દાયકાથી રાજ્ય જાણે કે નાગરિકો પ્રત્યેની અને ખાસ કરીને રહિતો તથા વંચિતો પ્રત્યેની તેની જવાબદારીઓમાંથી પાછું હટી રહ્યું હોય એવી વ્યાપક છાપ ઊભી થઈ રહી હોય ત્યારે આ નવો અભિગમ થોડોક સધિયારો પૂરો પાડે છે. પરંતુ આ અભિગમની સૈદ્ધાંતિક સ્વીકૃતિથી કામ પતી જતું નથી અને વિકાસનાં ફળો સમાજના તકવંચિત વર્ગો સુધી પહોંચી જતાં નથી. એને માટે તો સરકાર અને નાગરિક સમાજ વચ્ચે સહયોગ ઊભો થવો જોઈએ.

ભારતને ૨૦૨૦ સુધીમાં એક વિકસિત દેશ બનાવવાનું સ્વપ્ન અત્યારે સેવવામાં આવી રહ્યું છે. વ્યાપક ગરીબી, નિરક્ષરતા અને અનારોગ્ય સાથે ભારત કેવી રીતે વિકસિત દેશ બને કે મહાસત્તા બને? ભારત મહાસત્તા તો ત્યારે બન્યું કહેવાય કે જ્યારે આર્થિક અને સામાજિક પ્રશ્નો ઉકેલવાની રાજકીય સત્તા ખરેખર લોકોના હાથમાં આવી હોય. આ પ્રશ્નોના ઉકેલ માટેનો રાજ્યનો અધિકાર-આધારિત અભિગમ નાગરિકોને સક્ષમ બનાવશે એમાં કોઈ શંકાને સ્થાન નથી. રાજ્ય નાગરિકો માટે છે અને નાગરિકો રાજ્ય માટે નથી એ મૂળ વિભાવના સાથે બંને વચ્ચે હવે સહયોગ ઊભો થશે તો તાજેતરમાં લેવાયેલાં આ કાનૂની પગલાં વાસ્તવમાં તેમનું કર્તૃત્વ કરી દેખાડશે.

ગુજરાતમાં પડતર જમીનઃ માલિકી અને વિકાસના પ્રશ્નો

ગુજરાત સરકારે રાજ્યની પડતર જમીન મોટાં ઔદ્યોગિક ગૃહો અને સક્ષમ ખેડૂતોને ભાડાપટે આપવાની નીતિની જાહેરાત કરી છે. આ નીતિ ગુજરાતના કૃષિ વિકાસ, ખેડૂતો અને ખેત મજૂરોના જીવનનિર્વાહ ઉપર વ્યાપક અસર પાડે તેવી છે. તેમાંથી રાજ્યના સામાજિક અને આર્થિક વિકાસના વિશાળ અને વિકરાળ પ્રશ્નો ઊભા થાય છે. આ પ્રશ્નોની છણાવટ અહીં **શ્રી હેમન્તકુમાર શાહ**ના લેખમાં કરવામાં આવી છે.

પૂર્વભૂમિકા

અર્થશાસ્ત્રમાં ઉત્પાદનનાં ચાર સાધનો ગણવામાં આવે છે. જમીન, શ્રમ, મૂડી અને નિયોજક. તેથી આ ચાર સાધનોની માલિકી કોની પાસે છે અને એ સાધનોનો શો ઉપયોગ થાય છે એ કોઈ પણ સમાજના સામાજિક-આર્થિક વિકાસ માટે અગત્યની બાબત બની જાય છે. ભારતમાં સામંતશાહી આર્થિક વ્યવસ્થા વિકસી ત્યારે જમીનની માલિકી સામંતો, જાગીરદારો કે જમીનદારો પાસે જતી રહી. અંગ્રેજોની ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ૧૭૯૩માં બંગાળમાં જમીન મહેસૂલની આકારણી અને વસૂલાત કરવા માટે જમીનદારી પ્રથા દાખલ કરી હતી. આ જમીનદારી પ્રથાએ સમય પસાર થતાં વંશપરંપરાગત સ્વરૂપ પકડ્યું અને જમીનદારો અથવા જાગીરદારો જમીનોના માલિક બની ગયા.

જમીનની માલિકી એ માત્ર એક અધિકાર નથી. એ ઘણા અધિકારોનો સમૂહ છે. તેમાં જમીન પ્રાપ્ત કરવાનો અધિકાર, જમીન વારસામાં આપવાનો અધિકાર, જમીન વેચવાનો અધિકાર, જમીન ગીરો મૂકવાનો અધિકાર, જમીન પર શ્રમ કરવાનો અધિકાર અને જમીનને ગણોતે એટલે કે ખેડવા આપવાનો અધિકાર તથા જમીનનું દાન કરવાનો અધિકાર વગેરે તમામ અધિકારોનો સમાવેશ થાય છે.

આ બધા જ અધિકારો સામંતશાહી પ્રથાને લીધે જમીનદારોને મળ્યા અને ખેડૂતોને નહિ. આ વર્ગમાંથી જ જમીન ધરાવતી પ્રબળ ઉમરાવશાહી ઉદ્‌ભવી અને ભારતના ગ્રામીણ સમાજમાં તેનાં મૂળ ઊંડાં ગયાં. ભારતમાં આ સામંતશાહી પ્રથા દેશ આઝાદ થયો ત્યાં સુધી પ્રવર્તમાન રહી. ૧૯૫૦માં દેશની ૪૦ ટકા જમીન પર આ પ્રથા ફેલાયેલી હતી. કાયદા દ્વારા આ પ્રથા દૂર કરવાનો પ્રયાસ આઝાદી પછી થયો અને ૧૯૫૦ના દાયકામાં તેને પરિણામે બે કરોડ ખેડૂતોને લાભ થયાનો અને જમીન મળ્યાનો અંદાજ છે. સામંતશાહી જમીનદારી પ્રથા નાબૂદ કરવાની આ પ્રક્રિયા જમીન સુધારા તરીકે ઓળખાઈ છે.

ગુજરાતમાં આ જૂની સામંતશાહી પ્રથા નવા સ્વરૂપે પાછી લાવવાનો પ્રયાસ ગુજરાત સરકાર કરી રહી હોય એમ લાગે છે. જમીન સુધારાને આગળ ધપાવવાની વાત તો બાજુએ રહી, પણ જમીનોનું કેન્દ્રીકરણ થોડાક લોકોના હાથમાં થાય એવી સંભાવનાઓ ગુજરાત સરકારે રાજ્યની પડતર જમીનો ભાડાપટે આપવાનો જે નિર્ણય એક ઠરાવ દ્વારા કર્યો છે તેનાથી વધી ગઈ છે. ગુજરાતના સામાજિક - આર્થિક વિકાસ પર તેની ગંભીર અસરો પડવાની સંભાવનાઓ છે.

ગુજરાત સરકારનો ઠરાવ

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગે તા.૧૭.૫.૨૦૦૫ના રોજ ઠરાવ નં.જમન/૩૯૦૩/૪૫૩/ (પાર્ટ-૧) કર્યો છે. આ હુકમને લીધે મહેસૂલ વિભાગે તા. ૯.૮.૧૯૯૪ના રોજ જે ઠરાવ કર્યો હતો તે રદ કરાયો છે. આ ઠરાવની વિગતો નીચે મુજબ છે:

પ્રસ્તાવના

ગુજરાત રાજ્ય ૧૮૮૮ લાખ હેક્ટર જમીન પર વિસ્તરેલું છે. આ પૈકી ૧૮.૬૫ લાખ હેક્ટર જમીન વન વિસ્તાર છે, ૨૫.૯૯ લાખ હેક્ટર જમીન બિન-ખેડાણલાયક પડતર જમીન છે અને ૧૯.૮૪ લાખ હેક્ટર જમીન ખેડાણલાયક પડતર જમીન છે. બાકીની જમીન અન્ય વર્ગીકરણની છે. ઉપર મુજબ સરકારી પડતર જમીનના મોટા વિસ્તારને વાવેતર હેઠળ લાવવાનો ઉદ્દેશ હાલની નીતિથી પરિપૂર્ણ થયેલો નથી. આથી, જમીન વ્યવસ્થાની આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરી મોટા વિસ્તારની જમીન વાવેતર હેઠળ લાવવાના હેતુથી મોટાં ઔદ્યોગિક ગૃહો અને વ્યક્તિગત સક્ષમ ખેડૂતોને ખેતી, બાગાયત અને જૈવિક બળતણ વૃક્ષના વાવેતરના હેતુ માટે ભાડાપટે આપવાની યોજના બનાવવાની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી.

હેતુ

(૧) આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરી રાજ્યની સરકારી પડતર

જમીનનો મોટો વિસ્તાર વાવેતર હેઠળ લાવવો.

(૨) મોટા ઉદ્યોગો અને વ્યક્તિગત સક્ષમ ખેડૂતોને ટેક્નોલોજીનો ઉપયોગ કરી ઉપરોક્ત જમીનને ખેતીલાયક બનાવવા પ્રોત્સાહન આપવું.

(૩) આ જમીનમાં ખેતી ઉપરાંત બાગાયત, જૈવિક બળતણ વૃક્ષના ઉપયોગને ઉત્તેજન આપવું તેમ તે જ ઉત્પન્નના મૂલ્યવૃદ્ધિ આધારિત પ્રોજેક્ટને પ્રોત્સાહન આપવું.

(૪) ખેત મજૂરો અને કુશળ કામદારો માટે રોજગારીની તકો ઊભી કરવી.

યોજનાની રૂપરેખા

(૧) વ્યાખ્યાયિત થયા પ્રમાણેની જમીન સંબંધિત જિલ્લામાં મુકરર કરી, મોટાં ઔદ્યોગિક ગૃહો અને વ્યક્તિગત સક્ષમ ખેડૂતોને લાંબા ગાળાના ભાડાપટે ફાળવવામાં આવશે. આ વર્ગમાં ખેડી ન શકાય તેવી જમીન જેવી કે ડુંગરો, રણ વગેરેનો સમાવેશ થાય છે. આવી જમીન છૂટી-છવાયી અથવા ખેડાણલાયક જમીન વચ્ચે પણ આવેલી હોય છે. પરંતુ મોટે ભાગે અતિશય ખર્ચ કર્યા સિવાય આવી જમીન ખેડાણ હેઠળ ન લાવી શકાય તેવી હોય છે.

(૨) યોજના નીચે દર્શાવેલા ખાસ અભિગમોનો સમાવેશ કરતા પ્રોજેક્ટ-આધારિત રહેશે:

   (અ) પ્રોજેક્ટમાં જળ વ્યવસ્થા જેવી કે, સૂક્ષ્મ સિંચાઈની આધુનિક ટેક્નોલોજીવાળી ટપક કે ફુવારા પદ્ધતિ કે અન્ય જળ અનુસ્રવણ કરવાનું રહેશે.

   (બ) શહેરી ઘન કચરાનો ખાતર તરીકે ઉપયોગ કરવાનું આયોજન કરવાનું રહેશે.

   (ક) પ્રોજેક્ટમાં સ્થાનિક મજૂરોના સમાજ સુરક્ષાની ખાતરી સાથે રોજગારી ઊભી કરવાની રહેશે.

(૩) સંબંધિત ઔદ્યોગિક ગૃહો અને વ્યક્તિગત સક્ષમ ખેડૂતે નાણાં ભંડોળ અને આધુનિક ટેક્નોલોજીની વ્યવસ્થા કરવાની રહેશે.

ઠરાવ

ઉપર મુજબ પ્રસ્તાવના, હેતુ અને યોજનાની રૂપરેખા લક્ષમાં લઈ મોટાં ઔદ્યોગિક ગૃહો અને વ્યક્તિગત સક્ષમ ખેડૂતોને ઉપરોક્ત જમીન નીચે મુજબની શરતો અને પદ્ધતિ દ્વારા ફાળવવાનું આથી ઠરાવવામાં આવે છે:

શરતો

(૧) જમીન ૨૦ વર્ષના ભાડાપટે ફાળવવામાં આવશે.

(૨) પ્રોજેક્ટ અને જમીનનું મહત્તમ ક્ષેત્રફળ ૨૦૦૦ એકર રહેશે.

કોઠા નં.૧
ગુજરાતમાં જમીનનો વપરાશ: ૨૦૦૦-૦૧

ક્રમ વિગત	હજાર હેક્ટર
૧. જંગલો	૧૮૬૫.૩
૨. ઉજ્જડ અને ખેડી ન શકાય તેવી જમીન	૨૫૯૯.૭
૩. ખેતી સિવાયના ઉપયોગમાં લેવાયેલી જમીન	૧૧૪૧.૯
૪. ખેડવાલાયક પડતર	૧૯૮૭.૯
૫. કાયમી ગૌચર અને અન્ય ચરાણ જમીન	૮૫૦.૭
૬. નાની ઝાડી વગેરે	૪.૦
૭. ચાલુ પડતર	૯૧૮.૯
૯. ચોખ્ખો વાવેતર વિસ્તાર	૯૪૩૩.૩
૧૦. ખાદ્ય પાકો હેઠળનો વિસ્તાર	૪૪૧૬.૫
૧૧. અખાદ્ય પાકો હેઠળનો વિસ્તાર	૬૦૮૦.૫
૧૨. એકંદર વાવેતર વિસ્તાર	૧૦૪૯૭.૦

નોંધ:

(૧) જંગલ વિસ્તારમાં ડાંગ જિલ્લાના વાવેતર વિસ્તારનો સમાવેશ થાય છે.

(૨) ચોખ્ખા વાવેતર વિસ્તારમાં ડાંગ જિલ્લાનો સમાવેશ થતો નથી.

સ્રોત: સામાજિક-આર્થિક સમીક્ષા, ગુજરાત રાજ્ય, ૨૦૦૪-૦૫, ફેબ્રુઆરી-૨૦૦૫.

(૩) પ્રોજેક્ટનો અમલ પ્રથમ પાંચ વર્ષના ગાળામાં શરૂ કરવાનો રહેશે.

(૪) આ કામગીરી માટે એકર દીઠ રૂ. ૫૦૦ની વ્યાજ વિનાની થાપણ બાંયધરી તરીકે લેવાશે. ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા કામગીરીનું પ્રમાણપત્ર મળેથી ૫૦ ટકા થાપણની રકમ વ્યાજરહિત પરત થશે.

(૫) આ પાંચ વર્ષ દરમ્યાન પ્રોજેક્ટનો અમલ નહિ થાય તો થાપણની રકમ જપ્ત થશે તથા જમીન પરત લેવામાં આવશે.

(૬) જળસિંચન બાબતમાં આધુનિક માઈક્રો ઈરિગેશન વ્યવસ્થા ફરજિયાત કરવાની રહેશે.

(૭) વાર્ષિક ભાડું નીચે મુજબ લેવાશે:

   (અ) પ્રથમ પાંચ વર્ષ માટે કોઈ ભાડું નહિ.

   (બ) છથી દસ વર્ષ માટે રૂા. ૪૦ પ્રતિ એકર.

   (ક) અગિયારથી વીસ વર્ષ માટે રૂા. ૧૦૦ પ્રતિ એકર.

   (ડ) આનુષંગિક પ્રવૃત્તિ (ઉત્પાદનના મૂલ્યવૃદ્ધિ અંગેનો પ્રોજેક્ટ) ચાલુ થાય ત્યારથી ભાડામાં ૫૦ ટકા વધારો વસૂલ

કોઠા નં. ૨

ગુજરાતમાં ઉપયોગિતા મુજબ જમીનનું જિલ્લાવાર વર્ગીકરણ (ચો.કિ.મી.)

	જિલ્લાનું નામ	ભૌગોલિક વિસ્તાર	વન વિસ્તાર	બિન-ખેતી જમીન	પડતર ઉપયોગી જમીન	બિન-ગૌચર જમીન	ખેતીલાયક પડતર વિસ્તાર	ચાલુ પડતર જમીન	ચાલુ પડતર સિવાય	ખેતીલાયક ચોખ્ખી જમીન
૧.	અમદાવાદ	૮,૭૦૭	૧૧૫	૬૪૭	૭૨૩	૩૩૪	૨૩૫	૫૭૨	૬૫	૫,૮૩૦
૨.	અમરેલી	૬,૭૬૦	૩૩૯	૩૯૦	૧૭૩	૪૪૯	૯૬	૧૭૩	૨૪	૫,૦૧૩
૩.	બનાસકાંઠા	૧૨,૭૦૩	૧,૫૦૦	૬૮૨	૩૧૬	૬૯૬	૩૦૮	૧,૧૧૪	-	૭,૭૫૧
૪.	ભરૂચ	૯,૦૩૮	૧,૪૧૮	૧,૦૦૧	૨૧૭	૨૪૪	૪૦૦	૨૮૫	-	૪,૨૦૨
૫.	ભાવનગર	૧૧,૧૫૫	૩૧૫	૭૧૮	૧,૦૮૭	૭૦૪	૩૩૭	૪૬૮	૪૪	૬,૨૦૧
૬.	ડાંગ	૧,૭૬૪	૧,૦૫૬	૨૫	૦	૦	૦	૦	૦	૦
૭.	ગાંધીનગર	૬૪૯	૦	૯૮	૩	૩૪	૧૦	૧૭	૦	૪૯૧
૮.	જામનગર	૧૪,૧૨૫	૧,૨૦૮	૬૩૬	૧,૬૫૩	૭૭૪	૩૬૮	૮૦૭	૬૩	૫,૫૧૬
૯.	જૂનાગઢ	૧૦,૬૦૭	૧,૯૭૬	૫૧૩	૩૧૦	૧,૧૨૨	૧૧૧	૯૧૬	૦	૫,૫૯૭
૧૦.	કચ્છ	૪૫,૬૫૨	૨,૮૮૬	૭૦૦	૧૭,૬૭૧	૭૦૦	૧૬,૦૦૬	૫૮૪	૦	૭,૦૯૦
૧૧.	ખેડા	૭,૧૯૪	૯૬	૮૫૬	૩૧૮	૨૭૪	૨૫	૪૭૫	૧૭	૪,૮૩૩
૧૨.	મહેસાણા	૯,૦૨૭	૧૭૮	૬૫૧	૧૧૪	૫૫૬	૧૯૪	૫૧૬	૪	૬,૮૧૬
૧૩.	પંચમહાલ	૮,૮૬૬	૨,૧૬૪	૫૭૦	૩૯૪	૨૭૪	૨૪૩	૪૯૮	૧૬	૪,૫૯૮
૧૪.	રાજકોટ	૧૧,૨૦૩	૩૫૯	૬૮૩	૧.૧૪૧	૮૬૦	૧૨૪	૯૨૦	૬	૭,૦૫૦
૧૫.	સાબરકાંઠા	૭,૩૯૦	૧,૨૭૭	૪૦૭	૩૭૪	૩૪૪	૧૩૪	૬૯૭	૭	૪,૦૭૭
૧૬.	સુરત	૭,૬૫૭	૧,૪૨૩	૮૨૮	૬૧૦	૨૪૨	૪૦૦	૨૮૫	૦	૪,૨૦૨
૧૭.	સુરેન્દ્રનગર	૧૦,૪૮૯	૫૦૧	૪૭૬	૧,૩૨૨	૪૪૭	૩૩૮	૬૦૩	૧૭૮	૬,૬૨૦
૧૮.	વડેદરા	૭,૭૯૪	૮૦૭	૬૩૪	૩૦૩	૩૩૬	૧૦૩	૧૬૮	૧	૫,૪૦૫
૧૯.	વલસાડ	૫,૨૪૪	૧,૨૪૯	૩૬૬	૧૧૬	૯૮	૨૨૮	૩૮૭	૦	૪,૦૦૮
	કુલ	**૧,૯૬,૦૨૪**	**૧૮,૮૬૮**	**૧૦,૮૯૧**	**૨૬,૭૫૭**	**૮,૪૬૩**	**૧૯,૫૦૧**	**૯,૩૭૩**	**૪૨૫**	**૯૪,૫૬૫**

કોઠા નં. ૩
ગુજરાતમાં જિલ્લાવાર પડતર જમીન

	જિલ્લાનું નામ	ભૌગોલિક વિસ્તાર (ચો.કિ.મી.)	કુલ પડતર જમીન (ચો.કિ.મી.)	ભૌગોલિક વિસ્તારની સામે પડતર જમીનની ટકાવારી (ટકા)	પડતર વન જમીન (ચો.કિ.મી.)	કુલ પડતર જમીન સામે પડતર વન જમીનની ટકાવારી (ટકા)	ભૌગોલિક વિસ્તારની સામે પડતર વન જમીનની ટકાવારી (ટકા)
૧.	અમદાવાદ	૮,૭૦૭	૧૦૯૯.૫૫	૧૨.૬૩	૦.૮૩	૦.૦૮	૦.૦૧
૨.	અમરેલી	૬,૭૬૦	૪૯૯.૬૨	૭.૩૯	૭૨.૯૪	૧૪.૬૦	૧.૦૮
૩.	બનાસકાંઠા	૧૨,૭૦૩	૨૭૪૨.૯૬	૨૧.૫૯	૫૪૬.૯૭	૧૯.૯૪	૪.૩૧
૪.	ભરૂચ	૯,૦૩૮	૭૫૫.૪	૮.૩૫	૧૧૧.૧	૧૪.૭૦	૧.૨૨
૫.	ભાવનગર	૧૧,૧૫૫	૧૯૬૧.૭૭	૧૭.૫૯	૩૩.૫૬	૧.૭૧	૦.૩૦
૬.	ડાંગ	૧,૭૬૪	૧૧૪.૦૦	૧૨.૬૯	૧૧૪	૧૦૦.૦૦	૬.૪૬
૭.	ગાંધીનગર	૬૪૯	૫૬.૮૯	૪.૧૪	૦	૦	૦
૮.	જામનગર	૧૪,૧૨૫	૨૮૮૩.૫૮	૨૦.૪૧	૩૫	૧.૨૧	૦.૨૫
૯.	જૂનાગઢ	૧૦,૬૦૭	૩૧૪૧.૧૪	૨૯.૬૧	૪૮૭.૩૮	૧૫.૫૨	૪.૫૯
૧૦.	ખેડા	૭,૧૯૪	૫૨૬.૯૮	૭.૩૩	૨૬.૯૪	૫.૧૧	૦.૩૭
૧૧.	મહેસાણા	૯,૦૨૭	૬૧૮.૮૭	૬.૮૪	૦	૦	૦
૧૨.	પંચમહાલ	૮,૮૬૬	૧૩૫૬.૦૧	૧૫.૩૨	૯૮૪.૯૮	૭૨.૬૪	૧૧.૧૩
૧૩.	રાજકોટ	૧૧,૨૦૩	૧૯૯૬.૪૧	૧૭.૮૨	૧૦૦.૩	૫.૦૨	૦.૯૦
૧૪.	સાબરકાંઠા	૭,૩૯૦	૧૫૨૧.૫૫	૨૦.૫૯	૪૩૧.૫૪	૨૮.૩૬	૫.૮૪
૧૫.	સુરત	૭,૬૫૭	૭૪૪.૧	૯.૫૮	૨૫૪.૮	૩૪.૨૪	૩.૨૮
૧૬.	સુરેન્દ્રનગર	૧૦,૪૮૯	૨૬૧૩.૭૫	૨૪.૯૨	૫૫.૭૨	૨.૧૩	૦.૫૩
૧૭.	વડોદરા	૭,૭૯૪	૬૧૨.૭	૭.૮૬	૩૦૮.૩	૫૦.૧૩	૩.૯૫
	કુલ	**૧,૪૫,૨૩૬**	**૨૩૨૪૫.૩૩**	-	**૩૫૬૪.૩૬**	-	-

નોંધઃ આ આંકડાઓ ગુજરાતના ૧૭ જિલ્લાની કુલ જમીન વિશેના છે; ગુજરાતની કુલ જમીન વિશેના નથી.

સંદર્ભઃ નેશનલ રિમોટ સેન્સિંગ એજન્સી, ગાંધીનગર ઓફિસ, ૧૯૯૫.

કરવાનો રહેશે.

(૮) પટાદારે આ જમીન તારણ ઉપર મૂકવા કલેક્ટરની પૂર્વ મંજૂરી લેવાની રહેશે. તે માટે નીચે જણાવેલી શરતોનું અનિવાર્ય પાલન કરવાનું રહેશેઃ

  (અ) ભાડાપટે ફાળવાયેલી જમીનને રાષ્ટ્રીયકૃત બેન્કો, રિઝર્વ બેંક દ્વારા માન્ય હોય તેવી શિડ્યુલ્ડ બેન્કો તથા રાજ્ય સરકાર દ્વારા વખતોવખત માન્ય કરેલી હોય તેવી નાણાકીય સંસ્થાઓમાં જ તારણ પર મૂકી શકાય.

  (બ) ધિરાણ કરેલી રકમની ૧ ટકા રકમ ગીરો ફી તરીકે કલેક્ટરને ભરવાની રહેશે.

  (ક) ડિફોલ્ટના કેસમાં ઋણ વસૂલાતમાં પ્રથમ ક્રમ રાજ્ય સરકારનો રહેશે.

(૯) આ નીતિ હેઠળના પટેદારના પ્રોજેક્ટમાં ખેત ઉત્પન્નની આનુષાંગિક પ્રવૃત્તિ માટે બિન-ખેતીની મંજૂરી મેળવવાની રહેશે નહિ. પરંતુ બાંધકામનો પ્લાન સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાનો રહેશે. આ જમીન આકારણીને પાત્ર રહેશે.

પ્રોજેક્ટ મંજૂર કરવાની પદ્ધતિ

સંપૂર્ણ વિગતો ધરાવતો પ્રોજેક્ટ માગણીદારે જિલ્લા કલેક્ટરને રજૂ કરવાનો રહેશે. પ્રોજેક્ટની ચકાસણી નીચે જણાવ્યા પ્રમાણેની જિલ્લા કક્ષાની તાંત્રિક સમિતિ રહેશેઃ

(૧) સંબંધિત જિલ્લા કલેક્ટર	- અધ્યક્ષ
(૨) મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન અને તેમના પ્રતિનિધિ	- સભ્ય
(૩) નિયામક, કૃષિ અને તેમના પ્રતિનિધિ	- સભ્ય
(૪) સંબંધિત વિસ્તારની કૃષિ યુનિવર્સીટીના પ્રતિનિધિ	- સભ્ય

નીચે જણાવ્યા મુજબની સત્તાધિકારી સમિતિ રાજ્ય સરકારની મંજૂરી માટે પ્રોજેક્ટની ભલામણ કરશે. આ સમિતિને ભલામણ માટેની તમામ સત્તાઓ આપવામાં આવી છે.

(૧)મહેસૂલ મંત્રી	- અધ્યક્ષ
(૨)કૃષિ મંત્રી	- અધ્યક્ષ
(૩)અગ્રસચિવ, નાણાં વિભાગ	- સભ્ય
(૪)અગ્રસચિવ, મહેસૂલ વિભાગ	- સભ્ય
(૫)સચિવ, કૃષિ અને સહકાર વિભાગ	- સભ્ય
(૭)મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન	- સભ્ય

પ્રતિબંધો

(૧) આ યોજના હેઠળ લાભ લેનારાં મોટાં ઔદ્યોગિક ગૃહોને ખેડૂતનો દરજ્જો મળશે નહીં.

(૨) આ યોજના હેઠળ લાભ લેનારાં માટાં ઔદ્યોગિક ગૃહો આ પટાના આધારે રાજ્યમાં કોઈ પણ સ્થળે ખેતીની અન્ય જમીન ખરીદી શકશે નહીં.

(૩) મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮ની કલમ-૮૮ની જોગવાઈને અધીન રહીને આ યોજના હેઠળ પટેદાર પટાથી જમીન ધારણ કરશે.

અગાઉની નીતિઓ

આ ઠરાવમાં બિન-ખેડાણલાયક પડતર જમીનનો ઉલ્લેખ કરાયો છે અને એ જમીન ૨૫.૯૯ લાખ હેક્ટર છે એમ જણાવાયું છે. વળી, એમ જણાવાયું છે કે આ સરકારી પડતર જમીનના મોટા વિસ્તારને વાવેતર હેઠળ લાવવાનો ઉદ્દેશ હાલની નીતિથી પરિપૂર્ણ થયો નથી. આ ઉદ્દેશ પરિપૂર્ણ નથી થયો તેથી સરકારે હવે આ જમીન મોટાં ઔદ્યોગિક ગૃહોને ભાડાપટે આપવાનું નક્કી કર્યું છે. પ્રશ્ન એ છે કે સરકારની આ નીતિ શી હતી અને શા માટે તે નિષ્ફળ ગઈ.

૧૯૬૫થી ૧૯૮૪ સુધીમાં ગુજરાત સરકારના મહેસૂલ વિભાગે કુલ નવ ઠરાવો, પરિપત્રો કે યાદીઓ બહાર પાડ્યાં હતાં. તેમાં સરકારી પડતર જમીનનો ફળઝાડ અને વૃક્ષ ઉછેર માટે નિકાલ કરવાની નીતિ અપનાવવામાં આવી હતી. પછી રાષ્ટ્રીય ખરાબા જમીન વિકાસ યોજના અન્વયે આવી જમીનોનો ઉપયોગ વૃક્ષોના વાવેતર માટે થાય તે રીતે તેમનો નિકાલ કરવાની નીતિ અપનાવતો ઠરાવ તા. ૧-૧-૧૯૮૭ના રોજ રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે કર્યો હતો.

આ ઠરાવમાં આ જમીન ગુજરાત ગ્રામ વિકાસ નિગમ વૃક્ષ ઉત્પાદક, સહકારી મંડળીઓ, ખેત મજૂરો, ભૂમિહીન મજૂરો, સીમાન્ત ખેડૂતો, નાના ખેડૂતો અને સ્થાનિક લોકોની સ્વૈચ્છિક સંસ્થાઓને આપવા માટે ઠરાવવામાં આવ્યું હતું. વળી, તે સરકારી ઔદ્યોગિક સાહસો ઉપરાંત સંયુક્ત સાહસો-કે જેમાં સરકારનો મોટો હિસ્સો હોય-ને પણ ઠરાવવામાં આવ્યું હતું. ૧૯૮૭ના આ ઠરાવમાં જમીનનો કાયમી ધોરણે નિકાલ કરવાનો નહોતો પરંતુ ૧૫ વર્ષ માટે જમીન ભાડાપટે આપવાનું ઠરાવાયું હતું.

ત્યાર બાદ મહેસૂલ વિભાગે તા. ૯-૮-૧૯૯૪ના રોજ એક ઠરાવ કર્યો હતો. તેમાં બિન-ખેડાણલાયક પડતર જમીન બિન-

નિવાસી ભારતીયોની કંપનીઓ, વ્યક્તિઓ, સહકારી મંડળીઓ, ભારતની કંપનીઓ અને પબ્લિક લિમિટેડ કંપનીઓને ૨૦ વર્ષના ભાડાપટે આપવાનું ઠરાવાયું હતું.

આ ઠરાવમાં એમ કહેવામાં આવ્યું હતું કે પડતર જમીનના વિકાસમાં ખૂબ જ મૂડી રોકાણ તેમ જ ઔદ્યોગિક પ્રકારના સંચલાનની જરૂર પડે છે. સરકારના ઉચ્ચ કક્ષાના પ્રતિનિધિ મંડળે ઈઝરાયલની મુલાકાત લીધા બાદ આ ઠરાવ કરાયો હતો. ઠરાવમાં તેથી એમ જણાવાયું હતું કે "આવી પડતર જમીનોમાંથી ઈઝરાયલ ટેક્નોલોજી અને અન્ય વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરી કપાસ જેવા રોકડિયા પાકો અને બાગાયત પાકોનું ઉત્પાદન મેળવી શકાશે". તેમાં પછી એમ પણ કહેવાયું કે "આવી કામગીરી રોજગારલક્ષી હોવાથી રોજગારીની તકોમાં પણ વધારો થતાં ગરીબ લોકો, ખેત મજૂરો વગેરેને રોજગારીની તકો મળી રહેશે".

૧૯૮૭ અને ૧૯૯૪ના ઉપરોક્ત ઠરાવો વચ્ચેના મહત્ત્વના તફાવતો નીચે મુજબ છેઃ

(૧) ૧૯૮૭ના ઠરાવમાં ફળઝાડ અને વૃક્ષ ઉછેર માટે જ જમીન ફાળવવાનું નક્કી કરાયું હતું જ્યારે ૧૯૯૪ના ઠરાવમાં ફળઝાડ અને વૃક્ષ ઉછેર ઉપરાંત કપાસ અને અન્ય પાકોના વાવેતરને માટે છૂટ આપવામાં આવી હતી.

(૨) ૧૯૮૭ના ઠરાવમાં ખેત મજૂરો, નાના ખેડૂતો, સીમાન્ત ખેડૂતો, ભૂમિહીન મજૂરો વગેરેને જમીન આપવાની એવો સ્પષ્ટ ઉલ્લેખ થયેલો જોવા મળતો નથી. ૧૯૯૪ના ઠરાવમાં 'વ્યક્તિઓ' શબ્દનો ઉપયોગ કોને જમીન ફાળવાશે તેની યાદીમાં કરાયો છે ખરો પરંતુ આ 'વ્યક્તિઓ' એટલે કોણ તે કહેવાયું નથી.

(૩) ૧૯૯૪ના ઠરાવમાં ઇઝરાયલ ટેક્નોલોજી કે અન્ય વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરી જમીન વિકાસની પ્રવૃત્તિઓ હાથ ધરવા માંગતી તેમ જ ઔષધના ઉછેર માટે કાર્ય કરવા માગતી વ્યક્તિઓ કે કંપનીઓને જમીન ફાળવી શકાશે એમ પણ કહેવાયું છે. અહીં જમીન વિકાસની પ્રવૃત્તિઓ એટલે શું તેની કોઈ વ્યાખ્યા આપવામાં આવી નથી.

(૪) ૧૯૮૭ના ઠરાવમાં સરકારી ઔદ્યોગિક સાહસો કે સંયુક્ત સાહસોને જમીનો ફાળવવાનું જણાવાયું હતું. પણ ૧૯૯૪માં કોઈ પણ સ્વદેશી કંપનીને કે બિન-નિવાસી ભારતીયની કંપનીને જમીન ફાળવવાનું નક્કી કરવામાં આવ્યું. આમ, અગાઉ સરકારી અથવા જેમાં સરકાર ભાગીદાર હોય એવી કંપનીઓ પૂરતી જમીનની ફાળવણી મર્યાદિત હતી જે મર્યાદા ૧૯૯૪માં કાઢી નાખવામાં આવી.

અમલમાં નિષ્ફળતા

ઉપરોક્ત ઠરાવોમાં જણાવાયેલી નીતિઓ નિષ્ફળ ગઈ છે તેનું એક કારણ એ છે કે રાજ્ય સરકારે બિન-ખેડાણલાયક પડતર જમીનની વહેંચણી સમાજના વંચિત વર્ગોને કરવા માટે જે નિર્ણય ૧૯૮૭માં કર્યો હતો તેનો અમલ નિષ્ઠાપૂર્વક કર્યો નથી. બિન-ખેડાણલાયક પડતર જમીન પણ જો સમાજના વંચિત વર્ગોને આપવામાં આવે તો તેઓ તેમાં ખેતી કરીને આવક રળી શકે. પરંતુ આવું થયું નથી એ એક હકીકત છે.

ઉપરાંત, તા. ૧૬-૩-૨૦૦૫ના રોજ રાજ્ય સરકારના મુખ્ય સચિવ શ્રી પી. કે. લહેરીએ રાજ્યના દરેક જિલ્લાના કલેક્ટરને જે એક પત્ર લખ્યો હતો તેમાં પણ આ ઠરાવની નીતિઓનો અમલ કરવાની તાકીદ કરવામાં આવી હતી. આ પત્રમાં જે વિગતો છે તે આ મુજબ છેઃ

(૧) કલેક્ટર જિલ્લા વિકાસ અધિકારી અને ડીઆરડીએના નિયામક સાથે તા. ૧-૧-૧૯૮૭ના ઠરાવ મુજબ વ્યૂહરચના ઘડે.
(૨) ગરીબીની રેખા નીચે જીવનારાં પરિવારોનાં સ્વસહાય જૂથો અને વપરાશકાર જૂથોને ૨૦૦૫-૦૬માં કમ-સે-કમ ૫૦૦૦ હેક્ટર જમીનની ફાળવણી કરવામાં આવે.
(૩) ગ્રામ વિકાસ વિભાગ એસજીઆરવાય અને એસજીએસવાય જેવી યોજનાઓ સાથે જળસ્રાવ આધારિત યોજનાઓનો અમલ કરવા માગે છે. આ જમીન પર તેમનો અમલ થાય અને સૌથી ગરીબ લોકોને આ જમીનનું ઉત્પાદન મળે.
(૪) જિલ્લા વિકાસ અધિકારી અને ડીઆરડીએના નિયામક સાથે મળીને એક વિગતવાર સર્વેક્ષણ હાથ ધરવામાં આવે.
(૫) તમામ તાલુકામાં ગામવાર જમીનની ફાળવણી કરાય અને એપ્રિલ-૨૦૦૫ના અંત સુધીમાં આવી જમીનની ઓળખ પૂરી કરવામાં આવે.
(૬) પછી સ્વસહાય જૂથો અને વપરાશકાર જૂથોની રચના થાય અને તેમને જમીનની ફાળવણી મે-જુન-જુલાઈ-માસ દરમ્યાન કરવામાં આવે.
(૭) આ પ્રક્રિયા ઝુંબેશના સ્વરૂપે આદરવામાં આવે અને દર

મહિને ગ્રામ વિકાસ વિભાગના સચિવ અને મહેસૂલ વિભાગના મુખ્ય સચિવને એનો પ્રગતિ અહેવાલ મોકલવામાં આવે.

ઉપરોક્ત પત્રની વિગતો પરથી એમ સ્પષ્ટ થાય છે કે તા. ૧-૧-૧૯૮૭ના ઠરાવનો અમલ ૧૮ વર્ષના ગાળા દરમ્યાન થયો નથી અને માર્ચ-૨૦૦૫થી જુલાઈ-૨૦૦૫ દરમ્યાન એનો અમલ કરવાની તાકીદ મુખ્ય સચિવે કલેક્ટરોને કરી છે. પરંતુ જુલાઈ - ૨૦૦૫ પૂરો થાય તેના અઢી માસ પહેલાં મે-૨૦૦૫માં જ મહેસૂલ વિભાગ નવો ઠરાવ કરીને એમ કહે છે કે જૂની નીતિ નિષ્ફળ ગઈ છે.

સ્પષ્ટ છે કે સરકાર અગાઉના ઠરાવોના અમલ માટે ગંભીર છે જ નહિ. મુખ્ય સચિવે કલેક્ટરોને જે પત્ર લખ્યો છે એનું શું પરિણામ આવ્યું તે જોવાની દરકાર પણ સરકારે લીધી નથી અને ઉતાવળે જ મોટાં ઉદ્યોગ ગૃહોને જમીન ભાડાપટે આપવાનો નિર્ણય લેવાયો છે.

અગત્યના મુદ્દા

સરકારની આ નીતિના સંદર્ભમાં જે અગત્યના મુદ્દા ઉપસ્થિત થાય છે તે નીચે મુજબ છેઃ

(૧) જમીનને ખેતીલાયક બનાવવા માટે ખેડૂતો જ યોગ્ય છેઃ

આ સમગ્ર યોજનાનો હેતુ વાવેતર હેઠળનો વિસ્તાર ગુજરાત રાજ્યમાં વધારવાનો છે. વાવેતર હેઠળનો વિસ્તાર વધે તો ઉત્પાદન વધે. આ હેતુ સારો છે અને ઈચ્છવાયોગ્ય છે. પણ તેને માટે મોટાં ઉદ્યોગ ગૃહોને જ પડતર જમીન આપવી જરૂરી છે એવું નથી. એ સિવાય પણ નાના અને સીમાન્ત ખેડૂતોને કે ભૂમિહીન ખેત મજૂરોને આ જમીન ખેડવા માટે આપી શકાય. બિન-ખેડાણલાયક પડતર જમીનને ખેતીલાયક બનાવવાનું કામ માત્ર મોટા ઉદ્યોગો જ કરી શકે એવી ધારણા કરવી એ ખોટી બાબત છે. સદીઓથી પડતર જેવી જમીનને ખેતીલાયક બનાવવાનું કામ ખેડૂતોએ જ કર્યું છે.

(૨) આધુનિક ટેક્નોલોજી રોજગારી નહિ આપેઃ

આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવાનો ખ્યાલ પણ સરકારની આ નીતિમાં રખાયો છે. આધુનિક ટેક્નોલોજી એટલે કઈ ટેક્નોલોજી એવો ફોડ આ ઠરાવમાં પાડવામાં આવ્યો નથી.

બિન-ખેડાણલાયક પડતર જમીનને ખેતીલાયક બનાવવાની હોય તેમાં આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવાનો છે કે પડતર જમીન ખેતીને લાયક બને પછી તેમાં ખેતી કરવા માટે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવાનો છે એ વાત પણ આ ઠરાવમાં કહેવામાં આવી નથી. જો ખેતી કરવા માટે આધુનિક ટેક્નોલોજી વપરાય તો તેમાં રોજગારી કેટલી ઊભી થાય એ મોટો પ્રશ્ન છે. ખેતી ક્ષેત્રે અગત્યનો પ્રશ્ન માત્ર ઉત્પાદનનો નથી પણ રોજગારીનો છે એ બાબત પણ સ્વીકારવાની જરૂર છે. આધુનિક ટેક્નોલોજી મનુષ્યોને સ્થાને યંત્રોને બેસાડે છે એ ભૂલવું ના જોઈએ. તાજેતરમાં જ કપાસનાં જીંડવાં ફોલવા માટેનું મશિન દાખલ થયું છે અને તેથી સેંકડો લોકોની રોજગારી ગઈ છે એ કઈ રીતે ભૂલી શકાય?

(૩) આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ થશેઃ

આધુનિક ટેક્નોલોજી અત્યંત ખર્ચાળ હોય છે અને એ મોટાં ઉદ્યોગ ગૃહોને જ પોસાય તેવી હોય છે. તેથી આ બંનેનો મેળ બેસાડવાનું રાજ્ય સરકારે વિચાર્યું હોય એમ લાગે છે. તેને પરિણામે આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ ખેતી ક્ષેત્રે પણ થશે એમ સ્પષ્ટપણે દેખાઈ આવે છે.

(૪) ખેત મજૂરોનું શું?

આ યોજનાના હેતુમાં એમ લખવામાં આવ્યું છે કે ખેત મજૂરો અને કુશળ કામદારો માટે રોજગારીની તકો ઊભી કરવી. જો આધુનિક ટેક્નોલોજી ખેતી ક્ષેત્રે વપરાય તો ખેત મજૂરો માટે રોજગારી ઊભી થવાની શક્યતા રહેતી નથી. ગુજરાતમાં ૧૯૯૧માં ૩૨ લાખ ખેત મજૂરો હતા. ૨૦૦૧માં તેમની સંખ્યા વધીને ૫૨ લાખ થઈ છે. આ ખેત મજૂરો મોટે ભાગે ઋતુગત બેકારી ધરાવે છે. તેમને જો રોજગારી આપવાની હોય તો તે આધુનિક ટેક્નોલોજીથી આપી શકાય તેમ છે જ નહિ.

(૫) ખેડૂતોમાં બે વર્ગો ઊભા થશેઃ

યોજનામાં એમ જણાવાયું છે કે જમીન ૨૦ વર્ષના ભાડાપટે આપવામાં આવશે. પરંતુ સામાન્ય રીતે એવું બનતું હોય છે કે ભાડાપટો લંબાવવામાં આવતો હોય છે. લાંબે ગાળે ભાડાપટાની જમીન માલિકીની જમીન બની જતી હોય છે. જો આવું બને તો ગુજરાતમાં એક તરફ અત્યંત મોટા ખેડૂતો અથવા ખેતી કરનારી કંપનીઓ અને બીજી તરફ નાના ખેડૂતો એવા બે વર્ગો સ્પષ્ટપણે ઊભા થશે.

(૬) નાના ખેડૂતો માટે ટકવાનું અઘરુંઃ

વધુમાં વધુ ૨૦૦૦ એકર જેટલી બિન-ખેડાણલાયક પડતર

જમીન આ યોજના હેઠળ આપવામાં આવશે એમ જણાવાયું છે. દેશમાં ૯૨ ટકા ખેડૂતો પાંચ એકર કે તેથી ઓછી જમીન ધરાવે છે. એટલે કે તેઓ નાના અને સીમાન્ત ખેડૂતો છે. આવા નાના ખેડૂતોની સામે જો ૨૦૦૦ એકર જેટલી જમીન ધરાવનારા ખેડૂતો આવશે તો નાના ખેડૂતો તેમની સામે સ્પર્ધામાં ટકી શકશે નહિ. આથી નાના અને સીમાન્ત ખેડૂતોને પણ તેમની જમીન વેચવા માટેની ફરજ પડે એવી શક્યતાઓ છે. સાધનોની ખરીદી, ઉત્પાદનની પ્રક્રિયા અને ખેત ઉત્પાદનના વેચાણની બાબતમાં તદ્દન અસમાન સ્પર્ધા ઊભી થાય એવી શક્યતાઓ આથી ઊભી થાય છે.

(૭) કંપનીઓ માટેની જ વ્યવસ્થાઃ

સરકારે એકર દીઠ ૫૦૦ રૂ.ની વ્યાજ વિનાની થાપણ લેવાનું નક્કી કર્યું છે. જો ૨૦૦૦ એકર જમીન આપવામાં આવે તો ૧૦ લાખ રૂ.ની થાપણ લેવાની થાય. આ રકમ કોઈ પણ નાના કે સીમાન્ત ખેડૂત માટે આપવાનું શક્ય જ નથી. થોડાક મોટા ખેડૂતો માટે પણ આ રકમ ઘણી મોટી છે. તેથી સ્પષ્ટ છે કે મોટા ખેડૂતો વધારે મોટા થશે અથવા તો નવા કંપની ખેડૂતોનો એક નવો જ વર્ગ ઊભો થશે.

વળી, સરકારે ૨૦ વર્ષના ભાડાપટામાંથી ૧૨ વર્ષના ગાળા માટે ભાડું લેવાનું પણ નક્કી કર્યું છે. આ રકમ ૧૪ લાખ રૂ. જેટલી થવા જાય છે. આમ, કુલ ૨૪ લાખ રૂ. આપીને પડતર જમીન ભાડાપટે લેવાનું થોડાક મોટા ખેડૂતો માટે પણ શક્ય બને તેમ નથી. એ તો કંપનીઓને જ પોસાય.

(૮) કંપની ખેતી કરે પણ ખેડૂત ના કહેવાય!ઃ

આ યોજનાનો લાભ લેનારાં મોટાં ઔદ્યૌગિક ગૃહોને ખેડૂતનો દરજ્જો મળશે નહિ એવું ઠરાવમાં કહેવામાં આવ્યું છે. એનો અર્થ એ થયો કે ખેતી કરનારા ખેડૂત જ ના હોય તો ચાલે. આ એક નવો ખ્યાલ આ ઠરાવમાં ઊભો કરવામાં આવ્યો છે. આથી કંપની ખેડૂતો નામનો એક નવો જ વર્ગ ગુજરાતની ખેતીમાં અસ્તિત્વમાં આવશે. તે ખેતી કરશે પણ ખેડૂત નહિ કહેવાય! પરંતુ ખેડૂત તરીકે તેમને ઓળખાવીને કંપનીઓને લાભ આપવાનું રાજ્ય સરકાર દ્વારા ભવિષ્યમાં શરૂ થાય તો નવાઈ નહિ.

(૯) આવક કમાવાનો સરકારનો ઈરાદોઃ

વ્યક્તિગત સક્ષમ ખેડૂતોનો ઉલ્લેખ આ પડતર જમીન આપવા માટે ઠરાવમાં અવારનવાર કરવામાં આવ્યો છે. પરંતુ ગુજરાતમાં એવા કેટલા ખેડૂતો હશે કે જેઓ મોટી જંગી રકમો ભરીને ૨૦૦૦ એકર જમીન ભાડાપટે લે. એટલે સરકારનો ઈરાદો ખેતીનું કંપનીકરણ કરવાનો છે એ સ્પષ્ટ છે. બિન-ખેડાણલાયક પડતર જમીન ગુજરાતમાં ૧૯૫૦૧ ચો.કિ.મી. હોવાનો અંદાજ છે. જો આ જમીન કંપનીઓને ખરેખર ભાડાપટે જ આપવામાં આવે તો પણ સરકારને ૨,૫૦૦ કરોડ રૂ.થી વધુ આવક થાપણ અને ભાડા પેટે થઈ શકે તેમ છે. સરકાર આ રીતે પડતર જમીનો નહિ વેચીને પણ તે વેચવા માગે છે અને ગમે તે રીતે આવક ઊભી કરવા માગે છે.

(૧૦) જૂની નીતિ અને નવું સ્વરૂપઃ

સરકારી પડતર જમીન કંપનીઓને આપવી એવો વિચાર તો ૧૯૮૭ના ઠરાવમાં પણ જોવા મળે છે. પરંતુ એમાં સરકારી કંપનીઓ અને સંયુક્ત સાહસો પૂરતી એ બાબત મર્યાદિત હતી. પછી ૧૯૯૪ના ઠરાવમાં સરકારી સાહસો સિવાયની ખાનગી કંપનીઓને પણ અને બિન-નિવાસી ભારતીયોની કંપનીઓને પણ જમીન ભાડાપટે આપવાનું સ્વીકારવામાં આવ્યું.

હવે ૨૦૦૫ના ઠરાવમાં મોટાં ઔદ્યૌગિક ગૃહોને એ જમીન ભાડાપટે આપવાનું ઠરાવવામાં આવ્યું છે. આ મોટાં ઔદ્યૌગિક ગૃહો સ્વદેશી પણ હોઈ શકે અને વિદેશી પણ હોઈ શકે. આમ, કંપનીઓ માટે સરકારી બિન-ખેડાણલાયક પડતર જમીન છૂટી કરવાની નીતિ નવી નથી પણ જૂની છે. માત્ર એનાં સ્વરૂપો જ બદલાયાં છે.

(૧૧) ખેત મજૂરોને જમીન કેમ અપાય નહિ?ઃ

ગુજરાતમાં ૫૨ લાખ ખેત મજૂરો છે અને તેમાંના મોટા ભાગના ખેત મજૂરો ભૂમિહીન જ છે. તેમને આ સરકારી પડતર જમીન આપવા માટે સરકાર વિચારતી જ નથી અને મોટાં ઔદ્યોગિક ગૃહોને એ જમીન આપવાનું શા માટે વિચારવામાં આવે છે?

રાજ્ય સરકારે વાસ્તવમાં ભૂમિહીનોને જમીન આપીને તેમને જમીનના માલિક બનાવવા જોઈએ અને તેમની આવક વધે તે માટે તેમને ખેતી માટેનાં તમામ સંસાધનો પૂરાં પાડવાની વ્યવસ્થા વિચારવી જોઈએ. દા.ત. કચ્છ જિલ્લામાં ૩૪૮૧૭૯ હેક્ટર ખેડાણલાયક પડતર જમીન છે. અને ૧,૦૬,૪૮૦ ભૂમિહીન ખેતમજૂરો છે. તો શું આ લોકોને જમીન ના આપી શકાય?

વૈશ્વિક લોકશાહી અને ભારતીય રાજ્ય

ભારત એક લોકશાહી દેશ છે અને સ્વાતંત્ર્ય બાદનાં છેલ્લાં ૫૮ વર્ષ દરમ્યાન ભારતે તેની લોકશાહીને ધબકતી અને જીવંત રાખી છે એ એક મોટી સિદ્ધિ છે. પણ ભારત આંતરરાષ્ટ્રીય સ્તરે લોકશાહી ઊભી થાય અને વિકસે તેના અંગે ચિંતિત નથી એમ તાજેતરના કેટલાક બનાવો સૂચવે છે. એનું વિશ્લેષણ આ નાનકડા લેખમાં 'પ્રિયા'ના નિયામક **શ્રી રાજેશ ટંડન** દ્વારા કરાયું છે. તેમનું સૂચન છે કે ભારત સરકારે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં લોકશાહી મજબૂત થાય તે માટે સક્રિય બનવું જોઈએ.

ભારતીય લોકશાહી

પાંચ દાયકાના ટૂંકા ગાળામાં ભારતની લોકશાહી નોંધપાત્ર રીતે સ્થિર થઈ છે અને તેનાં મૂળિયાં ઊંડાં ગયાં છે. ભારતમાં લોકશાહી શાસન વ્યવસ્થાની પાયાની સંસ્થાઓ ઊભી થઈ છે અને યોગ્ય રીતે તે મજબૂત છે અને મોટે ભાગે કોઈ પણ ધક્કાને ખમી શકે તેવી છે. ચૂંટણી પંચ, સર્વોચ્ચ અદાલત, નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ - કેગ), સંસદ વગેરે રાજ્યની ઔપચારિક સંસ્થાઓ છે. આ ઔપચારિક સંસ્થાઓ લોકશાહીને ટકાવવા અને મજબૂત બનાવવા માટે જરૂરી હોય છે.

તેમની યાદી લાંબી થવા જાય તેમ છે. અને એમાંની ઘણીબધી સંસ્થાઓ જેવી જ સંસ્થાઓ તમામ રાજ્યોમાં પણ છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ એટલે કે પંચાયતો અને પાલિકાઓ માટે બંધારણીય જોગવાઈઓ થવાથી તો હવે એ વધારે મજબૂત બની છે. વધુમાં માધ્યમો, નાગરિક સમાજનાં વિવિધ સ્વરૂપો, વિદ્વદ્જનો, નાગરિકોનાં મંડળો અને સામાજિક આંદોલનો ખાસ્સી સ્વતંત્રતા અને મુક્તતા સાથે કામ કરે છે કે જેથી લોકોના પ્રતિનિધિઓ, જાહેર નોકરો અને દેશ ચલાવવા માટે જવાબદાર લોકો ઉત્તરદાયિત્વ સાથે કામ કરે અને લોકોની સંમતિ સાથે કામ કરે. જો કે, દુનિયાની આ સૌથી મોટી લોકશાહી એવા ભારતમાં મોટે ભાગે રાજકીય પક્ષો ઈચ્છિત ઢબે કામ કરતા નથી.

આમ, આપણી આસપાસનું જગત અને ખાસ કરીને અનેક વિકસતા દેશો તેમનાં રાષ્ટ્રો, ઉપખંડો અને પ્રદેશોમાં લોકશાહી શાસન વ્યવસ્થા ઊભી કરવા અને તેને ઉછેરવા માટે ભારત તરફ ટેકો અને માર્ગદર્શનની અપેક્ષાઓ જુએ છે. વૈશ્વિક લોકશાહીના સંદર્ભમાં તો આ અપેક્ષા વધારે વ્યક્ત થાય છે. તાજેતરનાં વર્ષોમાં એકપક્ષિતા (યુનિલેટરાલિઝમ) અને લશ્કરી વર્ચસ્વ વધ્યાં છે ત્યારે વૈશ્વિક શાસનની અનેક સંસ્થાઓ ચારેય બાજુથી ઘેરાઈ ગઈ છે. સપ્ટેમ્બર-૨૦૦૩માં મેક્સિકોમાં 'વિશ્વ વ્યાપાર સંગઠન' (વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન - ડબ્લ્યુટીઓ)ની કેન્કુન ખાતેની મંત્રી પરિષદમાં જી-૨૦ (દુનિયાના ૨૦ ગરીબ દેશોનું જૂથ કે જેમાં ભારત પણ એક સભ્ય છે)ના અવાજને અમેરિકા અને યુરોપીય સંઘે સાંભળવો પડ્યો.

ભારત, દક્ષિણ આફ્રિકા અને બ્રાઝિલના નેતૃત્વ હેઠળ પૃથ્વીના દક્ષિણ ગોળાર્ધના ગરીબ દેશોની એક નવી જ ધરી આકાર લઈ રહી છે. ચીન અને ભારતની આર્થિક તાકાત હવે વિશ્વના વ્યાપારમાં અને અર્થતંત્રમાં વધી રહી છે તેથી વિશ્વની સત્તાની પ્રસ્થાપિત અસમાનતામાં પરિવર્તનો આવી રહ્યાં છે. આ બધી ખરેખર જ આવકારદાયક ઘટનાઓ છે.

વૈશ્વિક શાસન

તેમ છતાં, વૈશ્વિક શાસન વ્યવસ્થામાં સુધારા માટેની અનેક દરખાસ્તો અને ખાસ કરીને ૧૯૪૫માં સ્થાપયેલી 'સંયુક્ત રાષ્ટ્રો' (યુનાઈટેડ નેશન્સ -યુએન)ની વ્યવસ્થામાં સુધારા માટેની દરખાસ્તોનું ભાવિ અનિશ્ચિત થઈ ગયું છે. 'સંયુક્ત રાષ્ટ્રો'ના મહામંત્રીએ ગયે વર્ષે માર્ચ માસમાં રજૂ કરેલી દરખાસ્તો પૈકીની અનેક સુધારા દરખાસ્તો અભરાઈએ ચડી ગઈ છે. 'સલામતી સમિતિ'માં સુધારા એનું જ એક વરવું ઉદાહરણ છે.

સલામતી સમિતિમાં વિટોની સત્તા અમેરિકા, યુકે, ફ્રાન્સ, રશિયા અને ચીન પાસે છે. આ એક સૌથી વધુ બિન-લોકશાહી વ્યવસ્થા છે. તે એમ દર્શાવે છે કે કેટલાક દેશો બીજા દેશો કરતાં વધારે સમાન છે. સલામતી સમિતિમાં કાયમી સભ્યપદ મેળવવા માટે બીજા કેટલાક દેશોએ લાંબા સમયથી પ્રયાસો કર્યા છે. તેમાં ભારત, બ્રાઝિલ, જાપાન અને જર્મનીનો સમાવેશ થાય છે. પણ તેમણે આ વિટોની સત્તાને જ પડકાર ફેંક્યો નથી. તેને બદલે તો તેઓ એ પાંચ જણાની ટોળકીમાં ભળવા માંગે છે.

તેમને એવી આશા છે કે તેઓ થોડાક સમયમાં એ ખાસંખાસ મજબૂત ટોળકીના સભ્ય થઈ જશે. વાસ્તવમાં, ભારતે વિટોની સત્તાની આ

બિન-લોકશાહી વ્યવસ્થાનો અંત લાવવાની માગણી કરવી જોઈતી હતી. ભારતે ફ્રાન્સ, યુકે અને અમેરિકાને વૈશ્વિક રાજકારણમાંથી આ વિટો નાબૂદ કરવા પડકાર ફેંકવો જોઈતો હતો કારણ કે તેઓ તેમની આંતરિક લોકશાહીમાં આવી વિટોની સત્તા ક્યાંય કોઈ-નાની મોટી વ્યવસ્થામાં ધરાવતા નથી અને ત્રણેય દેશો તો લોકશાહીના પુરસ્કર્તા છે. આમ, ઘરઆંગણે દુનિયાના ધનવાન દેશો એવા લોકશાહીના પુરસ્કર્તાઓ વૈશ્વિક સ્તરે લોકશાહીના દુશ્મનો બની ગયા છે એ એક હકીકત છે.

બરાબર એ જ રીતે, જી-૮ની ક્લબ (અમેરિકા, કેનેડા, ઈટાલી, જાપાન, બ્રિટન, ફ્રાન્સ, જર્મની અને રશિયા) હવે દુનિયાભરના રાજકીય નેતાઓ માટે નવું મક્કા બની ગઈ છે. દુનિયાના કહેવાતા ધનવાન અને શક્તિશાળી દેશોની આ એક અનૌપચારિક સંસ્થા છે. આમ જુઓ તો, એક સંસ્થા તરીકે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં તેની કોઈ કાયદેસરતા નથી.

વાસ્તવમાં, જી-૮ ક્લબના કેટલાક સભ્યો તો 'સંયુક્ત રાષ્ટ્રો'ની વ્યવસ્થા, આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત અને અન્ય સંધિઓ તથા ઠરાવો દ્વારા ઊભી થયેલી વૈશ્વિક લોકતાંત્રિક પ્રક્રિયાઓને અને કાયદાના શાસનને અવગણવા માટે જવાબદાર છે. ઈરાક યુદ્ધ, ક્યોટો પ્રોટોકોલ અને ગુઆન્ટાનામો બેની જેલને જ જુઓને... આ વર્ષે જી-૮ની બેઠકમાં સ્કોટલેન્ડમાં ગ્લેનિગલ્સ ખાતે આફ્રિકાના વિકાસ અને આબોહવામાંના ફેરફાર વિશે ચર્ચા થઈ. એ ઉપરાંત, મહત્ત્વની બાબત એ હતી કે તેમાં કેટલાક અન્ય રાજકીય નેતાઓને પણ જી-૮ના ઇતિહાસમાં પહેલી જ વાર નિમંત્રણ આપવામાં આવ્યાં હતાં.

તેમાં ચીન, મેકસિકો, બ્રાઝિલ અને ભારતના નેતાઓનો સમાવેશ થતો હતો. આપણા માનનીય વડા પ્રધાન ડૉ. મનમોહનસિંહે તેમાં હાજરી આપી હતી. તે વખતે શું ભારતે એવું સૂચન ના કરવું જોઈએ કે તમામ દેશો અને ખાસ કરીને જી-૮ દ્વારા વાયુ પ્રદૂષણ ફેલાવતા પ્રદૂષકોની વપરાશ ઓછી કરવા માટે ફરજ પાડતા ક્યોટો પ્રોટોકોલનો અમલ થવો જોઈએ? શું ભારતે એવું સૂચન ના કરવું જોઈએ કે 'સંયુક્ત રાષ્ટ્રો'ની સામાન્ય સભા અને વિશ્વ બેંક વગેરે જેવી વૈશ્વિક સંસ્થાઓમાં લોકશાહી શાસનના નિયમો અને કાર્યવાહીઓને જી-૮ દ્વારા માન અપાવું જોઈએ?

વૈશ્વિક સ્તરે ભારતની પહેલની જરૂર

અંતે, ભારતને મંડળો રચવાની અને અભિવ્યક્તિની સ્વતંત્રતાઓના ટેકામાં એક નમૂનારૂપ દેશ તરીકે દુનિયાના દેશોમાં ટાંકવામાં આવે છે. ભારતીય લોકશાહીએ નાગરિકોનો અવાજ સંભળાય તેને પ્રોત્સાહન આપ્યું છે અને રાજ્યની સંસ્થાઓએ એ માટે પગલાં લીધાં છે. સ્વૈચ્છિક સંસ્થાઓના અનેક નિષ્ણાતો અને વ્યવસાયીઓએ ભારતમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોની વિવિધ સલાહકાર સમિતિઓમાં નિયમિત રીતે સેવા આપી છે અને આપી રહ્યા છે. એ રીતે રાજ્ય અને નાગરિક સમાજ વચ્ચે સહયોગ ઊભો થયો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો તેમના અનેક કાર્યક્રમો અને યોજનાઓના અમલ માટે હંમેશાં બિન-સરકારી સંગઠનો તરફ નજર દોડાવતી રહી છે. આવો સહયોગ રાજ્યને વધુ ઉત્તરદાયી અને પારદર્શી બનાવવામાં ખૂબ જ ઉપયોગી થાય છે.

વાસ્તવમાં, યુપીએનાં અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીના નેતૃત્વ હેઠળ જે રાષ્ટ્રીય સલાહકાર સમિતિની રચના થઈ છે તે ભારતમાં રાજ્ય અને નાગરિક નેતાઓ વચ્ચેના આવા સહકારનું એક શ્રેષ્ઠ ઉદાહરણ છે. પણ જ્યારે વૈશ્વિક રાજનીતિની વાત આવે છે ત્યારે ભારત સરકાર તેની આવી લોકશાહીને પોષક અને સંવર્ધક એવી આંતરિક નીતિઓ અને વલણોથી તદ્દન વિરુદ્ધ વર્તન કરે છે. આશ્ચર્યજનક બાબત એ છે કે, ગયા વર્ષે સપ્ટેમ્બરમાં 'સંયુક્ત રાષ્ટ્રો'ના મહામંત્રીએ કોર્દોસો પેનલનો અહેવાલ રજૂ કર્યો ત્યારે સામાન્ય સભામાંના ભારતના પ્રતિનિધિએ 'સંયુક્ત રાષ્ટ્રો'માં નાગરિક સમાજ અને સ્થાનિક સરકારોની ભૂમિકા વિરુદ્ધ રજૂઆત કરી હતી.

હવે સપ્ટેમ્બર માસમાં 'સંયુક્ત રાષ્ટ્રો'માં સુધારા અંગે તેની સામાન્ય સભામાં ચર્ચા થવાની છે. તે અગાઉ, ૨૩-૨૪, જુન ૨૦૦૫ દરમ્યાન આ સામાન્ય સભામાં નાગરિક સમાજની સુનાવણી ગોઠવાઈ છે. શું ભારતે 'સંયુક્ત રાષ્ટ્રો'માં ઈચ્છવાયોગ્ય સુધારાને ટેકો આપવો જોઈએ? તેમાં સાંસદો, મજૂર મંડળો અને નાગરિક મંડળોનો અવાજ પહોંચે તેવા પ્રકારના સુધારાને ટેકો ના આપવો જોઈએ? કે પછી ભારતે એ સુધારાનો વિરોધ કરવો જોઈએ અને એવો વિરોધ કરનારા અમેરિકા, ઈરાન, ઈઝરાયલ અને ઝિમ્બાબ્વેની પંગતમાં બેસવું જોઈએ?

આ બધા આપણા વર્તમાન સમયના જટિલ પણ ખૂબ જ સૌને સ્પર્શતા અગત્યના પ્રશ્નો છે. જો વૈશ્વિક લોકશાહી વિકસે નહિ તો ભારતીય લોકશાહી લાંબા ગાળા સુધી તેનું અસ્તિત્વ ટકાવી શકે નહિ એ પણ આપણે સુપેરે સમજવાની જરૂર છે. વાસ્તવમાં, રાષ્ટ્રીય સ્તરનું લોકશાહી શાસન સ્થાનિક લોકશાહી શાસનનાં મજબૂત મૂળિયાં પર તે આધાર રાખે છે, અને વૈશ્વિક લોકશાહી શાસનના ટેકારૂપ છત્ર ઉપર તે આધારિત છે. શું હવે ભારતના રાજ્યના નેતાઓ વૈશ્વિક લોકશાહીના ટેકામાં કાર્ય કરશે ખરા?

(લખ્યા તા. ૧૪-૬-૨૦૦૫)

જમીન અંગેની સરકારી નીતિ વંચિતો માટે હાનિકારક

તાજેતરમાં ગુજરાત સરકારે રાજ્યની પડતર જમીનો ખેડવા માટે સક્ષમ ખેડૂતો અને કંપનીઓને આપવા માટેનો એક નિર્ણય કર્યો છે. બીજી તરફ રાજ્યમાં વંચિતો પાસે જમીન નથી. અહીં સરકારનો આ નિર્ણય કેટલો ગેરવાજબી છે તે દર્શાવતાં વિવિધ મંતવ્યો રજૂ થયાં છે.

શ્રી દિનેશ પરમાર
બિહેવિયરલ સાયન્સ સેન્ટર, અમદાવાદ

આપણા દેશમાં આઝાદી આવી, દેશનો નાગરિક સ્વતંત્ર થયો પરંતુ તેની ખરી સ્વતંત્રતા માટે રોટી, કપડાં અને મકાન જેવી પાયાની અને પ્રાથમિક જરૂરિયાતો દેશના મોટા ભાગના વર્ગો પાસે તે વખતે અને અત્યારે પણ પૂરી થઈ નથી. ઘણા વિવેચકો, અર્થશાસ્ત્રીઓ અને બુદ્ધિજીવીઓ આ દયનીય પરિસ્થિતિને જુદા જુદા સ્વરૂપે વર્ણવે છે. દા.ત. દેશમાં વસ્તી વધારો થવો, દેશનાં કુદરતી સંસાધનોનો યોગ્ય ઉપયોગ ના થવો, મર્યાદિત ઉદ્યોગીકરણ તથા ખેતીની દુર્દશા વગેરે.

પરંતુ આઝાદી મળી ત્યારે પણ અને તે પછીની તમામ પક્ષો અને તમામ જોડાણોની સરકારોએ પણ ગરીબીનાં કારણો તથા તેના ઉપાયો શોધવાની અને ઉકેલ મેળવવાની મથામણો કરી છે. પરંતુ તેમાં કેટલા અંશે સફળતા મળી છે? ડૉ. આંબેડકર જેવાએ ભારતમાં જાતિ પ્રથા આધારિત સમાજ વ્યવસ્થાને જવાબદાર ગણી છે તો ઘણા સમાજવાદીઓએ અમીરી અને ગરીબી માટે આવકનાં સ્રોતોના સમાન વિભાજનની વાત કરી છે.

આઝાદીનાં આટલાં વર્ષો વીત્યાં છતાં ગરીબો લગભગ ત્યાંના ત્યાં જ રહ્યા છે. આઘાતજનક બાબત એ છે કે ઉપરથી સરકારી નીતિઓ એવી થતી રહે છે કે જે ગરીબને ગરીબ બનાવતી જાય છે. તેનાં હાલનાં કારણોમાં ઘણા ઉદારીકરણની નીતિને જવાબદાર ઠેરવે છે. આપણો દેશ ગામડાંઓનો બનેલો અને ખેતી પ્રધાન છે. તેવા સંજોગોમાં ગામડામાં વસતો વર્ગ જમીન ઉપર નિર્ભર હોય તે સ્વાભાવિક છે.

દેશમાં જમીન ઉપર નભતા વર્ગમાં પણ બે પ્રકારો મોટે ભાગે જોવા મળે છેઃ જમીનના માલિકો અને તેના મજૂરો. જુદા જુદા કાયદાઓ જમીન વિહોણાઓને જમીન આપવાના થયા છે પરંતુ અનુભવે સમજાયું છે કે કાયદાઓની સંખ્યાબંધ છટકબારીઓએ ગરીબોને જમીનોના ટુકડા ભેગા થવા દીધા નથી. આ લેખમાં જમીન મેળવવાની પ્રક્રિયા કેટલી અઘરી છે તેના અનુભવની વાત તથા તાજેતરમાં ગુજરાત સરકારે ઠરાવેલ કરેલા ઠરાવ દ્વારા ઉદ્યોગ ગૃહોને જમીનો આપવાનું નક્કી થયું છે. આવી રીતે જમીનો આપવાથી ગરીબોને શું મળશે એની ચર્ચા કરવામાં આવી છે.

સરકારી પડતર જમીન ફાળવવાની નીતિ

સરકારી બિન-ખેડાણલાયક પડતર જમીન મોટા ઉદ્યોગો અને સક્ષમ ખેડૂતોને ભાડાપટાથી આપવાની યોજના અંગેનો સરકારી ઠરાવ તા.૧૭.૫.૨૦૦૫ના રોજ બહાર પડી ગયો છે. આ યોજના અંગેની વર્તમાનપત્રોમાં પ્રાથમિક જાહેરાત થઈ ત્યારથી અત્યાર લગી આ અંગે વિવિધ મંતવ્યો પ્રગટ થતાં રહ્યાં છે. પરંતુ તેમાંથી ઉદ્ભવતા મુદ્દાઓ અંગે સત્તાવાર સ્પષ્ટીકરણોના અભાવે સૌ પોતપોતાનાં મંતવ્યો અનુસાર આ યોજનાની મુલવણી કરતા રહે છે એ પણ એક હકીકત છે.

યોજનાની વિસંગતતાઓ

યોજનાની મુખ્ય વિગતો જોતાં તેમાં પ્રથમ નજરે કેટલીક અધૂરપો અને વિસંગતતાઓ નજરે ચડે છેઃ

૧. ફાળવવાની જમીન 'ખેડી ન શકાય તેવી ડુંગરો કે રણની' હોય તેમાં ટપક સિંચાઈ સહિતની લઘુ સિંચાઈ વ્યવસ્થા ફરજિયાત કરવાની જોગવાઈ કઈ રીતે સંતોષાશે? 'ખેડી ન શકાય' તેવી જમીન ખેડવા આપવી એ વિરોધાભાસ નથી?
૨. જિલ્લાવાર આવી ફાળવવાપાત્ર જમીનોની લાઈનદોરી કરી તેની જાહેરાત કર્યા વિના કઈ જમીન ક્યાં ફાળવવાની છે તેની માગણીદારોને જાણકારી કઈ રીતે મળશે?
૩. જમીનની ફાળવણી માત્ર મોટાં ઉદ્યોગ ગૃહો અને સક્ષમ વ્યક્તિગત ખેડૂતોને કરવાની છે. આ લોકોની પસંદગી કરવાની પદ્ધતિ અને પાત્રતાના માપદંડો શું છે?
૪. ભાડપટો પૂરો થયો પછી વીસ વર્ષ પછી જમીનની સ્થિતિ શું રહેશે? સંબંધિત વ્યક્તિ કે ઉદ્યોગ ગૃહને આ જમીન માલિકીના ધોરણે આપી દેવાશે, પરત લઈ લેવાશે કે વધારાની મુદત માટે ભાડાપટે અપાશે?
૫. માત્ર બે જ શ્રેણીના લોકોને જમીન ફાળવવાનું અને તે સિવાય

જમીનવિહોણા ખેત મજૂરો, નાના ખેડૂતો, સીમાંત ખેડૂતો વગેરેને અગર ખેડૂત ન હોય તેવા સક્ષમ વ્યક્તિગત લોકોને જમીન ફાળવણીમાંથી બાદ રાખવાનું બંધારણીય રીતે ભેદભાવભર્યું નથી? તે શું સૌને સમાન તકો આપવાની બંધારણીય જોગવાઈના ભંગ સમાન નથી?

૬. પ્રોજેક્ટની મંજૂરીની પ્રક્રિયામાં કોઈ પણ પ્રકારનાં નીતિ-નિયમોની સ્પષ્ટતા કરાઈ નથી. માત્ર અધિકારી કક્ષાએ નિર્ણયની સર્વ સત્તા એકત્રિત થતાં ભ્રષ્ટાચાર અને વહાલા-દવલાની પ્રવૃત્તિને પ્રોત્સાહન નહીં મળે?
૭. સ્વતંત્રતા મળ્યા પછી જમીનદારી, જાગીરદારી અને મૂળભૂત રીતે ખેતી ન કરનારા જમીનદારો નાબૂદ કરી ભૂમિહીનોને કુટુંબક્ષેત્ર પૂરતી જમીનો મળી રહે તેવા એકમાત્ર હેતુથી જુદા જુદા જમીન સુધારણાના કાયદાઓ દ્વારા સમગ્ર ભારતમાં ખેતીની જમીનોનું વિકેન્દ્રીકરણ કરવાની નીતિ અપનાવાઈ છે. પ્રસ્તુત યોજના દ્વારા ખેતીની જમીનોના કેન્દ્રીકરણ તરફ વળવાનાં પારોઠનાં પગલાં ભરવા જેવી પરિસ્થિતિ શું ગુજરાતમાં નિર્માણ નહીં થાય?

રાજ્ય સરકારે જાહેર કરેલી આ નીતિ કોઈ લોકશાહી સંસ્થા કે જાહેર અગ્રણીઓ ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે વિચાર-વિમર્શ કર્યા વિના લીધેલું આ પગલું રાજ્યની સામાજિક અને આર્થિક સ્થિતિને છિન્ન-ભિન્ન કરી દે તેવી દહેશત ઊભી થઈ છે. દલિત અને લઘુમતી-બક્ષી પંચના છેવાડાના લોકો વારંવાર માગણી કરતા હોવા છતાં ખેતી માટે જમીનોની ફાળવણી થતી નથી અને હવે કોર્પોરેટ જગતને અપાશે તે ક્યાંનો ન્યાય?

દેશમાં છેલ્લાં ૫૦ વર્ષમાં થયેલા વિકાસની અગણિત આંકડાકીય માહિતીઓ વચ્ચે આ સુજલામ-સુફલામ ધરતીનો ગરીબ ખેડૂત રોજ દેશભરમાં ક્યાંક ને ક્યાંક આત્મહત્યા કરી રહ્યો છે. ક્યાંક સરકાર તેના ઉપર ગોળી ચલાવી રહી છે તો ક્યાંક તેને 'નક્સલી' કહીને 'એન્કાઉન્ટર' થઈ રહ્યું છે.

જમીન ટોચ મર્યાદા અંગેની બનાસકાંઠાની પરિસ્થિતિ

ગુજરાતની ૧૯૬૦માં સ્થાપના થયા પછી ગુજરાત સરકારે ૧૯૬૧ના કાયદા પ્રમાણે સમગ્ર રાજ્યની જમીનના નવ વિસ્તાર અને ચાર પ્રકાર પાડીને તેમાં જમીન માલિકીની ટોચ મર્યાદા નક્કી કરી. એ કાયદા મુજબ જમીનના પ્રકાર અને વિસ્તાર પ્રમાણે જમીનની માલિકી વધુમાં વધુ ૧૦ એકરથી માંડી ૫૪ એકર ઠરાવવામાં આવી. જે જમીન માલિક પાસે નક્કી થયેલી ટોચ મર્યાદા કરતાં વધુ જમીન હોય તો તે જમીન સરકાર ફાજલ કરીને જમીન વિહોણા ખેત મજૂરોને ફાળવી આપે છે.

બનાસકાંઠા જિલ્લામાં વાવ, થરાદ, ધાનેરા, દિયોદર વગેરે ટોચ મર્યાદાના વિસ્તાર તરીકે નવમા સ્થાનમાં આવે છે. અહીં ટોચ મર્યાદા ૫૪ એકર નક્કી થયેલી છે. આ વિસ્તારમાં 'બનાસકાંઠા જિલ્લા દલિત સંગઠન' દ્વારા દલિતોના-વંચિતોના માનવીય અધિકારો મેળવવાની મથામણ થતી રહી છે. સંગઠન વંચિતોની આજીવિકા સમાન જમીનના મુદ્દાને આગળ લેવા માટેનું નક્કી કરે છે અને તે માટેની પાયાની તમામ કામગીરી કરે છે. સંગઠનની ત્રણ વર્ષની કામગીરી બાદ ટોચ મર્યાદામાં સરકારને જમીન મળી છે એવી માહિતી સંગઠનને વાવ, થરાદ અને ધાનેરામાંથી પ્રાપ્ત થઈ. તેના આધારે દલિતો વચ્ચે કામ કરતા આ સંગઠન દ્વારા છેલ્લા એક વર્ષથી આ જમીન દલિતો અને અન્ય વંચિતોને ફાળવવામાં આવે તે માટેની કામગીરી ત્રણ તાલુકામાં કરવામાં આવી.

માહિતી એકત્રિત કરવાની પદ્ધતિ

૧. સૌ પ્રથમ સંસ્થા દ્વારા ત્રણેય તાલુકામાંથી મામલતદાર કચેરીમાં જમીન ટોચ મર્યાદા ધારા હેઠળ મળેલી જમીનના લાભાર્થીનાં રજિસ્ટર મેળવ્યાં.
૨. દરેક ગામમાં વ્યક્તિગત સંપર્ક કરીને જે લોકોને ટોચમર્યાદામાં મળેલી જમીનનો કબજો મળ્યો નથી તેવા લોકોનાં ફોર્મ ભરવામાં આવ્યાં. આ સર્વે દરમ્યાન જે માહિતી મળી છે તે આ સાથેના કોઠામાં રજૂ કરવામાં આવી છે.
૩. દરેક ગામમાં જમીન ચળવળ અંતર્ગત જમીન મેળવવા અંગે જાગૃતિ અંગેની મીટિંગો કરવામાં આવી.
૪. જમીન ટોચમર્યાદામાં મળેલી જમીનનો કબજો નથી મળેલો તેવા લાભાર્થીની તાલુકા દીઠ મીટિંગો બોલાવી અને જમીન ચળવળ માટે અનૌપચારિક માળખાં બનાવ્યાં.
૫. ત્રણેય તાલુકા માટે જમીન હક્ક રક્ષણ સમિતિ બનાવવાની કામગીરી ચાલુ કરી અને માહિતી તૈયાર કરીને આવેદનપત્ર આપ્યું.

જમીન ટોચમર્યાદા અંગેના પ્રશ્નો

સંગઠન દ્વારા ટોચ મર્યાદાની જમીન અંતર્ગત ફાળવાયેલી જમીન લાભાર્થીના નામે સરકારી ચોપડે હોય, પરંતુ તેના નીચેના પ્રશ્નો ઉકેલાયા નથીઃ

૧. ભૂમિહીન પરિવારને જમીન ફાળવાઈ હોય પણ જમીનનો કબજો સોંપાયો નથી.
૨. જમીન સુધારણાની સહાય ન મળેલી હોય.

૩. જમીનની માપણી ન થઈ હોય.
૪. મહેસૂલ સ્વીકારાતું ન હોય.
૫. તલાટી પાણી પત્રક ભરતા ન હોય.
૬. ભૂમિહીન મજૂરોને સરકાર દ્વારા ગણોતની અપાયેલી જમીન અને સરકારી રેકોર્ડ ઉપર બોલતી જમીનના સર્વે નંબર જુદા જુદા હોય.
૭. ૭-૧૨નો ઉતારો, આઠ (અ) અને હક્ક પત્રક નંબર-૬ ન મળતા હોય.
૮. માથાભારે બિન-દલિતો લાભાર્થી પાસેથી પરાણે રાજીનામું લખાવી લે.
૯. રાજ્યના વહીવટી તંત્ર સાથે સાંઠગાંઠ ધરાવતા લોકો લાભાર્થીના નામનું નકલી રાજીનામું રજૂ કરીને તેને જમીનથી વંચિત રાખતા હોય છે.
૧૦. લાભાર્થીને તેમને જમીન ક્યાં આપી એની ખબર સુદ્ધાં ન હોય.
૧૧. કેટલીક જમીનો અન્ય લોકોને વહેંચી નાખવામાં આવી છે.
૧૨. ટોચ મર્યાદામાં જમીન ગુમાવનાર જૂના માલિકોમાંથી ઘણા લોકોએ સરકાર સામે કેસ દાખલ કર્યા છે. પણ હજુ તેનો કોઈ ફેંસલો૧ આવ્યો નથી.
૧૩. શરત ભંગ થયો હોય.

જમીન હક્ક ન મેળવી ન શકવા પાછળનાં કારણો

દલિતો અને વંચિતો તેમની જમીનો મેળવી શકતા નથી તેનાં કારણો નીચે મુજબ છેઃ

૧. તલાટી દ્વારા ખોટી માહિતી અપાતી હોય.
૨. જમીન લેવાથી ગામ લોકો સાથે ઝઘડા થવાનો ભય.
૩. પોતાને મળેલા જમીનના અધિકારથી અજ્ઞાન.
૪. માથાભારે લોકોનું જમીન પર દબાણ અને જમીન લેવા જાય તો અત્યાચારનો ભોગ બનવું પડે.
૫. બિન-પિયત જમીન હોવાથી પણ લોકોમાં થોડીઘણી જમીન મેળવવા પ્રત્યે અરુચિ.
૬. વ્યક્તિગત રીતે જમીન એકલા હાથે મેળવવાના આત્મવિશ્વાસનો અભાવ.

સંગઠન દ્વારા દરેક તાલુકામાં મીટિંગ બોલાવવામાં આવેલી. તેમાં દરેક લાભાર્થી પાસેથી ૭/૧૨, ૮-અ અને ૬ હક્ક પત્રક, ખાતાવહી મંગાવવામાં આવી હતી. આવેલા દસ્તાવેજોમાં કુલ લાભાર્થીમાંથી ૫૨ લાભાર્થીના દસ્તાવેજ અંગેની માહિતી મેળવી છે. તેમાંથી ૪૨ લોકોને નામે જમીન જોવા મળે છે. ૧૦ લોકોની જમીન શરત ભંગ થયેલી છે. આ રીતે લોકોને જમીન મેળવવામાં તકનિકી સમસ્યા નડે છે.

વાવ, થરાદ અને ધાનેરા તાલુકામાં લોકો સાથે સતત સંપર્ક અને ચળવળમાં ૨૬૭ લોકો તૈયાર કરી શક્યા છીએ. આ સિવાય ૫૦થી ૬૦ લાભાર્થીઓ એવા છે કે જેમના નામે સરકારી રેકોર્ડમાં કબજો બોલે છે, પણ ભોગવટો કરી શકતા નથી. પરંતુ લાભાર્થીએ સંગઠનને એક યા બીજી રીતે માહિતી આપેલી ન હોવાથી માહિતી આમાં સામેલ કરવામાં આવેલી નથી.

સંગઠનની માગણીઓ

જમીન મેળવવા માટે જે માગણીઓ સરકાર સમક્ષ સંગઠન દ્વારા કરવામાં આવી છે તે નીચે મુજબ છેઃ

૧. જે જમીનોના પ્રત્યક્ષ કબજા સોંપાયા નથી તેમની જાહેરાત બાદ સમિતિના પ્રતિનિધિની હાજરીમાં જમીન ખાતેદારને સોંપવામાં આવે.
૨. દલિતો ઉપર ગુજારવામાં આવતા અત્યાચારો ગંભીર છે. ગુજરાત સરકાર દ્વારા બનાસકાંઠા જિલ્લાને સંવેદનશીલ જાહેર કરવામાં આવે.
૩. જમીનનો સવાલ મિલકતને લગતો હોઈ, દલિતો પરના અત્યાચારનું તે મુખ્ય કારણ જમીન રહ્યું છે. જ્યારે કબજો સોંપવામાં આવે ત્યારે અત્યાચારો ન થાય તથા કાયદો અને વ્યવસ્થાના સવાલો ઊભા ન થાય તેની પૂરતી વ્યવસ્થા અગાઉથી કરવામાં આવે.
    (અ) જમીન ઉપર જેનું દબાણ છે તેમની અત્યાચાર ધારાની વિશિષ્ટ જોગવાઈઓ જેવી કે કલમ-૭ની જોગવાઈને આધારે તેમના પાકા જામીન લેવા.
    (બ) સંવેદનશીલ ગામોમાં પોલિસ રક્ષણની વ્યવસ્થા કરવી.
૪. જ્યાં જમીનની માપણીના સવાલો છે ત્યાં યુદ્ધના ધોરણે માપણીનું કામ સંપૂર્ણ કરવામાં આવે.
૫. ભૂમિહીનોને સોંપવામાં આવેલી જમીનો પરનું દબાણ તાત્કાલિક દૂર કરવામાં આવે.
૬. જમીન અંગેના રેકોર્ડમાં અનિયમિતતાઓ હોય તો સુધારા-વધારા કરવામાં આવે અને ખાતાવહી તાત્કાલિક પૂરી પાડવામાં આવે.
૭. શરત ભંગ થયેલી જમીન પરત લાભાર્થીને મળે તેમ કરવું.

ઉપસંહાર

'બનાસકાંઠા જિલ્લા દલિત સંગઠન' દ્વારા જમીન ટોચ મર્યાદા હેઠળ મળેલી જમીનો વંચિતોને મળે તે દિશાની મથામણ આ રીતે ચાલી

બનાસકાંઠા જિલ્લામાં ટોચમર્યાદાની ફાજલ જમીનની દલિતોને થયેલી ફાળવણીની સ્થિતિ

ક્રમ	તાલુકો સંખ્યા	ગામની સંખ્યા	લાભાર્થીની એકર/ગુંઠા	કુલ જમીન મળેલ	ખાતાવહી ન થયેલ	માપણીની ઉપર દબાણ	જમીન/શરતભંગ
૧	વાવ	૨૧	૧૬૭	૫૬૬.૩૯	૯૧	૧૬૭	૧૬૭૧૧
૨	થરાદ	૧૪	૩૭	૮૩૧૦	૩૨	૩૭	૩૭૦૪
૩	ધાનેરા	૦૭	૨૩	૯૯.૧૬	૦૮	૧૬	૨૩૦૩
કુલ	**૦૩**	**૪૨**	**૨૨૭**	**૭૪૮.૬૫**	**૧૩૧**	**૨૨૦**	**૨૨૭૧૮**

રહી છે. તેમાં હજુ તેને પૂરતી સફળતા મળી નથી, ત્યાં ગુજરાત સરકાર દ્વારા તા.૧૭.૫.૨૦૦૫ના રોજ કરેલા ઠરાવથી “આધુનિક ટેક્નોલોજીના ઉપયોગથી સરકારી પડતર જમીનને ખેતી લાયક બનાવવાની” જે નીતિ અખત્યાર કરવામાં આવી છે તેનાથી વંચિતને તેમનાં ફળ મળવાનાં નથી.

ગામની સીમમાં ફાજલ પડેલી સરકારી પડતર જમીન પર ગામના ભૂમિહીન ખેતમજૂરો, નાના ખેડૂતો, દલિતોનો સૌ પ્રથમ અધિકાર હોવો જોઈએ. તેથી ગામની સરકારી, ગૌચર કે પડતર જમીન આપવાનો વિચાર કરવાનો જ હોય તો આ જમીન આપવા માટે ભૂમિહીન ખેત મજૂરો, દલિતો તથા નાના-સીમાંત ખેડૂતોને પ્રથમ પસંદગી આપવી જોઈએ. તે ઉપરાંત, આ જમીનોનો વિકાસ તેઓ કરી શકે તે માટે આવા લોકોને જમીનો ફાળવી તેમને જરૂરી બીજ, ખાતર, પાણી, જતું નાશક દવાઓ, ટપક પદ્ધતિની સિંચાઈ વ્યવસ્થા અને સઘન માર્ગદર્શન શિબિરો દ્વારા તાલીમ અને અન્ય જરૂરી વ્યવસ્થાઓ પૂરાં પાડવાં જોઈએ. સરકાર દ્વારા જળસ્રાવ વિસ્તાર વિકાસ કાર્યક્રમ હાથ ઉપર લેવાયેલો છે. આ મહત્ત્વના કાર્યક્રમમાં ગામનું પાણી ગામમાં તથા સીમનું પાણી સીમમાં રહે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

તેવી જ રીતે ગામની જમીનો ગામમાં જ રહેવી જોઈએ, તેને બહારના લોકોને આપી ગરીબોને અન્યાય ન કરવો જોઈએ. જ્યારે ઉદ્યોગોને જમીનો અપાય ત્યારે વધારે મુસીબત ઊભી થશે. આજ સુધી પંચાયત અને ગ્રામ સભાને ગામના વિકાસ માટે સરકારે સત્તાઓ આપી છે. જમીનના મુદ્દે પંચાયત તથા ગામની સંપૂર્ણપણે અવગણના થઈ છે, એટલે પંચાયત જમીન ફાળવવામાં કોઈ ભૂમિકા ભજવી શકશે નહીં. આ રીતે લોકશાહીનું ખૂન થયું છે. ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલો બિન-ખેડાણલાયક પડતર જમીન અંગેનો આ ઠરાવ ગરીબો માટે ખરેખર જ પ્રાણઘાતક બની શકે છે. તેને તાત્કાલિક પરત ખેંચી લેવો જોઈએ તથા ગરીબોનું હિત ધરાવતો જી.આર. કરવો જોઈએ. આવા સમયે સમગ્ર વંચિત સમાજે તેના આજીવિકાના સાધન એવા જમીનના મુદ્દે એકતા સાધી જમીન મેળવવવાની ચળવળ ચલાવવાનો સમય પાકી ગયો છે.

ગ્રામ સ્વરાજ સમિતિ

ગુજરાતમાં ગ્રામ સ્વરાજ ક્ષેત્રે કામ કરતી ‘ગ્રામ સ્વરાજ સમિતિ’એ જે પાયાના મુદ્દાઓ આ ઠરાવના સંદર્ભમાં ઉઠાવ્યા છે તે સમજવા જેવા છે:

(૧) દેશના વડા પ્રધાને લગભગ બે દાયકા અગાઉ એક ખૂબ જ મહત્ત્વની યોજના રાજ્ય સરકારોને સૂચવી હતી. એ યોજનાના હેતુ ત્રણ હતા:
   ૧. દેશનાં કપાતાં જંગલો બચે,
   ૨. નવાં વૃક્ષો વવાય અને જંગલ વિસ્તાર વધે, અને એ કામમાંથી
   ૩. ગામડાંના ગરીબોને રોજી રોટી મળી રહે.

આ માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, પછાત અને ભૂમિહીન ખેત મજૂરો અને ગરીબ ખેડૂતોને સરકારી પડતર જમીન આપવાની એ યોજના હતી. એના પર અમલ કરવા સારુ ગુજરાત સરકારે આજથી અઢાર વર્ષ પહેલાં તા. ૧-૧-૧૯૮૭ના રોજ એક આદેશ બહાર પાડી ઉપર કહ્યા તેવા ગરીબોને ખેડી ન શકાય તેવી પડતર જમીન આપવાની વાત હતી. પણ ગરીબોને જમીનો આપવા આ બધી ઊઠવેઠ કરવામાં કોને રસ હોય! ઊલટું, ગરીબોની જમીન ન ઝૂંટવાય તે માટે જે સારા કાયદા હતા તે પણ સરકારે રદ કર્યા. દા.ત. ૮ કિ.મિ.નો કાયદો નવી શરતનો કાયદો વગેરે રદ કર્યા. પરિણામે હજારો ગરીબોની જમીન ઝૂંટવાઈ ગઈ. એટલું જ નહિ, ગરીબોને જમીનો અપાવવા માટે જે જે પ્રયત્નો થયા તેમને પણ આ લોકોએ ફાવવા દીધા નથી. આ ૧૮ વર્ષમાં આ હુકમ પ્રમાણે ગરીબોને જમીન આપવા શું શું પ્રયત્નો થયા તે પણ સરકારે આપણને કહ્યું નથી અને ખાલી એમ કહી દીધું કે એ સરકારી નીતિ નિષ્ફળ ગઈ છે.

(૨) હમણાં તા. ૧૬.૩.૨૦૦૫ના રોજ રાજ્યના મુખ્ય સચિવે જિલ્લાઓના સંબંધિત અધિકારીઓને કાગળ લખી હુકમ કર્યો કે ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં ગામડાના ગરીબોને ૧૨૫૦૦ એકર જમીન વહેંચી આપો. એમનો કાગળ ૧ મહિનો ને ૨૦ દહાડા ધૂળ ખાતો પડી રહ્યો. તા. ૫.૫.૨૦૦૫ના રોજ એ તાલુકા તરફ રવાના કરાયો. ત્યાર પછી બાર જ દિવસ બાદ બીજો એક સરકારી હુકમ બહાર પડ્યો. તેમાં કહેવાયું કે ગરીબોને જમીન આપવાની સરકારી નીતિ સફળ થઈ નથી.

તેથી મોટાં ઉદ્યોગ ગૃહોને અને સક્ષમ ખેડૂતોને બબ્બે હજાર એકર સુધી સરકારી બિન-ખેડાણલાયક પડતર જમીન આપવાનું નક્કી થયું છે. જેમની પાસે કરોડો રૂપિયા છે તેમને ઉપરથી બબ્બે હજાર એકર જમીન સાવ નજીવા ભાડે આપશે. આને માટે સરકારી તંત્રમાં ઉપરથી નીચે સુધી બધાને ભારે ઊમળકો છે. ધરાયેલાને ધરવવાની અને ગરીબને ગરીબ જ રાખવાની આ નીતિ છે.

(૩) સરકારી પડતર જમીન આપવા માટે કાઢવી જ હોય તો એના પર સૌ પ્રથમ અધિકાર ગામના ભૂમિહીનોનો છે. ત્યાર બાદ સીમાન્ત અને નાના ખેડૂતોનો છે. એમને આપ્યા પછી પણ જમીન વધતી હોય તો ગામના મોટા ખેડૂતોને આપો, ગામની જમીન ગામમાં જ રહેવી જોઈએ. આ લોકો જન્મજાત ખેડૂતો છે. ખેતી એમના લોહીમાં છે, છતાં સરકારને જરૂર લાગે તો એમને નવી ટેક્નોલોજી શિખવવા શિબિરો કરો, બી, પાણી, ખાતર, રોકડ આપો, પણ આ બહાને બહારનાને ગામની જમીન આપશો નહીં.

(૪) ઉપર કહ્યું તેમ સરકારી કર્મચારીઓએ ગરીબોને જમીન આપવા શું શું પ્રયત્નો કર્યા તે જનતાને જણાવવાની જવાબદારી સરકારને માથે હતી. તે બજાવ્યા વિના જ આ નવો નિર્ણય જાહેર કર્યો. બબ્બે હજાર એકર જમીન કોને આપવી તેનો નિર્ણય કરવા બે સમિતિઓ બની છે. બેમાંથી એક પણ સમિતિ પર જનતાના કોઈ માણસ નથી. એક સમિતિ પર બે મંત્રી છે તે સરકારના જ માણસ ગણાય. જનતાને શું પૂછવું એવો ઘમંડ સરકારને હોય એમ લાગે છે.

સરકાર પોતાને જમીનની માલિક સમજે છે. ખરી વાત એ છે કે આપણી સરકારોએ 'વિશ્વ વ્યાપાર સંગઠન'ને કાંડાં કાપી આપ્યાં છે, અને તેથી એણે આ મોટી મોટી કંપનીઓ હજારો એકર જમીન પર આધુનિક ઢબે ખેતી કરે તે માટે એમને જમીન આપવાની દિશાનાં પગલાં ભરવા માંડ્યાં છે. આ સંગઠન આપણી સરકારોને શિખવે છે કે ખેડૂતોને સબસિડી આપો છો તે ન આપો. વીજળી, પાણી, ખાતર સસ્તાં ન આપો ગરીબોને સસ્તું અનાજ ન આપો, મફત દવા ન આપો વગેરે. એ શિખવે છે કે જમીન, પાણી, નદીઓ અને સમુદ્રની મૌલિક સરકાર છે.

(૫) વાસ્તવમાં જળ, જંગલ, જમીન, નદી, સમુદ્ર બધાં ભગવાનનાં સરજેલાં છે તેથી ગ્રામ સ્વરાજ સમિતિ મારફત ચાલતા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને અતિ પ્યારા ગ્રામ સ્વરાજ આંદોલનમાં આપણે સવાલ ઉઠાવ્યા છે; પૃથ્વી પર પહેલું આવ્યું કોણ? સમાજ કે સરકાર? સરકારે સમાજને બનાવ્યો કે સમાજે સરકારને બનાવી? તો પછી -
(૧) જમીનનું માલિક કોણ? સમાજ કે સરકાર?
(૨) નદીઓનું, સમુદ્રોનું, તળાવોનું માલિક કોણ? સમાજ કે સરકાર?
(૩) ભૂતળ પાણીનું માલિક કોણ? સમાજ કે સરકાર?

દુનિયા આખીમાં આ સવાલ ચર્ચાય છે, અને બધેથી એક જ જવાબ મળે છે કે જળ, જંગલ, જમીન, સમુદ્ર વગેરે કુદરતી સાધનોની માલિક સરકાર નથી જ નથી. આપણા દેશની સર્વોચ્ચ અદાલત પણ કહે છે કે કુદરતી સાધનોની માલિક સરકાર નથી. આ બધું ભગવાનનું

બનાવેલું છે. જમીન ઈશ્વરે આપેલી ચીજ છે. એ કારખાનાંઓમાં ઉત્પન્ન કરી શકાતી નથી.

તુલસીદાસજીએ કહ્યું છે તેમ - સબૈ ભૂમિ ગોપાલકી, સબ સંપત રઘુરાય કી. અને સમાજ નારાયણ એ જ સાક્ષાત્ ભગવાન છે તેથી આ બધાનો માલિક સમાજ છે. તો પછી સરકારની ભૂમિકા શું? સરકાર તો આ સાધનોની કેવળ ટ્રસ્ટી છે. એણે એનો ઉપયોગ સમાજના હિત માટે, સમાજને સાથે રાખીને કરવાનો છે.

શ્રી ઈન્દુકુમાર જાની
તંત્રી, 'નયા માર્ગ'

છેલ્લા કેટલાક દાયકાઓ દરમ્યાન ગ્રામીણ વિસ્તારોમાં વસ્તીવૃદ્ધિના દર કરતાંય વધારે દરે ખેત મજૂરોની સંખ્યા વધી રહી હોવાની ચિંતા રાષ્ટ્રીય ગ્રામીણ મજૂર પંચે (૧૯૯૧) વ્યક્ત કરી હતી. આ બાબત ગુજરાત રાજ્યને સૌથી વધુ લાગુ પડે છે. ગુજરાતની વસ્તી કંઈ દર બે દાયકે બમણી નથી થતી પરંતુ ખેત મજૂરની સંખ્યા દર બે દાયકે બમણી થવા પામે છે.

ગુજરાત રાજ્ય ૧૯૬૦માં અસ્તિત્વમાં આવ્યું. ૧૯૬૧માં ખેત મજૂરોની સંખ્યા ૧૨.૧૫ લાખ હતી તે ૧૯૮૧માં બમણાથી વધુ ૨૪.૮૮ લાખ થઈ. ફરી દાયદા બાદ ૨૦૦૧માં તે બમણાથી વધુ, એટલે કે, ૫૧.૫૯ લાખ થવા પામી! જે સંખ્યા ૨૦૦૫માં હજીયે વધી હશે! આમ ખૂબ જ વિકસિત ગણાતા ગુજરાત રાજ્યમાં ગ્રામીણ સ્તરે નાના અને સીમાંત ખેડૂતો જમીનો ગુમાવતા જાય છે અને ભુમિહીન ખેત મજૂરોની ફોજમાં જોડાતા જાય છે. બીજી બાજુ, સમગ્ર દેશમાં ગુજરાત રાજ્યમાં શહેરીકરણનો દર ઊંચો છે એટલે દિવસે દિવસે શહેરોમાં ઝૂંપડપટ્ટીઓ વધતી જાય છે. ગ્રામીણ ખેત મજૂરોને ચોમાસા પછી ફરજિયાત હિજરત કરવી પડે છે.

આનો હાથવગો અને સાચો ઉપાય એ છે કે, સરકારી પડતર જમીનો આ ભૂમિહીન ખેત મજૂરોને આપી દેવી. આવી ૧૯.૮૪ લાખ હેક્ટર ખેડાણલાયક પડતર જમીન સરકાર હસ્તક છે જ. તે આ વંચિત જનસમૂહોને તાત્કાલીક આપી દેવી જોઈએ. આ ઉપરાંત ગુજરાત રાજ્યમાં ૨૫.૯૯ લાખ હેક્ટર જમીન બિનખેડાણલાયક પડતર છે. આ જમીનોને ખેડાણલાયક બનાવવા માટે ભૂમિહીનોને સંસાધનો આપવાં જોઈએ, જેના વડે જમીન વિકસાવીને તેઓ આજીવિકા રળી શકે.

આવો સીધો રસ્તો અપનાવવાને બદલે ગુજરાત સરકારે આવી જમીનો ઔદ્યોગિક ગૃહો તેમ જ સક્ષમ ખેડૂતોને વીસ વર્ષના ભાડાપટે ખેતી માટે આપવાનો નિર્ણય કર્યો છે. ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો આપવા જેવી આ વાત છે. એક બાજુ પચાસ લાખ ઉપરાંત વંચિત ખેત મજૂરોને કુટુંબની આજીવિકા રળવા માટે એકાદ ટુકડો જમીન મળતી નથી અને બીજી બાજુ સંપન્ન લોકોને વધુમાં વધુ ૨૦૦૦ એકર જેટલી જમીન વીસ વર્ષ માટે અપાશે. વળી, આવી જમીનો ૧૮૮ લાખ હેક્ટરના આશરે ચોથા ભાગની (૪૫.૮૩ લાખ હેક્ટર) છે.

ગુજરાત રાજ્ય સરકારનો એવો દાવો છે કે, રાજ્યની બિન-ખેડાણલાયક પડતર જમીન ઉદ્યોગ ગૃહો અને સક્ષમ ખેડૂતોને ભાડાપટે આપવાના નિર્ણયથી ખેત મજૂરો અને કુશળ કામદારો માટે રોજગારીની નવી તકો ઊભી થશે. આ દાવો બેબુનિયાદ છે. આવી જમીનો ૨૦૦૦ એકરથી ઓછી હશે તો પણ એ વિશાળ જથ્થામાં અપાવાની છે. એટલે એમાં ખેતીનું યાંત્રીકરણ થવાનું, એ ખેતી માનવશ્રમ આધારિત નહીં હોય આમેય છેલ્લાં કેટલાંક વર્ષોથી હાર્વેસ્ટર્સ તો આવી ચુક્યાં છે. વળી, ખુદ સરકારે આગ્રહ સેવ્યો છે કે ખેતી આધુનિક ટેક્નોલોજીથી કરવાની રહેશે. આ સંજોગોમાં ખેત મજૂર માટે તો કુટુંબ સાથેનો રઝળપાટ અને દર દર ભટકવાનું નિર્માયું છે. એવું લાગે છે કે આ વંચિત જનસમૂહોને તો સરકાર રામભરોસે જ છોડવા ઈચ્છે છે.

આ સરકારી પડતર જમીનો જેમને અપાશે એમની પાસેથી પ્રથમ પાંચ વર્ષ તો કોઈ ભાડું લેવાશે નહિ અને ત્યાર પછીનાં વર્ષોમાં પણ માત્ર પ્રતીકરૂપ ભાડું લેવાશે, એટલું જ નહીં, જ્યારે વેલ્યુ એડેડ ઉત્પાદનનો પ્રોજેક્ટ શરૂ થાય પછી તો ક્ષુલ્લક ભાડું પણ અડધું થઈ જશે... દેનેવાલા જબ ભી દેતા પૂરા છપ્પર ફાડકે દેતા! વૈશ્વિકીકરણ, ખાનગીકરણ અને ઉદારીકરણના આજના માહોલમાં આમેય ગરીબ અને અમીરની ખાઈ વધતી ગઈ છે. જે હજીય વધતી જશે... એ ખીણમાં તબદીલ થશે, જેમાં પડીને ગરીબો માટે આપઘાત કરવા સિવાય કોઈ વિકલ્પ નહીં બચ્યો હોય!

એક બાજુ ગરીબીની રેખા હેઠળ જીવતાં કુટુંબોને બીપીએલ રેશન કાર્ડ અપાતાં નથી, વિધવા અને નિરાધારોને સહાય મળતી નથી, મફત ગાળાના પ્લોટો આપવાનું બંધ જેવું છે, ખેત મજૂરોના લઘુતમ વેતનમાં વધારો થતો નથી અને હાલનું રૂ. ૫૦નું લઘુતમ વેતન ચૂકવાતું નથી. બીજી બાજુ ક્યાંક વેઠિયા જેવું તો ક્યાંક ચાકર-પનિહારી પ્રથા તળે ગુલામ જેવું જીવન આ ભૂમિહીન પરિવારોને જીવવાની ફરજ પાડવામાં આવે છે.. ગરીબી અને બેરોજગારીએ જન્માવેલો ભૂખ્યાંજનોનો જઠરાગ્નિ આગામી દિવસોમાં તબાહી ન વેરે એ પહેલાં સરકાર આ પગલું પાછું ખેંચશે? વંચિતોને જમીનો આપશે?

સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ માટે ૧૨મા નાણાં પંચની ભલામણો

કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારોને કેન્દ્ર સરકારની કર આવકમાંથી કેટલું અનુદાન આપવું તે નક્કી કરવાનું કામ દર પાંચ વર્ષે નીમવામાં આવતું નાણાં પંચ કરે છે. ૧૯૯૨માં ૭૩મા અને ૭૪મા બંધારણ સુધારા થયા પછી આ કેન્દ્રીય નાણાં પંચે પંચાયતો અને પાલિકાઓને પણ કેન્દ્ર સરકાર તરફથી અનુદાન મળે તેની જોગવાઈ કરવા માંડી. આ લેખમાં **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા ૧૨મા નાણાં પંચે આ અંગે શી ભલામણો કરી છે તેની વિગતો ટૂંકમાં આપવામાં આવી છે.

પ્રસ્તાવના

નાણાં પંચની જોગવાઈ બંધારણમાં કરવામાં આવી તેનું કારણ એ હતું કે રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકાર વચ્ચે આવક અને ખર્ચની બાબતમાં અસંતુલન ઊભું થતું હતું. બંધારણમાં કરાયેલી જોગવાઈઓથી રાજ્ય સરકારોએ કરવાનાં કામો વધારે અને આવકનાં સાધનો ઓછાં અને કેન્દ્ર સરકારે કરવાનાં કામો ઓછાં અને આવકનાં સાધનો વધારે એવી આવક અને ખર્ચ વચ્ચેના અસંતુલનની પરિસ્થિતિ ઊભી થતી હતી.

આ પરિસ્થિતિને બદલવા માટે નાણાં પંચની જોગવાઈ બંધારણમાં જ કરવામાં આવી. આમ, બંધારણીય જોગવાઈઓ અનુસાર જ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર વચ્ચે કામો અને કરવેરાની વહેંચણી અને ફાળવણીથી જે રાજકોષીય અસંતુલન ઊભું થતું હતું તે અસંતુલન દૂર કરવાની જોગવાઈ પણ બંધારણમાં કરવામાં આવી.

૧૯૯૨માં ૭૩મા અને ૭૪મા બંધારણ સુધારાએ જ્યારે પંચાયતો અને પાલિકાઓને ભારતના સમવાયી માળખામાં ત્રીજા સ્તરની સરકાર બનાવી ત્યારે કેન્દ્રીય નાણાં પંચોએ પંચાયતો અને પાલિકાઓને પણ કેન્દ્ર સરકાર તરફથી અનુદાન મળે તેની ભલામણો કરવા માંડી. દસમા, અગિયારમા અને બારમા નાણાં પંચે જે ભલામણો આ અંગે કરી છે તે આ સંદર્ભમાં ઘણી અગત્યની છે. બારમા નાણાં પંચે એ ઉપરાંત જે ભલામણો કરી છે તે પણ અહીં જણાવાઈ છે.

કેન્દ્ર સ્તરે કાનૂની જોગવાઈ

ભારતમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના નાણાકીય સંબંધો અંગે ઘણી જોગવાઈઓ બંધારણમાં કરવામાં આવી છે. એમાંની એક જોગવાઈ નાણાં પંચ અંગેની છે. કેન્દ્રની આવકની વહેંચણી કેટલા પ્રમાણમાં અને કેવી રીતે કરવી એ નક્કી કરવાનું કામ આ નાણાં પંચનું છે. આ નાણાં પંચ અંગે બંધારણની કલમ-૨૮૦માં જે જોગવાઈ કરવામાં આવી છે તે નીચે મુજબ છે:

(૧) બંધારણની સ્થાપના થયા પછી રાષ્ટ્રપતિ બે વર્ષમાં નાણાં પંચની નિમણૂક કરે અને પછી દર પાંચ વર્ષે નિમણૂક કરે અથવા રાષ્ટ્રપતિને જરૂરી લાગે તો તેનાથી વહેલા નિમણૂક કરે.

(૨) નાણાં પંચમાં એક અધ્યક્ષ હોય અને બીજા ચાર સભ્યો હોય. તેમની નિમણૂક રાષ્ટ્રપતિ કરે.

(૩) સંસદ કાયદો પસાર કરીને પંચના સભ્યોની લાયકાતો નક્કી કરી શકે છે અને કેવી રીતે તેમની પસંદગી કરવી તે પણ નક્કી કરી શકે છે.

(૪) નાણાં પંચ રાષ્ટ્રપતિને નીચેની બાબતો વિશે ભલામણો કરે:

   ૧. વેરાઓની ચોખ્ખી આવકની કેન્દ્ર અને રાજ્યો વચ્ચે વહેંચણી અને આવી આવકની રાજ્યો વચ્ચે વહેંચણી.
   ૨. ભારતના એકત્રિત ભંડોળમાંથી રાજ્યોને અપાતા અનુદાન અંગેના સિદ્ધાંતો.
   ૩. રાજ્યના નાણાં પંચે કરેલી ભલામણોના આધારે રાજ્યમાંની પંચાયતોનાં સંસાધનોને પૂરક બનવા માટે રાજ્યનું એકત્રિત ભંડોળ વધારવા માટે જરૂરી પગલાં (૭૩મા સુધારાથી દાખલ).
   ૪. રાજ્ય નાણાં પંચે કરેલી ભલામણોના આધારે રાજ્યમાંથી પાલિકાઓનાં સંસાધનોને પૂરક બનવા માટે રાજ્યનું એકત્રિત ભંડોળ વધારવા માટે જરૂરી પગલાં (૭૪મા સુધારાથી દાખલ).
   ૫. મજબૂત નાણાકીય વ્યવસ્થાના હિતમાં રાષ્ટ્રપતિ અન્ય જે કોઈ બાબતો પંચને સોંપે તે.

(૫) સંસદ કાયદો પસાર કરીને પંચને તેનાં કાર્યો માટેની સત્તાઓ સોંપી શકે છે અને પંચ તેની કાર્યવાહીઓ નક્કી કરી શકે છે.

(૬) નાણાં પંચની ભલામણો ખુલાસાપત્ર સાથે અને તેના પર લેવાયેલાં પગલાં સાથે સંસદના દરેક ગૃહમાં રજૂ થાય તેની કાળજી રાષ્ટ્રપતિ લેશે.

૧૯૭૨માં ૭૩મા અને ૭૪મા બંધારણ સુધારા કરાયા પછી આ કેન્દ્રીય નાણાં પંચોએ પણ પંચાયતો અને પાલિકાઓને કેન્દ્રની કર આવકમાંથી અનુદાન તરીકે નાણાં ફાળવવાનું નક્કી કર્યું છે. તે મુજબ દસમા નાણાં પંચથી આ રકમ ફાળવવાનું શરૂ થયું છે. પંચાયતો અને પાલિકાઓને ૧૦મા, ૧૧મા અને ૧૨મા નાણાં પંચની ભલામણોથી કેટલું અનુદાન મળ્યું તેની વિગતો આ સાથેના કોઠામાં આપવામાં આવી છે. આ અનુદાનની રકમ કેન્દ્ર સરકાર પાસેથી રાજ્ય સરકાર પાસે આવે છે અને રાજ્ય સરકાર તે રકમ પછી પંચાયતો અને નગરપાલિકાઓને અનુદાન તરીકે સોંપે છે.

પંચાયતો અને પાલિકાઓ માટેની ભલામણો

૧૨મા નાણાં પંચે પંચાયતો અને પાલિકાઓના સંદર્ભમાં કરેલી ભલામણો નીચે મુજબ છે:

(૧) પંચાયતોને પાણી પુરવઠા અને સફાઈ સંબંધી અસ્કામતો હસ્તગત કરવા માટે તેમ જ અનુદાનનો ઉપયોગ તેના સમારકામ અને પુનર્નિર્માણ માટે તથા તેમને લગતી કામગીરી અને સંચાલન માટે કરવા પ્રોત્સાહન આપવું જોઈએ. જો કે, પંચાયતોએ આવર્તક ખર્ચના કમ-સે-કમ ૫૦ ટકા જેટલી રકમ વપરાશકારો પાસેથી વસૂલ કરવી જોઈએ.

(૨) પંચાયતોને ફાળવવામાં આવેલા અનુદાનમાંથી પાણી પુરવઠા અને સફાઈના કામગીરી અને સંચાલન ખર્ચને પ્રાથમિકતા આપવી જોઈએ. એનાથી યોજનાઓ હસ્તગત કરવા અને તેમને ચલાવવામાં પંચાયતો માટે સરળતા ઊભી થશે.

(૩) ગ્રામ વિસ્તારોમાં પાણી પુરવઠા અને સફાઈની કામગીરી અને સંચાલન માટેના ખર્ચ ઉપરાંત પંચાયતોએ તેમને ફાળવવામાં આવેલા અનુદાનમાંથી માહિતીનો પાયો ઊભો કરવા માટેના ખર્ચને અને હિસાબોની જાળવણી માટેના ખર્ચને પ્રાધાન્ય આપવું જોઈએ. તે માટે જ્યાં શક્ય હોય ત્યાં આધુનિક ટેક્નોલોજીનો અને સંચાલન વ્યવસ્થાઓનો ઉપયોગ કરવો જોઈએ.

(૪) શહેરી સ્થાનિક સંસ્થાઓ માટે દરેક રાજ્યને આપવામાં આવેલા અનુદાનની રકમમાંથી કમ-સે-કમ અડધી રકમ ઘન કચરા સંચાલનની પાલિકા અને ખાનગી ક્ષેત્રની ભાગીદારી માટે ફાળવાય. તેમાં નગરપાલિકાઓએ ઘન કચરાના એકત્રીકરણ, ઘન કચરાને અલગ પાડવો અને તેના પરિવહન ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું. પાલિકા પોતે આ પ્રવૃત્તિઓ કરે કે બીજા પાસે કરાવે તો પણ તેનું ખર્ચ આ અનુદાનમાંથી થઈ શકશે.

(૫) શહેરી વિસ્તારોમાં પાલિકાઓએ જ્યાં શક્ય હોય ત્યાં આધુનિક ટેક્નોલોજી અને સંચાલન વ્યવસ્થાના ઉપયોગ દ્વારા માહિતીનો પાયો ઊભો કરવા માટેના અને હિસાબોની જાળવણી માટેના ખર્ચને ઉચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ. શહેરી વિસ્તારોમાં મિલકતોના નકશા બનાવવા માટે અને નાણાકીય સંચાલનની આધુનિક પદ્ધતિ અપનાવવા માટે ભૌગોલિક માહિતી પદ્ધતિ (જ્યોગ્રાફિક ઇન્ફર્મેશન સીસ્ટમ - જીઆઈએસ) જેવી આધુનિક પદ્ધતિઓ ઉપયોગ કરવામાં આવશે તો સ્થાનિક સરકારો મજબૂત બનશે.

(૬) કેન્દ્ર સરકાર સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ માટે અનુદાન રાજ્ય સરકારોને મોકલે તે પછી ૧૫ દિવસના સમયમાં એ અનુદાન રાજ્ય સરકારોએ પંચાયતો અને પાલિકાઓને તબદીલ કરવું જોઈએ. જો કોઈ રાજ્ય સરકાર તેમાં ગેરવાજબી વિલંબ કરશે તો કેન્દ્ર સરકાર તેને ગંભીર બાબત ગણશે.

(૭) કેન્દ્ર સરકાર પંચાયતો અને પાલિકાઓને માટે રાજ્ય સરકારોને આ અનુદાન આપતી વખતે કે તેના ઉપયોગ માટે નાણાં પંચ દ્વારા લાદવામાં આવેલી શરતો સિવાયની કોઈ શરત લાદી શકશે નહિ.

(૮) રાજ્ય સરકાર નાણાં પંચે નક્કી કરેલા સિદ્ધાંતોને આધારે દરેક પાલિકાની જરૂરિયાત નક્કી કરી શકશે અને તે રીતે આ અનુદાનમાંથી રકમ ફાળવી શકશે.

(૯) વધુ અનુદાન આપવામાં આવે ત્યારે અગાઉનું અનુદાન વપરાઈ જવા ઉપર સામાન્ય રીતે ભાર મૂકવામાં આવે છે અને એ ચાલુ રહેશે. એટલે આગલા વર્ષનું અનુદાન પંચાયતો કે પાલિકાઓને અપાઈ ગયું છે એવું પ્રમાણપત્ર રાજ્ય સરકાર આપશે પછી જ તેમને નવા વર્ષનું અનુદાન કેન્દ્ર તરફથી અપાશે.

(૧૦) કેન્દ્ર સરકાર વ્યવસાય વેરા ઉપરની ટોચ મર્યાદા વધારે. જો આ ટોચ મર્યાદા વધારવામાં આવે તો રાજ્ય સરકાર વધારે વેરો ઉઘરાવી શકે અને તે વધારે નાણાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને આપી શકે.

(૧૧) રાષ્ટ્રીય સ્તરે એવી પ્રણાલી પ્રસ્થાપિત થઈ છે કે નાણાં પંચની મુખ્ય ભલામણો કશા સુધારા-વધારા વિના સ્વીકારવામાં આવે છે. રાજ્ય નાણાં પંચના કિસ્સામાં પણ એ જ પ્રણાલીને અનુસરવું જોઈએ.

રાજ્ય નાણાં પંચ માટેની ભલામણો

૭૩મા અને ૭૪મા બંધારણ સુધારામાં દરેક રાજ્યમાં દર પાંચ વર્ષે એક નાણાં પંચની નિમણૂક કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આ નાણાં પંચે રાજ્યની કર આવકની વહેંચણી પંચાયતો અને પાલિકાઓમાં કેટલી કરવી અને કેવી રીતે કરવી તેની ભલામણો કરવાનું કામ કરવાનું હોય છે. ૧૨મા નાણાં પંચે આ રાજ્ય નાણાં

પંચાયતો અને પાલિકાઓ માટે કેન્દ્રીય નાણાં પંચોની જોગવાઈઓ

ક્રમ	નાણાં પંચ	પંચાયતો	પાલિકાઓ
૧	૧૦મું (૧૯૯૫-૨૦૦૦)	૧૯૭૧ની વસ્તી ગણતરીને આધારે ગ્રામીણ વસ્તીને ધ્યાનમાં લઈ માથાદીઠ રૂ. ૧૦૦	૧૯૭૧ની વસ્તી ગણતરી અનુસાર ઝૂંપડપટ્ટીની વસ્તીના પ્રમાણને આધારે રૂ. ૧,૦૦૦ કરોડ
૨	૧૧મું (૨૦૦૦-૨૦૦૫)	રૂ. ૧,૬૦૦ કરોડ	રૂ. ૪૦૦ કરોડ
૩	૧૨મું (૨૦૦૫-૨૦૧૦)	રૂ. ૨૦,૦૦૦ કરોડ	રૂ. ૫,૦૦૦ કરોડ

પંચે કેવી રીતે કામ કરવું તેને અંગે જે વિસ્તૃત ભલામણો કરી છે તે નીચે મુજબ છેઃ

(૧) કેન્દ્ર સ્તરે એવી પ્રણાલી પ્રસ્થાપિત થઈ છે કે નાણાં પંચની ભલામણો કશાય સુધારા-વધારા વિના સ્વીકારવામાં આવે છે. આ પ્રણાલીને રાજ્યોમાં અનુસરવામાં આવતી નથી. ઘણી વાર સ્વીકારાયેલી ભલામણોનો પણ સંપૂર્ણ અમલ કરવામાં આવતો નથી અને તેને માટે સંસાધનોની અછતનું કારણ આપવામાં આવે છે. એને પરિણામે રાજ્ય સ્તરે રાજ્ય નાણાં પંચની રચનાનો હેતુ જ માર્યો જાય છે. આ પરિસ્થિતિમાં ફેરફારની જરૂર છે.

(૨) કેન્દ્રમાંથી રાજ્યોમાં સંસાધનોની તબદીલી અંગે કેન્દ્રીય નાણાં પંચે જે કાર્યવિધિ અપનાવી હોય તે જ કાર્યવિધિ જો રાજ્ય નાણાં પંચ અપનાવે તો, તેણે તેના અહેવાલમાં રાજ્ય સરકારની નાણાકીય વ્યવસ્થા તબદીલી પહેલાં અને પછી કેવી હોય તેના અંદાજો બાંધવા જોઈએ અને તેનું વિશ્લેષણ કરવું જોઈએ. ઉપરાંત, તેમાં જે પગલાં સૂચવાયાં હોય તે અનુસાર સ્થાનિક સંસ્થાઓ દ્વારા ઊભી થનારી આવકના અંદાજો પણ અહેવાલમાં માંડવા જોઈએ.

(૩) રાજ્ય નાણાં પંચે ઐતિહાસિક વલણોને આધારે આગાહી કરવાને બદલે આવક અને ખર્ચની આકારણીમાં ધોરણાત્મક અભિગમ અપનાવવો જોઈએ. કરવેરાના આધારો અને પંચાયતો તથા પાલિકાઓ દ્વારા બિન-કર આવક વધારવાની તકો સંબંધી માહિતીને ધ્યાનમાં લઈને આવક સર્જન માટેનાં માથાદીઠ ધોરણો ઘડવાં જોઈએ. નાગરિકો માટે મહત્ત્વની સેવાઓ પૂરી પાડવામાં કેટલીક શ્રેષ્ઠ પંચાયતો અને પાલિકાઓ દ્વારા જે સરેરાશ ખર્ચ થાય છે તેને આધારે માથાદીઠ ખર્ચનાં ધોરણો ઘડી શકાય.

(૪) રાજ્ય નાણાં પંચની રચનાને માત્ર બંધારણીય વિધિ સમજવાને બદલે તેમાં પ્રખરતા અને ક્ષમતા ધરાવતા લોકોની નિમણૂક થવી જોઈએ. નાણાં પંચની રચનામાં એનું ધ્યાન રખાવું જોઈએ કે તેમાં કમ-સે-કમ એક વ્યક્તિ પંચાયતોની નાણાકીય વ્યવસ્થા વિશેની નિષ્ણાત અને બીજી એક વ્યક્તિ પાલિકાઓની નાણાકીય વ્યવસ્થા વિશેની નિષ્ણાત હોવી જોઈએ. પંચના બધા જ સભ્યો અને અધ્યક્ષ પૂર્ણ સમયના હોવા જોઈએ. રાજ્ય સરકારોએ શક્ય હોય ત્યાં સુધી નાણાં પંચની વારંવાર પુનર્રચના કરવાનું ટાળવું જોઈએ.

(૫) નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (કેગ) દ્વારા સૂચવાયેલા માળખામાં જો સ્થાનિક સંસ્થાઓ વિશેની માહિતી પંચને મળે તો તે તેમનાં આવક અને ખર્ચનું વિશ્લેષણ કરી શકે. આ માટે રાજ્ય નાણાં પંચનો એક કાયમી વિભાગ કરવો જોઈએ. એ વિભાગમાં એક સચિવ કક્ષાના અધિકારી વડા હોવા જોઈએ અને તેઓ જ જ્યારે રાજ્ય નાણાં પંચની રચના થાય ત્યારે પંચના સચિવ બનવા જોઈએ.

(૬) કેન્દ્રીય નાણાં પંચ જે તે રાજ્યની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને ભલામણો કરી શકે તે માટે કેન્દ્રીય નાણાં પંચની રચનાના સમયને ધ્યાનમાં રાખીને દરેક રાજ્યમાં રાજ્ય નાણાં પંચની રચના થવી જોઈએ. કેન્દ્રીય નાણાં પંચ નિમાય ત્યારે રાજ્ય નાણાં પંચોના અહેવાલો તેને પ્રાપ્ય બને એ તેની ભલામણો માટે જરૂરી છે.

ગુજરાત માનવ વિકાસ અહેવાલઃ ૨૦૦૪

ગુજરાતનો સૌ પ્રથમ માનવ વિકાસ અહેવાલ તાજેતરમાં જ બહાર પડાયો છે. આ અહેવાલ ગુજરાતમાં માનવ વિકાસની શી પરિસ્થિતિ છે તે તપાસે છે. આ અહેવાલમાં આરોગ્ય, શિક્ષણ, પર્યાવરણ, મહિલા વિકાસ જેવાં ક્ષેત્રોમાં રાજ્યની પરિસ્થિતિની ચર્ચા કરવામાં આવી છે. આ અહેવાલ **સુશ્રી ઇંદિરા હિરવે** અને **સુશ્રી દર્શિની મહાદેવિયા** દ્વારા તૈયાર કરાયો છે.

પ્રસ્તાવના

માનવ વિકાસનો અર્થ એ છે કે જીવનમાં વધુ તકો મેળવવા લોકો શક્તિમાન બને તે માટે તેમની ક્ષમતાઓમાં વધારો થાય. આ સંદર્ભમાં ભારતમાં તેનો અર્થ એ થાય કે જે લોકોમાં એ ક્ષમતાઓનો અભાવ છે તેમનામાં તે પાયાની ક્ષમતાઓ વિકસે. એનો અર્થ એવો પણ થાય છે કે જેઓ છેવાડે ફેંકાઈ ગયા છે અને વિકાસના મુખ્ય પ્રવાહમાંથી બાકાત રહી ગયા છે એમને ટેકો આપવો. હવે એ વ્યાપકપણે સ્વીકારવામાં આવ્યું છે કે ફક્ત આર્થિક વૃદ્ધિ નહિ પણ માનવ વિકાસ એ કોઈ પણ સમાજનું અંતિમ ધ્યેય છે, અને આર્થિક વૃદ્ધિથી આપોઆપ માનવ વિકાસ થઈ જતો નથી. આર્થિક વૃદ્ધિના ખ્યાલમાંથી બહાર નીકળીને માનવ વિકાસ વિશે વિચારવું જરૂરી છે એમ છેલ્લા દોઢ દાયકાથી વધારે ને વધારે સમજાતું જાય છે.

ગુજરાત ભારતનું સમૃદ્ધ રાજ્ય ગણાય છે અને ગુજરાત ઔદ્યોગિક વિકાસની દૃષ્ટિએ ભારતનાં અન્ય રાજ્યોની તુલાનાએ વધારે અગ્રણી રહ્યું છે. ૧૯૯૧માં અપનાવાયેલી ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણની નીતિનું પાલન કરવામાં કે તેનો લાભ ઉઠાવવામાં પણ ગુજરાત સરકાર અગ્રેસર રહ્યું છે. પણ શું આ સમૃદ્ધિ અને વિકાસ ગુજરાતના પાંચ કરોડથી વધુ નાગરિકો વચ્ચે સમાન રીતે વહેંચાયાં છે ખરા? શું વિકાસનાં ફળ તમામ નાગરિકો સુધી પહોંચ્યાં છે ખરાં? આવા પ્રશ્નોની તપાસ માનવ વિકાસના ઉપરોક્ત ખ્યાલના સંદર્ભમાં આ અહેવાલમાં કરવામાં આવી છે.

પ્રથમ માનવ વિકાસ અહેવાલ 'સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ' (યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ - યુએનડીપી) દ્વારા ૧૯૯૦માં બહાર પડાયો. તેમાં જણાવવામાં આવ્યું હતું કે માનવ વિકાસનો અભ્યાસ કરવાની જરૂરિયાત એ હકીકતને કારણે ઊભી થાય છે કે આર્થિક વૃદ્ધિ આપોઆપ માનવ વિકાસ અને મહિલા વિકાસમાં રૂપાંતરિત થતી નથી. સમગ્ર અર્થતંત્રલક્ષી યોગ્ય નીતિઓના અને સુવ્યાખ્યાયિત જાહેર દરમ્યાનગીરીઓના સ્વરૂપમાં વિશેષ પ્રયાસોની જરૂર રહે છે કે જેથી આર્થિક વૃદ્ધિનો દર અને માનવ વિકાસની ઝડપ બંને વચ્ચે ગાઢ સંબંધ રહે. આ ખ્યાલને આ અહેવાલમાં તપાસવામાં આવ્યો છે.

ભારતમાં મોટા ભાગનાં રાજ્યોના માનવ વિકાસ અહેવાલો સરકાર સાથે કામ કરનારી વ્યક્તિઓએ લખ્યા છે અથવા તો સરકાર દ્વારા નિમાયેલા કન્સલ્ટન્ટ્સ દ્વારા તે લખાયા છે. પરંતુ આ અહેવાલ બે સ્વતંત્ર વિદ્વાનોએ લખ્યો છે. તેમને સરકારી અધિકારીઓ, વિદ્વાનો અને કેટલાંક વિખ્યાત બિન-સરકારી સંગઠનોએ સંપૂર્ણ ટેકો પૂરો પાડ્યો છે.

માનવ વિકાસના આંક

'સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ' તેના માનવ વિકાસ અહેવાલોમાં માનવ વિકાસને ચાર આંકો દ્વારા માપે છેઃ

૧. માનવ વિકાસ આંક (હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્સ - એચ.ડી.આઈ.)
૨. મહિલા સંબંધી વિકાસ આંક (જેન્ડર - રિલેટેડ ડેવલપમેન્ટ ઈન્ડેક્સ-જી.ડી.આઈ.)
૩. મહિલા સક્ષમતા માપ (જેન્ડર એમ્પાવરમેન્ટ મેઝર - જીઈએમ)
૪. માનવ ગરીબી આંક (હ્યુમન પોવર્ટી ઈન્ડેક્સ - એચ.પી.આઈ.)

કોઠા નં.૧
ગુજરાત માનવ વિકાસ અહેવાલઃ ૨૦૦૪
પ્રકરણો

૧. માનવ વિકાસની સમજઃ ખ્યાલ, વિગત અને માપન
૨. ગુજરાતમાં વિકાસના પ્રવાહો
૩. સામાજિક ક્ષેત્રો પર સરકારી ખર્ચ
૪. ગુજરાતમાં પર્યાવરણની સ્થિતિ
૫. આરોગ્ય અનો પોષણ
૬. સાક્ષરતા અને શિક્ષણ
૭. મહિલા વિકાસ અને અંતર
૮. માનવ અને મહિલા વિકાસ સ્તર
૯. રાજ્યમાં વધુ સારા માનવ વિકાસ તરફ

કોઠા નં. ૨
ગુજરાતમાં ગરીબી

વર્ષ	ટકાવારી પ્રમાણ ગ્રામીણ	 શહેરી	 કુલ
૧૯૭૨-૭૩	૪૬.૩૫	૪૯.૩૧	૪૭.૨૧
૧૯૭૭-૭૮	૪૧.૭૬	૪૩.૧૩	૪૨.૧૭
૧૯૮૩	૨૯.૮૦	૪૦.૬૩	૩૩.૨૭
૧૯૮૭-૮૮	૨૮.૬૭	૩૯.૬૩	૩૨.૩૩
૧૯૯૩-૯૪	૨૨.૧૮	૨૭.૦૭	૨૩.૯૨
૧૯૯૯-૨૦૦૦	૧૨.૨૦	૧૩.૭૬	૧૨.૭૮

સ્રોતઃ આયોજન પંચ

માનવ વિકાસને આ ચાર માપોથી માપવાના ખ્યાલની ઘણી ટીકાઓ પણ થઈ છે. તેથી ભારત માટે તેમના વિકલ્પે બીજાં ચાર માપ વિચારાયાં છે. તે નીચે મુજબ છેઃ

૧. માનવ વિકાસ માપ-૧ (હ્યુમન ડેવલપમેન્ટ મેઝર-૧ - એચ.ડી.એમ.-૧)
૨. મહિલા વિકાસ માપ-૧ (જેન્ડર ડેવલપમેન્ટ મેઝર -૧ -જીડીએમ-૧)
૩. મહિલા સમતા આંક (જેન્ડર ઈક્વીટી ઈન્ડેક્સ - જી.ઈ.આઈ.)
૪. માનવ વિકાસ માપ-૨ (હ્યુમન ડેવલપમેન્ટ મેઝર-૨ - એચ.ડી.એમ. ૨)

ગુજરાત માનવ વિકાસ અહેવાલ - ૨૦૦૪માં આ બીજા ચાર માપને આધારે ગુજરાતના માનવ વિકાસનું માપન કરવામાં આવ્યું છે.

અહેવાલમાં શું છે?

અહેવાલનાં પ્રકરણોની યાદી કોઠા નં.૧માં આપવામાં આવી છે. પ્રથમ પ્રકરણમાં માનવ વિકાસ શું છે તે સમજાવાયું છે. 'સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ'ના જુદા જુદા માનવ વિકાસ અહેવાલોમાં કઈ કઈ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે તે જણાવીને તેમાં માનવ વિકાસને માપવાના વિવિધ આંકોની ચર્ચા કરાઈ છે. બીજા પ્રકરણમાં ગુજરાતની વસ્તી, ગુજરાત સરકારની વસ્તી નીતિ, ગુજરાતમાં આર્થિક વૃદ્ધિ, ખેતી અને માનવ વિકાસ, ઔદ્યોગિક વૃદ્ધિ અને માનવ વિકાસ, આર્થિક સુધારા અને રોજગારી, શ્રમ અને રોજગારીના પ્રશ્નો, કૌશલ્યની તાલીમના પ્રશ્નો, સામાજિક સુરક્ષા વગેરેની ચર્ચા

કોઠા નં. ૩ઃ ગુજરાતમાં માનવ વિકાસની સ્થિતિ

૧. અસરકારક સાક્ષરતા દર

	પુરુષ	સ્ત્રી	કુલ
૧૯૯૧	૭૩.૧૩	૪૮.૬૪	૬૧.૨૯
૨૦૦૧	૮૦.૨૩	૫૮.૨૯	૬૯.૬૭

૨. ૬-૧૪ વર્ષનાં બાળકોમાં શાળામાં દાખલ થવાનું પ્રમાણ

	પુરુષ	સ્ત્રી	કુલ
૧૯૯૩-૯૪	૭૫.૭૦	૬૨.૮૨	૬૯.૫૬
૧૯૯૯-૨૦૦૦	૭૬.૯૮	૬૭.૮૦	૭૨.૬૬

૩. રોજગાર વૃદ્ધિ દર (ટકામાં)

૧૯૯૩-૨૦૦૦	૨.૩૧

૪. બેકારીનું પ્રમાણ (ટકામાં)

૧૯૯૩-૯૪	૫.૭૦
૧૯૯૯-૨૦૦૦	૪.૫૫

૫. બાળ મૃત્યુ દર	ગ્રામીણ	શહેરી	કુલ
૧૯૭૧	૧૫૫	૧૧૦	૧૪૫
૧૯૮૧	૧૨૩	૮૯	૧૧૬
૧૯૯૧	૭૩	૫૭	૬૯
૨૦૦૧	૬૭	૪૨	૬૦

૬. એનીમિયાથી પિડાતી મહિલાઓ (ટકામાં) (૨૦૦૧)

શહેરી	૩૯.૫
ગ્રામીણ	૫૧.૩
નિરક્ષર	૫૦.૯
અનુસૂચિત જાતિઓ	૪૮.૪
અનુસૂચિત જનજાતિઓ	૫૫.૫
અન્ય પછાત વર્ગો	૪૫.૦
ગુજરાત	૪૬.૩

૭. સ્ત્રી-પુરુષ પ્રમાણ

વર્ષ	એકંદર	બાળકો
૧૯૬૧	૯૪૦	
૧૯૭૧	૯૩૪	
૧૯૮૧	૯૪૨	
૧૯૯૧	૯૩૪	૯૨૮
૨૦૦૧	૯૧૯	૮૭૮

૮. પ્રાથમિક શાળામાં દાખલ થયેલા છોકરાઓના સંદર્ભમાં છોકરીઓનું પ્રમાણ (ટકામાં) (૨૦૦૦-૦૧)

તમામ	૭૬.૫૩
અનુસૂચિત જાતિઓ	૮૫.૮૯
અનુસૂચિત જનજાતિઓ	૮૨.૯૦

કરાઈ છે. ગુજરાતમાં આવક ગરીબી અને માનવ ગરીબી કેટલી છે તેની પણ વિગતો આવક ગરીબી અને માનવ ગરીબીના ખ્યાલો સાથે રજૂ કરાઈ છે.

બીજા પ્રકરણમાં માનવ વિકાસ માટે જાહેર ખર્ચનું માપન ચર્ચવામાં આવ્યું છે. ગુજરાત સરકાર દ્વારા શિક્ષણ અને આરોગ્ય જેવાં સામાજિક ક્ષેત્રો પાછળ થતું ખર્ચ અને સામાજિક-આર્થિક સેવાઓ પાછળ આપવામાં આવતી સબસિડીની ચર્ચા તેમાં કરાઈ છે. આ ખર્ચમાં ૧૯૯૧ પછી થયેલા ફેરફારોની વિગતો પણ તેમાં આપવામાં આવી છે. ત્રીજા પ્રકરણમાં માનવ વિકાસ અને પર્યાવરણ વચ્ચેનો સંબંધ, ગુજરાતનું પર્યાવરણ, ગુજરાતના સંસાધનો પરનું દબાણ, ગુજરાતમાં દુકાળો, પ્રદૂષણ, સરકારની પ્રદૂષણ નિયંત્રણની નીતિ અને પર્યાવરણની હાનિની માનવ વિકાસ પર થતી અત્યંત વિપરીત અસરોની ચર્ચા કરવામાં આવી છે.

પ્રકરણ-૫ ગુજરાતની આરોગ્ય અને પોષણની સ્થિતિને આલેખે છે. માનવ વિકાસમાં આરોગ્યનું મહત્ત્વ, આરોગ્યની સ્થિતિને અસર કરનારાં પરિબળો, ગુજરાતમાં આરોગ્યની અને પોષણની સ્થિતિ, ગુજરાતની સૂચિત આરોગ્ય નીતિ, આરોગ્ય સંભાળની સવલતો વગેરેની ચર્ચા તેમાં કરવામાં આવી છે.

છઠ્ઠા પ્રકરણમાં શિક્ષણ અને સાક્ષરતાની ચર્ચા ૮૩મા બંધારણ સુધારાના સંદર્ભમાં કરવામાં આવી છે કે જેણે પ્રાથમિક શિક્ષણને મૂળભૂત અધિકાર તરીકે પ્રસ્થાપિત કર્યો છે. ગુજરાતમાં સાક્ષરતાનો દર, અધવચ્ચે શાળા છોડી જતાં બાળકોનું પ્રમાણ શિક્ષણની સવલતો, બાળ મજૂરી વગેરે વિશે વિશદ ચર્ચા આ પ્રકરણમાં કરવામાં આવી છે.

પ્રકરણ-૭ મહિલા વિકાસ વિશે છે. ગુજરાતમાં સ્ત્રી-પુરુષ પ્રમાણ, સ્ત્રીઓમાં શિક્ષણ અને માતૃત્વ સંબંધી આરોગ્યની સ્થિતિ, સ્ત્રીઓની આર્થિક અને રાજકીય સહભાગિતા, સ્ત્રીઓ સામેની હિંસા, અંદાજપત્રમાં મહિલાઓ માટે થતું ખર્ચ વગેરે મુદ્દાઓ ચર્ચવામાં આવ્યા છે.

આઠમા પ્રકરણમાં માનવ અને મહિલા વિકાસના સ્તર વિશે ચર્ચા કરાઈ છે. ગુજરાતમાં માનવ વિકાસનો આંક શું છે તે તેમાં ચર્ચાયું છે. સમગ્ર રાજ્યમાં વિકાસ અને અસમાનતા આ આંકના સંદર્ભમાં કેટલાં છે તે પણ તેમાં જણાવવામાં આવ્યું છે. અહેવાલમાં છેલ્લે ગુજરાતના માનવ વિકાસ વિશેની આંકડાકીય વિગતો સંખ્યાબંધ કોઠાઓમાં આપવામાં આવી છે. ગુજરાતના તમામ ૨૫ જિલ્લામાં આ અંગે શી પરિસ્થિતિ પ્રવર્તે છે તે જાણવાનું રસપ્રદ થઈ પડે તેમ છે. છેલ્લા નવમા પ્રકરણમાં ગુજરાતમાં વધુ સારા માનવ વિકાસ તરફ કેવી રીતે આગળ વધી શકાય તેની ચર્ચા કરાઈ છે. દરેક ક્ષેત્રમાં શું છે, શું થયું છે, શું કરવું જોઈએ અને તે કેવી રીતે કરવું જોઈએ તેની છણાવટ આ પ્રકરણ આપે છે.

કોઠા નં. ૪
ગુજરાતમાં માનવ વિકાસનું માપન

૧. માનવ વિકાસ માપનઃ મૂલ્ય આંક

	૧૯૯૧	**૨૦૦૧**
૧. આવક આંક	૦.૧૪૩	૦.૨૪૧
૨. શિક્ષણ આંક	૦.૬૩૦	૦.૭૪૪
૩. આરોગ્ય આંક	૦.૬૧૩	૦.૭૧૦
૪. આવાસ આંક	૦.૨૬૬	૦.૨૬૬
૫. સહભાગિતા આંક	૦.૪૭૭	૦.૪૩૪
૬. માનવ વિકાસ માપન	૦.૪૨૬	૦.૪૭૯
૭. માનવ વિકાસ આંક	૦.૪૬૨	૦.૫૬૫

૨. માનવ વિકાસ માપનમાં ગુજરાતનો ક્રમ

	૧૯૯૧	**૨૦૦૧**
૧. આવક	૪	૬
૨. શિક્ષણ	૫	૬
૩. આરોગ્ય	૭	૯
૪. આવાસ	૨	૨
૫. સહભાગિતા	૧૧	૧૦
૬. માનવ વિકાસ માપન	૫	૬
૭. માનવ વિકાસ આંક	૫	૬

સમગ્ર અહેવાલમાં માનવ વિકાસ સાથે સંબંધિત કાર્યો કરતાં બિન-સરકારી સંગઠનોની પ્રવૃત્તિઓનો વિગતે ઉલ્લેખ કરીને માનવ વિકાસને આગળ ધપાવવા માટે કયા નવા આયામો છે તેની ચર્ચા પણ કરાઈ છે. ઔદ્યોગિક રીતે વિકસિત ગુજરાત રાજ્યમાં માનવ વિકાસ એ રીતે કેવી રીતે સહભાગી, પારદર્શી અને ઉત્તરદાયી બની શકે અને વિકેન્દ્રિત લોકશાહીને મજબૂત કરી શકે તેના ઉપર આ અહેવાલ ધ્યાન કેન્દ્રિત કરે છે.

પ્રાપ્તિ સ્થાનઃ મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, માનવ મંદિર સામે, ડ્રાઈવ ઈન રોડ, અમદાવાદ.

એફ.સી.એમ.સી. ધારો

ભારત સરકારે સ્વૈચ્છિક ક્ષેત્રને મળતી વિદેશી રકમો ઉપર અંકુશ મૂકવા માટે એક નવો કાયદો કરવાનું વિચાર્યું છે. આ અંગેનો ખરડો તૈયાર થઈ ગયો છે. આ કાયદાની શી જોગવાઈઓ છે અને તેની શી અસરો સ્વૈચ્છિક ક્ષેત્ર ઉપર પડી શકે છે તેની વિશદ ચર્ચા આ લેખમાં કરવામાં આવી છે.

પ્રસ્તાવના

ભારત સરકારે એફ.સી.આર.એ.-૧૯૭૬ પાછો ખેંચીને નવો એફ.સી.એમ.સી. કાયદો લાવવા વિચારી રહી છે. ભારત સરકાર આ કાયદા દ્વારા સ્વૈચ્છિક ક્ષેત્ર ઉપર અંકુશ મેળવવા માગે છે અને તેના કાર્યક્ષેત્રને મર્યાદિત કરવા માગે છે. 'વોલન્ટરી એક્શન નેટવર્ક ઓફ ઈન્ડિયા' (વાણી) દ્વારા સતત આ કાયદા વિશે કેન્દ્ર સરકાર ઉપર દબાણ ઊભું થાય તેનો પ્રયાસ થઈ રહ્યો છે. દેશભરમાં બિન-સરકારી સંગઠનોએ આ અંગે ચર્ચા-વિચારણા શરૂ કરી છે અને સરકારના આ પગલાની ખામીઓ વિશે પ્રતિભાવો આપવાનું શરૂ કર્યું છે. જુન માસની ૨૪-૨૫ તારીખે દિલ્લીમાં આ અંગે એક અખિલ ભારતીય પરિષદ યોજાઈ હતી. આ પરિષદમાં નાણાં પ્રધાન શ્રી પી. ચિદંબરમ અને ગૃહ પ્રધાન શ્રી શિવરાજ પાટીલ હાજર રહ્યા હતા.

'જનપથ' દ્વારા અમદાવાદમાં તા.૨૯-૯-૨૦૦૫ના રોજ આ અંગે એક બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી ચંદ્રવદન શાહે સૂચિત કાયદા અંગે રજૂઆત કરી હતી. તેમણે કરેલી રજૂઆતના મુખ્ય મુદ્દા નીચે મુજબ છે:

- નાણાં પ્રધાનનું જણાવવાનું એવું હતું કે જૂના એફ.સી.આર.એ. અંગે વારંવાર સામાજિક સંસ્થાઓમાંથી ઘણી રજૂઆત થઈ છે, અને આ રજૂઆતોને ધ્યાનમાં રાખીને જ આ કાયદો બનાવવામાં આવ્યો છે.
- નવા એફ.સી.એમ.સી. કાયદા પ્રમાણે વિદેશી ફંડ એક જ ખાતામાં જમા થશે પણ તેને અલગ અલગ ખાતામાં જમા કરી શકાશે તેવી જોગવાઈ છે.
- પ્રધાનમંડળમાં હજુ આ પ્રમાણે કાયદો મંજૂર થયો નથી. સંસદની પસંદગી સમિતિ આ કાયદો મંજૂર કરશે.
- એફ.સી.આર.એ. ધારામાં સુધારા-વધારા થવા જોઈએ, નવો કાયદો ન હોવો જોઈએ.
- એફ.સી.આર.એ. માટે નંબર મેળવવા માટે જિલ્લા કલેક્ટર આ પ્રમાણપત્ર આપતાં પહેલાં જે તે સંસ્થાના વિસ્તારના પોલિસ સ્ટેશનમાં આ અરજીની કાર્યવાહી કરશે. ત્યાંથી એ મહેસૂલ ખાતું એટલે કે મામલતદારને આપશે અને પછી ગાંધીનગર ગૃહ મંત્રાલયમાં મોકલવામાં આવશે.
- જો તે સંસ્થાની વ્યક્તિઓને કલેક્ટર સાથે સારી ઓળખાણ હશે તેવી વ્યક્તિઓ જ સહેલાઈથી આ પ્રમાણપત્ર મેળવી શકે છે.
- હવે આ નવા કાયદામાં આ પ્રમાણપત્ર જોડવાની જરૂર નથી. અરજી આપ્યા પછી સરકારી ગુપ્તચર કચેરી પાસે આની ઉલટ તપાસ કરાવ્યા પછી પ્રમાણપત્ર આપવામાં આવશે.
- નવા કાયદામાં વિદેશી ભંડોળનું નિયમન કરવાની સાથે સંભળાવાની પણ વાત છે.

કાયદાની જોગવાઈઓ

કલમ-૧: કાયદાની ઓળખ/પરિચય આપવામાં આવ્યો છે.

કલમ-૨: આ કાયદાના હેતુઓને લઈને વ્યાખ્યાઓ આપવામાં આવી છે. જેના કોઈ ખાસ ફેરફાર નથી. વિદેશી ફંડ એટલે શું? જૂના કાયદા પ્રમાણે વિદેશી ફંડ ખાતામાંથઈ જે વ્યાજ આવે અને આ પૈસામાંથી જે આવક થશે અને તેને પણ વિદેશી ફંડ તરીકે ગણવામાં આવશે.

કલમ-૩: આ વિભાગમાં કોણ એટલે કે કઈ સંસ્થા/વ્યક્તિ વિદેશી ફંડ નહિ મેળવી શકે તેવી સ્પષ્ટપણે જોગવાઈ કરવામાં આવી છે.

કલમ-૪: ઉપરનાં એટલે કે વિભાગ ૩માં કોણ કોણ ગણાય તેની ચોખવટ કરવામાં આવી છે.

કલમ-૫: રાજકીય વગ ધરાવતી સંસ્થાઓ અને રાજકારણ સાથે સંબંધ ધરાવતી સંસ્થાઓ વિદેશી ફંડ મેળવવા પાત્ર નથી.

કલમ-૬: જે સંસ્થાઓ પાસે હાલમાં વિદેશી ફંડ નંબર છે તેવી સંસ્થાઓએ પણ કાયદો અમલમાં આવતાં બે વર્ષમાં ફરી નોંધણી કરાવવી પડશે.

કલમ-૭: વહીવટી ખર્ચ માટે વિદેશી ફાળાના ઉપયોગ માટે નિયંત્રણ. વિદેશી ફાળો જે હેતુ માટે મેળવવામાં આવ્યો છે તેના માટે જ ઉપયોગ થશે. કુલ ફાળાના ૩૦ ટકા વહીવટી ખર્ચ તરીકે વાપરી શકાશે વધારેમાં વધારે ૩૦ ટકા અને તેનાથી ઓછા ટકા નક્કી કરવાની સત્તા સરકાર પાસે હશે. સરકાર દ્વારા વહીવટી ખર્ચનો ખુલાસો આપવામાં આવશે કે આ ખર્ચમાં કયા-કયા ખર્ચાઓનો સમાવેશ થશે.

કલમ-૧૦: દરેક સંસ્થાએ અરજી સાથે ફી આપવાની રહેશે.

એફ.સી.આર.એ. અને એફ.સી.એમ.સી. ખરડો – સરખામણી

ક્રમ	વિગત	એફ.સી.આર.એ.	એફ.સી.એમ.સી.
૧.	આમુખ	વિદેશી ફાળાના સ્વીકાર અને ઉપયોગને નિયંત્રિત કરે.	વિદેશી ફાળા અંગેના કાયદાને મજબૂત કરવો અને વિદેશી ફાળાથી થતી રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ અને મુશ્કેલી પેદા કરતી પ્રવૃત્તિઓમાં ઉપયોગ પર પ્રતિબંધ.
૨.	એસોસીએશન ‘વ્યાખ્યા’	આવી જોગવાઈ નહ્ઢડ્ડ	તે કેન્દ્ર, રાજ્યના કાયદા દ્વારા સ્થાપવામાં આવેલા કોઈ કોર્પોરેશન અને કંપની ધારા, ૧૯૫૬ મુજબની સરકારી કંપનીઓ અને રાજ્ય/કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત સોસાયટીઓનો સમાવેશ કરશે નહીં. (કલમ- ૨(૧) (એ)
૩.	વિદેશી ફાળો ‘વ્યાખ્યા’	આવી જોગવાઈ.	વિદેશી ફાળા પરનું વ્યાજ, વિદેશી ફાળામાંથી થતી આવક જે વિદેશી ફાળામાં ઉમેરવામાં આવી હોય. કોન્ફરન્સમાં હાજરી આપવા માટેની ફી, જર્નલનું લવાજમ, વિદ્યાર્થીઓ માટેની ટ્યુશન ફી અને આવા વ્યક્તિઓ દ્વારા ભારતમાં મેળવેલ સેવાના બદલામાં ચુકવાયેલ આવક વગેરે રીતે મેળવવામાં આવેલી રકમને બાદ રાખવામાં આવે છે. (અર્થઘટન ૨ અને અર્થઘટન ૩ (કલમ- ૨ (૧))
૪.	રાજકીય સ્વરૂપના સંગઠન	આગોતરી મંજૂરી (કલમ- ૫ (૧)	પ્રતિબંધ કક્ષા (કલમ- ૩(૧)(એફ)
૫.	રાજકીય સ્વરૂપના સંગઠનની નોંધણી માટેની પ્રક્રિયા	આવી કોઈ જોગવાઈથી	(૧) જાણ કરતી લેખિત નોટિસ, કારણો આપ્યા વિના જ. (૨) નિશ્ચિત કારણો સાથે નિયમોની જાણ, જેના આધારે સંગઠનને રાજકીય સ્વરૂપનું નિયત કરવામાં આવશે. (૩) સંગઠન નોટિસના ૩૦ દિવસમાં જવાબ આપશે. વધારાનો સમય કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવશે. (૪) જો સરકારને જરૂર જણાય તો ઓથોરિટીને પોતાનો પ્રતિનિધિ મોકલશે. (૫) રજૂઆત અને અહેવાલને ધ્યાનમાં લીધા બાદ કેન્દ્ર સરકાર જાહેરાત કરશે (કલમ-૫)
૬.	વિદેશી ફાળાને બીજા એસોસીએશનમાં બદલવું.	આ માટે કાયદામાં ઘણી જોગવાઈ, એફ.સી.એમ.સી.માં કોઈ જોગવાઈ જણાવેલી નથી.	આવું ટ્રાન્સફર માત્ર નોંધાયેલ/આગોતરી મંજૂરીની કક્ષાવાળા એસોસીએશને જ કરી શકાશે.
૭.	વહીવટી ખર્ચ માટે વિદેશી ફાળાના ઉપયોગ પર નિયંત્રણ	સ્પષ્ટ રીતે નથી. પરંતુ કેટલીક જગ્યાએ ઉલ્લેખ કરેલ છે. આવી કોઈ જોગવાઈ નથી.	(૧) વિદેશી ફાળો જે હેતુ માટે મેળવવામાં આવ્યો હશે તેના માટે જ ઉપયોગ કરી શકાશે. (૨) વહીવટી ખર્ચ માટે, મેળવવામાં આવેલ વિદેશી ફાળાના ૩૦ ટકા વાપરી શકાશે અને તેની રીત નિયમોમાં જણાવવામાં આવશે. (કલમ- ૮)
૮.	નોંધણી (એફ.સી.આર.એ. હેઠળ નોંધણી પામેલાં	આવી સત્તા નહીં. લાગુ પડતું નથી.	નોંધણી આથોરિટીને આપવામાં આવી એફ.સી.આર.એ. સાથે નોંધાયેલાં સંગઠનોએ કાયદો અમલમાં આવ્યાના બે વર્ષમાં ઓથોરિટી સાથે નોંધણી કરાવવી પડશે અને બે વર્ષમાં મેળવેલા વિદેશી ફાળાને નવા કાયદા હેઠળ

સંગઠનો માટે)		ગણવામાં આવશે. (કલમ- ૧૧(૧))
૯. આગોતરી મંજૂરી કક્ષા	રાજકીય સ્વરૂપના સંગઠન (કલમ- ૫(૧) અને કેટલાક સંગઠનો (કલમ- ૬(૧)(એ) ને આગોતરી મંજૂરી માટે નક્કી કરવામાં આવ્યો છે. વર્ગ, વિસ્તાર હેતુ, સ્રોતનો ઉલ્લેખ નથી.	૧૧(૧) હેઠળ નોંધણી નહી પામેલા વ્યક્તિઓ અરજી કરી શકશે. કેન્દ્ર સરકાર કલમ- (૧૧(૧)) હેઠળ નોંધાયેલ લોકોને નક્કી કરી શકશે, લોકોને નક્કી કરી શકશે, લોકોનો વર્ગ કલમ- (૧૧(૧) હેઠળ નોંધાયેલ, આગોતરી મંજૂરી કક્ષા (કલમ- ૧૧(૩) હેઠળ આવતા વિસ્તારો, હેતુઓ, સ્રોત.
૧૦. ફી	જરૂરી નથી.	નોંધણી અને આગોતરી મંજૂરી માટેની અરજી સાથે ફી ચૂકવવી. (કલમ- ૧૨ (૧))
૧૧. નોંધણી/આગોતરી મંજૂરી	કેન્દ્ર સરકારને અરજી (નોંધણી માટે કલમ- ૬(૧) અને કલમ- ૬(૧-એ) મંજૂરી મુજબ.	અરજી/નોંધણી ઓથોરીટી/નોંધણી માટે જણાવેલ ઓથોરિટી નોંધણી/આગોતરી મંજૂરી માટે (નિયમ મુજબ માહિતી આપવી કલમ-૧૭(૧))
૧૨. નોંધણી/આગોતરી મંજૂરી વધારાની શરતો	અલગથી કોઈ આવી જોગવાઈ નહીં.	નોંધણી/આગોતરી મંજૂરી માટે નોંધણી ઓથોરીટી નીચેની બાબતોની તપાસ કરશેઃ (૧) અરજદારે પસંદગી કરાયેલ ક્ષેત્રમાં જિલ્લામાં રહેતા લોકોના લાભ માટે અર્થપૂર્ણ પ્રવૃત્તિ કરી છે, જેના માટે વિદેશી ફાળાના ઉપયોગની દરખાસ્ત કરવામાં આવી હતી. (૨) અરજદારે જિલ્લામાં રહેતા લોકોના લાભ માટે અર્થપૂર્ણ પ્રોજેક્ટ તૈયાર કર્યો છે, જેના માટે વિદેશી ફાળાના ઉપયોગની દરખાસ્ત કરવામાં આવી હતી. (૩) અરજદાર જાણે - અજાણ્યે ધર્મપરિવર્તનનો ઉદ્દેશ રાખનાર પ્રવૃત્તિ સાથે સંકળાયેલી નથી. (૪) અરજદારે દેશના કોઈ પણ ભાગમાં કોમી તનાવ કે વિસંવાદિતા પેદા કર્યા નથી. (૫) અરજદારને ફંડને અન્ય પ્રવૃત્તિમાં રોકવા માટે કે દુરુપયોગ કરવા માટે દોષિત ઠેરવવામાં આવ્યા નથી. (૬) અરજદાર નશીલા પદાર્થના ઉત્પાદનમાં સંકળાયેલા નથી કે સંકળાનાર નથી. (૭) અરજદાર વિદેશી ફાળાનો વ્યકિતગત ઉપયોગ કરશે નહિ.
૧૩. નોંધણી નકલ માટેના અસ્વીકારનાં કારણો. (નોંધણી/આગોતરી મંજૂરી)	નકલ અરજદારને આપવી નહિ.	નકલ આપવી (કલમ- ૧૨ (૪)).
૧૪. નોંધણી સામે કેન્દ્ર સરકારને અપીલ. (નોંધણી/આગોતરી મંજૂરી)	શક્ય નથી.	ઓર્ડર મળ્યાના ૩૦ દિવસમાં ફી સાથે કેન્દ્ર સરકારને અપીલ. (કલમ- ૧૨(૫)
૧૫. નોંધણીનો ગાળો	કાયમી નોંધણી અન્યથા કેન્દ્ર સરકાર બીજી રીતે વર્તે	પાંચ વર્ષઃ (કલમ- ૧૨ (૭)

૧૬. પ્રમાણપત્ર મોકૂફી	કોઈ જોગવાઈ નહિ.	૯૦ દિવસથી ન વધતા ગાળા માટે શક્ય. આ ગાળાના દરમ્યાન વિદેશી ફાળો મેળવવો નહિ. અને નોંધણી ઓથોરીટી દ્વારા સૂચવેલ પદ્ધતિ પ્રમાણે તેનો ઉપયોગ કરવો. (કલમ-૧૩)
૧૭. પ્રમાણપત્ર રદ કરવું	કોઈ જણાવેલ જોગવાઈ નહિ, પરંતુ સરકાર એસોસીએશનને પ્રતિબંધિત કક્ષમાં મૂકી શકાય.	(૧) જો અરજીમાં ખોટી માહિતી આપી હોય, પ્રમાણપત્રના નીતિ અને નિયમોનો ભંગ કર્યો હોય, કાયદા, નિયમ કે હુકમનો ભંગ કર્યો હોય કે લોકહિતમાં હોય તો કેન્દ્ર સરકાર રદ કરી શકે. (૨) એસોસીએશનને તક આપવામાં આવશે અને તેઓ નિર્ણય મળ્યાના ૩૦ દિવસમાં કેન્દ્ર સરકારને ફી સાથે અપીલ કરી કે છે. (કલમ-૧૪)
૧૮. રદ થયેલા એસોસીએશન-ના વિદેશી ફાળાની ટ્રાન્સફર	કોઈ જોગવાઈ નહિ.	રદ કરાયેલ લોકોના વિદેશી ફાળાની જવાબદારી જણાવેલી ઓથોરિટીને સોંપવામાં આવી છે. (પરિચ્છેદ-૧૬)
૧૯. પ્રમાણપત્રનું રિન્યુઅલ	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી	નોંધણી ઓથોરીટીને અરજી કરીને અવધિ સમાપ્ત થવાના બે વર્ષ પહેલાં રીન્યુઅલ મેળવી લેવું. (પરિચ્છેદ-૧૬)
૨૦. વિદેશી ફાળો મેળવવો અને બેન્કો	(૧) તે કોઈ પણ બેંક દ્વારા હોઈ શકે. (પરિચ્છેદ ૬ (૧)	(૧) વિદેશી ફાળો કોઈ શિડ્યુલ્ડ બેંકની શાખા એક જ ખાતામાં મેળવવો. (પરિચ્છેદ - ૧૭ (૨)).
	(૨) આવી કોઈ જોગવાઈ નહિ.	(૨) કોઈ પણ શિડ્યુલ્ડ બેંક ત્યાં સુધી વિદેશી ફાળાને જમા નહી કરે કે ઉપાડ નહીં આપે જ્યાં સુધી તે વ્યક્તિ દ્વારા નોંધણી પ્રમાણપત્ર/આગોતરી મંજૂરી મેળવી ન લેવામાં આવશે. (પરિચ્છેદ-૧૭ (૧).
	(૩) જણાવેલ નથી.	(૩) વ્યક્તિ વિદેશી ફાળાના ઉપયોગ અર્થે એક કે વધારે શિડ્યુલ્ડ બેંકમાં એક કે વધારે ખાતા ખોલાવી શકે. આવા ખાતામાં વિદેશી ફાળા સિવાયનું કોઈ પણ ફંડ જમા કરાવવાનું નહીં. (પરિચ્છેદ-૧૭(૨). વિદેશી ફાળો સીધો જ આ ખાતાંઓમાં મેળવી શકાશે નહીં.
	(૪) આવી કોઈ જોગવાઈ નહિ.	(૪) પરિચ્છેદ-૧૭(૨) હેઠળ વિદેશી ફાળો લેતી દરેક શિડ્યુલ્ડ બેંક નોંધણી ઓથોરિટીને ખાતામાં લીધેલ વિદેશી ફાળા અને પરિચ્છેદ ૧૭ (૨)માંની જોગવાઈ મુજબ બીજા ખાતામાં ટ્રાન્સફર કરાયેલ રકમ અને આવા ખાતામાંથી ઉપાડેલ રકમ (પરિચ્છેદ-૧૭ (૩) ની વિગતો આપશે.
૨૧. મિલકતનો નિકાલ	કોઈ જોગવાઈ નહી.	વિદેશી ફાળા દ્વારા સર્જિત મિલકતના સ્વરૂપને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર, જેનો નિકાલ થઈ શકે, તેવી મિલકતો અને પદ્ધતિ તેમ જ પ્રક્રિયા નક્કી કરશે.
૨૨. ખાતાંઓ/રેકોર્ડ્સની જપ્તી	જપ્તી મેળવ્યા બાદ તેને કોર્ટમાં રજૂ કરવામાં આવશે, જેમાં આવા ઉલ્લંઘન માટે કાર્યવાહી કરવામાં આવશે.	જપ્ત કરાયેલ રેકોર્ડસને રજૂ કરવા માટે કોર્ટ ઉપરાંત ઓથોરિટી અને ટ્રિબ્યુનલનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. (પરિચ્છેદ-૨૪)
૨૩. નિષેધક વસ્તુ/ચલણી	રૂ.૧૦૦૦થી વધારાના મૂલ્યની કોઈ પણ મિલકત જપ્ત કરી શકાય. (પરિચ્છેદ ૧૬)	મૂલ્ય ૧૦,૦૦૦ રૂ. હોવું જોઈએ. (પરિચ્છેદ-૨૫)
૨૪. જપ્તી પદ્ધતિ	કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર, ૧૯૭૩ના પરિચ્છેદ ૧૦૦ને અનુસરવું (પરિચ્છેદ-૧૭)	કેન્દ્ર સરકાર પદ્ધતિ નક્કી કરશે. વસ્તુ કે ચલણી નાણાં પોલિસ સ્ટેશનના ઓફિસર-ઈન-ચાર્જને સોંપવામાં આવશે. આ ઓફિસર વિગતવાર યાદી તૈયાર કરશે અને તેની ખરાઈની પ્રમાણભૂતતા માટે મેજિસ્ટ્રેટને અરજી કરશે. આ પ્રાથમિક પુરાવો ગણાશે. આ પોલિસ ઓફિસર પરિચ્છેદ હેઠળ

		(૧) સેશન્સ કોર્ટ અથવા મદદનીશ સેશન જજને જપ્તીના ચુકાદા માટે જપ્તીનો અહેવાલ આપશે. (પરિચ્છેદ - ૨૬).
૨૫. હાઈકોર્ટમાં અપીલ	કોઈ જોગવાઈ નહિ	પરિચ્છેદ-૩(૧)(એફ) (રાજકીય સ્વરૂપના સંગઠન) અને પરિચ્છેદ ૬ અને પરિચ્છેદ ૯માં જણાવેલ લોકો પરિચ્છેદ ૫ હેઠળ કરાયેલા હુકમ, મંજુરી ન આપવાના કેન્દ્ર સરકારના હુકમ અને પરિચ્છેદ ૧૨(૨) ૧૨(૪) હેઠળ કરાયેલા હુકમ (સર્ટિફિકેટ ઓફ રજિસ્ટ્રેશન ન આપવું) અને પરિચ્છેદ ૧૪(૧) (સર્ટિફિકેટને રદ કરવું) ના સંદર્ભમાં હાઈકોર્ટમાં અપીલ કરી શકાશે.
૨૬. પુનરાવર્તન	આવી કોઈ જોગવાઈ નહિ	(૧) રજિસ્ટરિંગ ઓથોરિટી પોતાની રીતે જ અથવા તો આ કાયદા હેઠળ રજીસ્ટર થયેલા વ્યક્તિ દ્વારા કરવામાં આવેલી અરજીને આધારે પુનરાવર્તન માટે તપાસ કરી શકે આવા હુકમ કરી શકે. (૨) રજીસ્ટરીંગ ઓથોરીટી પોતાની રીતે જ એક વર્ષ પહેલાં કરેલા હુકમને દોહરાવી શકશે નહીં. (૩) પુનરાવર્તન માટેની અરજી તેમને જે તારીખે હુકમ બજાવવામાં આવ્યો હોય અથવા તો તેમને તેની જાણ થઈ હોય, બેમાંથી જે પહેલાં હોય, તેના એક વર્ષમાં નિયમ ફી સાથે કરવામાં આવશે. (૪) જ્યારે હુકમની સામે અરજી કરવામાં આવી હોય, અને આવા હુકમ માટેની અરજીની અવધિ ગઈ ન હોય અથવા તેવી વ્યક્તિઓ આ અધિકારને જતો ન કર્યો હોય ત્યાં સુધી રજિસ્ટરિંગ ઓથોરિટી કોઈ હુકમને દોહરાવશે નહી.
૨૭. ખોટાં નિવેદન કરવા ખોટાં ખાતાં અંગે જાહેરાત	કોઈ અલગથી પરિચ્છેદ નહીં, પરંતુ બીજા પરિચ્છેદ હેઠળ	જો કોઈ વ્યક્તિ કોઈ પુસ્તક કે જાહેરાતમાં ખોટું કે પ્રપંચ માટે કોઈ પણ દસ્તાવેજ બદલી નાંખે અથવા તેનો નાશ કરે, ખોટી જાહેરાત કરે, પોતાના અથવા બીજા વ્યકિત માટે કોઈ લાભ મેળવવા પુસ્તક વગેરેમાં ખોટી એન્ટ્રી કરે, તેને પાંચ વર્ષની કેદ થઈ શકે છે. (પરિચ્છેદ-૩૩)
૨૮. માહિતી/દસ્તાવેજ માટે કેન્દ્ર સરકાર નક્કી કરાયેલી ઓથોરિટીની સત્તા	આવી કોઈ જોગવાઈ જણાવેલી નથી.	પરિચ્છેદ ૨૩માં જણાવેલ અધિકારીએ જાણવા માટે કે કાયદાનું કોઈ ઉલ્લંઘન કરાયેલ નથી, તેની માહિતી કોઈપણ વ્યક્તિ પાસેથી મેળવવા અને કેસની વિગતો સાથે સંકળાયેલ વ્યકિતની તપાસ માટે તેને બોલાવી શકે છે. (પરિચ્છેદ-૪૧)
૨૯. દિશાનિર્દેશ માટે કેન્દ્ર સરકારનો અધિકાર	આવી કોઈ જોગવાઈ નથી.	મેળવવામાં આવનાર વિદેશી ફાળાની પદ્ધતિ અને કોઈ પણ વ્યકિત દ્વારા આ ફાળાનો ઉપયોગ થઈ શકે તે હેતુ અંગે આ કાયદામાં કરવામાં આવેલી જોગવાઈના પાલન માટે કેન્દ્ર સરકાર નક્કી કરાયેલા ઓથોરિટીને દિશા નિર્દેશ કરી શકે. (પરિચ્છેદ-૪૫)
૩૦. અધિકારોની સોંપણી	આવી કોઈ જોગવાઈ નથી.	કેન્દ્ર સરકાર પોતાના અધિકાર અને કાર્યો નિર્દેશિત અથવા બીજી કોઈ ઓથોરિટીને સોંપી શકે. (પરિચ્છેદ-૪૬)
૩૧. આગોતરી મંજૂરી અવધિ ૯૦ દિવસ/ ૧૨૦ દિવસ	જો અરજીને ૯૦/૧૨૦ દિવસમાં ખારીજ કરવામાં આવે તો આગોતરી મંજૂરી આપવામાં આવી છે તેવું માની લેવું. (પરિચ્છેદ-૧૧)	આવી કોઈ જોગવાઈ નહિ.

કલમ-૧૧: નોંધણી: નોંધણીની સત્તા અને ગૃહ મંત્રાલય અલગ-અલગ છે. ક્ષેત્રીય ઓફિસ ખોલવામાં આવશે. હાલની સંસ્થાઓ પાસે જે જૂના રજીસ્ટ્રેશન નંબર છે તેમણે કાયદો અમલમાં આવે તેના બે વર્ષમાં ફરી રજિસ્ટર કરાવવાનું રહેશે. સંસ્થાના ડાયરેક્ટર કે બીજા સભ્યો કાયદા હેઠળ ગુનાઇત માનવામાં આવશે. અથવા તો કાંઈ વાંધો ઉઠાવવામાં આવશે તો તે નોંધણી મેળવી શકશે નહિ.

કલમ-૧૨: નોંધણી અધિકારી સંસ્થાની નોંધણી માટે શરતો મૂકી શકશે તેવી જોગવાઈ કરવામાં આવી છે. શરતો મૂકવાના અધિકાર સરકાર પાસે રહેશે.

કલમ-૧૬: સરકાર પાસે પ્રમાણપત્ર રદ કરવાના હક્કો રહેલા છે. અગાઉનાં કાયદામાં પ્રમાણપત્ર રદ કરવાની જોગવાઈ નથી. આ બાબત ઘણી ગંભીર છે. તેને ધ્યાનમાં લેવાની ખૂબ જરૂર છે.

કલમ-૧૭:

- સરકાર પાસે પ્રમાણપત્ર રદ કરવાની સત્તા છે.
- સંસ્થા દ્વારા જાહેર હિતનો ભય થતો હોય તો સરકાર નોંધણી રદ કરી શકે છે.
- પ્રમાણપત્ર રદ થયેલી સંસ્થાઓ બીજા ત્રણ વર્ષ માટે ફરી નોંધણી કરાવી શકશે નહિ.

કલમ-૧૮: સંસ્થાકીય ફંડ: રદ થયેલી સંસ્થાના ફંડનો ઉપયોગ કેવી રીતે કરવો તેની સત્તા સરકાર પાસે રહેલી છે.

કલમ-૨૦: વિદેશી ફાળો જે તે ખાતામાં જમા થયા પછી બેંકની જવાબદારી ગૃહ મંત્રાલયમાં જણાવવાની રહેશે. વિભાગ ૧૦નાં હેઠળ ગૃહ મંત્રાલય દ્વારા વિદેશી ખાતાની લેવડ દેવડ બેંક દ્વારા બંધ કરાવી શકશે.

કલમ ૨૧: મિલકતોનો નિકાલ: વિદેશી ફાળા દ્વારા ખરીદવામાં આવેલી મિલકતો જપ્ત કરવાની સત્તા સરકાર પાસે છે. આવી મિલકતોનો નિકાલ કેવી રીતે કરવો તેની પદ્ધતિ તેમ જ પ્રક્રિયા સરકાર દ્વારા નક્કી કરવામાં આવશે.

કલમ-૨૭: આ વિભાગમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે જો કોઈ વ્યક્તિ ખોટા હિસાબો કે જાહેરાત રજૂ કરે તો તે ગુનાપાત્ર છે. અને તેને ૫ વર્ષની સજા થઈ શકે છે.

મહત્ત્વની બાબતો

આ બેઠકમાં ચર્ચામાં નીચેના મુદ્દા બહાર આવ્યા:

- કાયદામાં જણાવ્યા મુજબ આ કાયદો ફક્ત સ્વૈચ્છિક ક્ષેત્રને જ અસર કરવાનો છે.
- જો દેશ વિરોધી કામો માટે અને રાજકીય સત્તા મેળવવા માટે આવા નાણા મંગાવવામાં આવતા હોય તો તેનો વિરોધ જરૂરથી કરવો જોઈએ. દેશની કુલ વિદેશી આવક/ફંડમાંથી માત્ર ૧ ટકા જેટલું જ સામાજિક સંસ્થાઓને મળે છે.
- આ કાયદો આપણા પર તેની નકારાત્મક છાપ છોડે છે.
- કાયદામાં સુધારા-વધારા લાવવાની જરૂર છે.
- આ કાયદામાં જણાવ્યાં મુજબ સંસ્થાનાં ટ્રસ્ટી મંડળમાં થતા બદલાવને પણ તપાસવામાં આવશે.
- જો દર ૫ વર્ષે ફરીથી નોંધણી કરાવવાની હશે તો લાંબા ગાળાની યોજનાઓ હાથમાં નહિ લઈ શકાય.
- વિદેશી ફંડને નિયમિત કરવા એફ.ઈ.એમ.એ. હેઠળ કામ થાય.
- 'વાણી' દ્વારા દેશવ્યાપી આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે. આપણે પણ ગુજરાત સ્તરે કંઈક પ્રયત્નો કરવાની જરૂર છે.
- આ કાયદો મોટા ભાગે સ્વૈચ્છિક ક્ષેત્રને ઘણી અસર કરશે. તેના માટે રણનીતિ ઘડવાની જરૂર છે. બધા જ સભ્યોએ આ કાયદાને નકારી કાઢ્યો છે. એવી જ રીતે એફ.સી.આર.એ. ને પણ નકારી કાઢવાની જરૂર છે.

પૂનમચંદ્ર પાંડેય

(મુખ્ય અધિકારી, 'વાણી', દિલ્લી)

વિદેશી ફંડફાળા નિયમન ધારો (એફ.સી.આર.એ.)ને બદલે વિદેશી ફંડફાળા સંચાલન અને નિયંત્રણ (એફ.સી.એમ.સી.) ધારો ઘડવાની કેન્દ્રની દરખાસ્તથી સ્વૈચ્છિક ક્ષેત્ર ગંભીર રીતે ચિંતિત છે. ૨૦૦૨-૦૩ના અંદાજ મુજબ ભારતમાં બિન-સરકારી સંગઠનોને રૂ.૫૦૦૦ કરોડ વિદેશોમાંથી પ્રાપ્ત થયા હતા. સ્વૈચ્છિક ક્ષેત્ર આરોગ્ય, શિક્ષણ, પાણી, બાળ વિકાસ, મહિલા વિકાસ, એઈડ્સ નિયંત્રણ, પંચાયતી રાજ વગેરે જેવાં ક્ષેત્રોમાં સરકારને પૂરક એવું કામ કરે છે. પણ તેમને પણ ઘણાં નિયમનો હેઠળ કામ કરવાનું હોય છે. તેમનામાં ફંડના સંચાલન અને પારદર્શિતા માટે આ નવો કાયદો લાવવાનું વિચારાયું છે. વાસ્તવમાં, એ માટે બેમાંથી એકેય કાયદાની જરૂર નથી.

એક એવી દલીલ કરવામાં આવે છે કે ભાંગફોડિયા પ્રવૃત્તિ માટેનાં નાણાં આંતરરાષ્ટ્રીય દાતાઓ અને બેકો પાસેથી આવે છે. આ બોગસ દલીલ છે. સરકારને સલામતી અંગે જેટલી ચિંતા થાય છે તેટલી જ ચિંતા સ્વૈચ્છિક ક્ષેત્રને પણ છે. પરંતુ એફ.સી.એમ.સી. ધારો સ્વૈચ્છિક ક્ષેત્ર માટે કામ કરવાનું મુશ્કેલ બને તે માટે ઘડવામાં આવી રહ્યો છે. નવા સૂચિત ધારાની નીચેની જોગવાઈઓ સ્વૈચ્છિક ક્ષેત્રને વિપરીત અસર કરી શકે છે:

(૧) નોંધાયેલાં સંગઠનોએ બે વર્ષમાં ફરી વાર નોંધણી કરાવવાની રહેશે. જેમને મંજૂરી મળી ગઈ છે તેમને પણ.
(૨) દર પાંચ વર્ષે નોંધણી તાજી કરાવવાની રહેશે.
(૩) નોંધણીનું પ્રમાણપત્ર સ્થગિત થઈ શકે અથવા રદ થઈ શકે.
(૪) પ્રાપ્ત દાનના ૩૦ ટકાથી વધારે વહીવટી ખર્ચ ના થવું જોઈએ.
(૫) કેદ સહિતની સજાની જોગવાઈ કરાઈ છે.

આરોગ્ય સંભાળ માટેનું ખર્ચ: જીવન અને મૃત્યુનો સવાલ

માનવ વિકાસમાં આરોગ્ય એક મહત્ત્વની બાબત છે. ભારતમાં આરોગ્યની સંભાળની સેવાઓ ખાસ કરીને ગરીબોને ઉપલબ્ધ થતી નથી. ૧૯૯૧ પછીનાં વર્ષોમાં તો રાજ્ય વધારે ને વધારે પ્રમાણમાં આરોગ્ય સેવાઓમાંથી પાછું હટી રહ્યું છે એમ લાગે છે. ત્યારે 'ઈન્ડિયન જર્નલ ઓફ મેડિકલ એથિક્સ'નાં વહીવટી તંત્રી **સુશ્રી સંધ્યા શ્રીનિવાસન** દ્વારા લખવામાં આવેલો આ લેખ આ મહત્ત્વના પ્રશ્ન વિશે અગત્યના મુદ્દાઓની છણાવટ કરે છે.

પ્રસ્તાવના

મોટા ભાગના ભારતીયો જે બીમારીઓથી પિડાય છે તે ગરીબી અને જીવનની ખરાબ સ્થિતિ સાથે સંકળાયેલી છે. બાળકો બીમાર પડે છે. કારણ કે તેમને પૂરતી રસીઓ આપવામાં આવી હોતી નથી. મા-બાપો મરી જાય છે કારણ કે આરોગ્ય કેન્દ્રો ખૂબ દૂર છે અથવા તો જીવનરક્ષક દવાઓ પ્રાપ્ય નથી. લોકોએ બીમાર પડવું પડે અને મરવું પડે કારણ કે મૂળભૂત જરૂરી સારવાર મળતી નથી એ શું અન્યાય નથી? મૂળભૂત રીતે જોઈએ તો એ જીવન જીવવાના અધિકારનો જ ભંગ છે.

આવા સમાચારો આપણે વરસોવરસ વાંચી રહ્યા છીએ. આદિવાસી બાળકો બળિયાના રોગચાળામાં મરી જાય છે. તેઓ બીમાર પડે છે કારણ કે તેઓ અપોષણથી પિડાય છે. પરિવારો દેવાદાર થઈ રહ્યાં છે કારણ કે તેમણે તેમના આપ્તજનોને બચાવવા ખૂબ મોટું ખર્ચ કરવું પડે છે. હોસ્પિટલોમાં દરદીઓને જ્યાં સુધી તેઓ બિલ ના ચૂકવે ત્યાં સુધી બાનમાં રાખવામાં આવે છે. અને બીજી તરફ, રોષે ભરાયેલા દર્દીઓ અને તેમનાં સગાંઓ દ્વારા હોસ્પિટલોના સ્ટાફ ઉપર હુમલા કરવામાં આવે છે.

ગરીબી અને અનારોગ્ય

ભારતમાં ૫ વર્ષથી નીચે વયનાં લગભગ અડધાં બાળકો અપોષણથી પિડાય છે. એક એવો અંદાજ છે કે માત્ર મહારાષ્ટ્રમાં જ લગભગ બે લાખ બાળકો અપોષણ સાથે સંબંધિત રોગોને લીધે દર વર્ષે મૃત્યુ પામે છે. ભારતમાં લગભગ ૫૦ ટકા સ્ત્રીઓ એનીમિયાથી પિડાય છે. દેશમાં લગભગ એક લાખ સ્ત્રીઓ દર વર્ષે પ્રસૂતિ સમયે મૃત્યુ પામે છે. એનું કારણ એ છે કે તેમને પૂરતી સારવાર મળતી નથી. દર વર્ષે લગભગ ૫ લાખ લોકો ટીબીથી મૃત્યુ પામે છે. બીજી તરફ, ટીબી તો એક એવો રોગ છે કે જેની સારવાર થઈ શકે છે અને સરકાર દ્વારા તેની મફત સારવાર પ્રાપ્ય બની શકે તેમ છે.

પર્યાપ્ત પોષણ, સ્વચ્છ પાણી અને સફાઈ, અસરકારક રસીકરણ અને આરોગ્ય સેવાઓની પ્રાપ્તિ વગેરે દ્વારા આ મૃત્યુને અટકાવી શકાય તેમ છે. જીવનનિર્વાહ કમાવાનો અધિકાર, અન્નનો અધિકાર, યોગ્ય જીવન જીવવાનો અધિકાર, આરોગ્ય સંભાળનો અધિકાર - આ બધા અધિકારો પરસ્પર સંબંધિત છે. લોકો પોતે પોતાના આ અધિકારો પ્રાપ્ત કરી શકે તે માટે તેમને સક્ષમ બનાવવા એ સરકારની ફરજ છે.

અમેરિકા, બ્રિટન અને કેનેડા જેવા ધનવાન દેશોમાં અને શ્રીલંકા તથા ક્યુબા જેવા ગરીબ દેશોમાં પણ સરકારો આ કામ કરે છે. પરંતુ ભારતમાં આરોગ્ય સંભાળ પ્રત્યે ભારત સરકારની પ્રતિબદ્ધતા પરિપૂર્ણ થયેલી નજરે પડતી નથી. જો કે, અનેક સમિતિઓના અહેવાલોમાં આવી પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે ખરી. તાજેતરનાં વર્ષોમાં તો સરકારની આ પ્રતિબદ્ધતાને વધારે મર્યાદિત કરવામાં આવી છે. લોકો પાયાની સારવાર મેળવી શકતા નથી તેથી માંદગી અને મોતને સ્વીકારી લે એ શું અન્યાય નથી?

દેશભરમાંથી એવા અહેવાલો મળી રહ્યા છે કે જાહેર આરોગ્યની વ્યવસ્થા બગડી રહી છે, સંકોચાઈ રહી છે. 'જન સ્વાસ્થ્ય અભિયાન'ની જાહેર સુનાવણીઓમાંથી પણ એ જ વાત છતી થાય છે.

આ પરિસ્થિતિ કેવી રીતે ઊભી થઈ?

આરોગ્ય સંભાળ માટે થતા ખર્ચનાં વલણો વિશે જોઈએ તો જણાય છે કે મોટે ભાગે લોકો જ એ ખર્ચ વેંઢારે છે, સરકાર તો ખૂબ જ ઓછું ખર્ચ કરે છે. તો પછી આપણને એ વાતનું આશ્ચર્ય ન થવું જોઈએ કે દક્ષિણ એશિયા પ્રદેશમાં સૌથી ખરાબ પરિસ્થિતિ આરોગ્યના ક્ષેત્રે ભારતની છે. ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે એ વાત જ ગરીબો ગરીબીની જાળમાં ફસાયા છે તેની ચાડી ખાય છે.

સરકારી નીતિનો ઈતિહાસ એમ જણાવે છે કે આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થાઓએ ભારતમાં આરોગ્ય ક્ષેત્રે કેવી ભૂમિકા ભજવી છે. આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિનું વિહંગાવલોકન કરતાં જણાય છે કે

દેશની સંપત્તિ કેટલી છે અને કેટલું ખર્ચ આરોગ્ય પર થાય છે તે જ બાબતો લોકોના આરોગ્યને અસર કરે છે એવું નથી, પણ નાણાં કેવી રીતે ખર્ચાય તે મહત્ત્વનું છે, એ નાણાંનો ઉપયોગ કેવી રીતે થાય છે તે અગત્યનું છે. અત્યારે આરોગ્ય ક્ષેત્રે ખાનગી ક્ષેત્રનો વધારો થઈ રહ્યો છે. આવશ્યક દવાઓ મોંઘી થઈ રહી છે અને તેમની પ્રાપ્તિ ઘટી રહી છે અને માનસિક આરોગ્ય સંભાળ વિશે ધ્યાન આપવામાં આવતું નથી અને આરોગ્ય સંભાળની મહિલાઓની સમસ્યાઓ વિશે પણ ધ્યાન અપાતું નથી.

રસ્તો ક્યાં છે?

એક બાબત સ્પષ્ટ છે, અને તે એ છે કે આરોગ્ય સંભાળનું વિતરણ સમાન રીતે નહિ થાય, જો તેને બજારની વસ્તુ ગણવામાં આવશે તો. સ્પર્ધાથી ભાવ ઘટે જ છે એવું નથી. આરોગ્ય સંભાળ મેળવવાની હરીફાઈમાં તો ગરીબો તો બજારની બહાર જ ફેંકાઈ જાય. અનેક પ્રયોગોએ એમ બતાવ્યું છે કે અસરકારક રીતે આરોગ્ય સંભાળ મેળવવા માટે સમુદાયોને એકત્ર કરી શકાય છે. આ આરોગ્ય સંભાળ ખર્ચાળ પણ નથી હોતી અને સાથે સાથે ટેક્નોલોજીની દૃષ્ટિએ બહુ જટિલ પણ નથી. જો કે, તેથી કંઈ સરકાર તેની પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહિ. સરકાર કામ કરતી થાય તે માટેના પ્રયાસો કરવા પડે તેમ છે.

'જન સ્વાસ્થ્ય અભિયાન'એ આવું એક લોક આરોગ્ય આંદોલન છે. તે સ્વાસ્થ્ય સંભાળના અધિકારને પ્રતિપાદિત કરે છે. દુનિયાભરમાં આ પ્રકારનું આંદોલન ચાલી રહ્યું છે. તે આરોગ્યના સામાજિક નિર્ધારકો ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. 'જન સ્વાસ્થ્ય અભિયાન' એવાં અનેક બિન-સરકારી સંગઠનોનો એક એવો મંચ છે કે જે આરોગ્યના રાજકીય અને બિન-રાજકીય દૃષ્ટિકોણોને અભિવ્યક્ત કરે છે. 'જન સ્વાસ્થ્ય અભિયાન'ની પ્રવૃત્તિઓમાં જાહેર સુનાવણીથી માંડીને રાજ્ય તેમ જ રાષ્ટ્રીય કક્ષાની નીતિઓમાં દરમ્યાનગીરી કરવા સુધીનો સમાવેશ થાય છે. તાજેતરમાં જ 'રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન' શરૂ કરાયું છે. તેનો હેતુ તમામ આરોગ્ય કાર્યક્રમોનું સંકલન કરવાનો છે. તેમાં પણ આવી જ એક દરમ્યાનગીરી હમણાં કરવામાં આવી છે.

આરોગ્યનો અધિકાર તમામ વંચિતોને પ્રાપ્ત કરાવવાના હેતુ સાથે ચાલતા 'જન સ્વાસ્થ્ય અભિયાન'ના સંયોજક શ્રી બી. ઈકબાલ પણ કહે છે કે સમસ્યા માત્ર નાણાંની નથી, તે કેવી રીતે વપરાય છે તેની પણ છે. મોટે ભાગે આરોગ્ય ક્ષેત્રની યોજનાઓમાં લોકોની ભાગીદારી હોતી નથી. પરિણામે લોકો એ યોજનાઓના આયોજન અને અમલમાં સામેલ થતા નથી. કેરળમાં આરોગ્ય ક્ષેત્રે વિકેન્દ્રીકરણનો પ્રયોગ પણ કરાયો છે. તેમાં મહદંશે એમ સાબિત થયું છે કે લોકોની સામેલગીરીથી સમગ્ર આરોગ્ય સંભાળ વ્યવસ્થાની કામગીરી બદલી શકાય છે. તેમાં કંઈ વધારે નાણાંની જરૂર પડતી નથી. લોકોની સામેલગીરી વિકાસ માટેનો અગત્યનો મંત્ર છે. આરોગ્ય ક્ષેત્રે લોકોની સ્થિતિ સુધારવી હશે તો સરકાર આ ક્ષેત્રે જે કાર્યો કરે છે તેમાં લોકોને આયોજન અને અમલની બાબતમાં ભાગીદાર બનાવવા પડશે.

'સ્માઈલ ફાઉન્ડેશન'ની અપીલ

'સ્માઈલ' અધિકાર-આધારિત અભિગમથી બાળ કલ્યાણની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપનારું એક વિકાસલક્ષી સંગઠન છે. તે વંચિત બાળકોના પાયાના શિક્ષણ અને આરોગ્ય સંભાળ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે અને તેઓ સક્ષમ બને તે માટે કાર્ય કરે છે. તે માને છે કે શિક્ષણ એ દરેક બાળકનો જન્મસિદ્ધ અધિકાર છે અને તે સ્થાનિક સંગઠનોને મજબૂત કરવાનું અને તેમની ક્ષમતા આ ક્ષેત્રે વધારવાનું કામ કરે છે.

'સ્માઇલ' નીચેની બાબતો માટેના પ્રયાસોને પ્રોત્સાહન આપે છેઃ

- બાળકો શિક્ષણ અને આરોગ્ય સંભાળ પ્રાપ્ત કરે તે માટે સ્થાનિક બિન-સરકારી સંગઠનોની ક્ષમતા વધે તે કાજે નાણાકીય સહાય અને સંસાધનો આપવાં.
- ઔપચારિક/અનૌપચારિક શિક્ષણ, વ્યવસાયી તાલીમ અને આરોગ્ય સંભાળ માટે સમુદાય, ખાનગી, જાહેર કંપનીઓ અને સંગઠનો સાથે ભાગીદારી.
- દાતા અને પ્રાપ્તિકર્તા વચ્ચે ભાગીદારી.
- બાળકો અને યુવાનોના પ્રશ્નો વિશેની હિમાયત ઝુંબેશને ટેકો.

ગુજરાતમાં અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, આણંદ અને ખેડા જિલ્લામાં તથા રાજસ્થાનમાં અજમેર, અલ્વર, ભરતપુર, ભિલવાડા, ચિત્તોડગઢ, દૌસા, જયપુર અને ઝુનઝુનુ જિલ્લામાં સંસ્થા કામ કરવા માગે છે. પ્રોજેક્ટ માટે સહાય મેળવવા ઈચ્છતા બિન-સરકારી સંગઠને સંપર્ક કરવોઃ mumbai@smilefoundationindia.org

નોબેલ શાંતિ પારિતોષિક માટે ૧૦૦૦ મહિલાઓની ઉમેદવારી

આ વર્ષે ૧૫૦ દેશોની ૧૦૦૦ મહિલાઓનાં નામ વિખ્યાત નોબેલ શાંતિ પારિતોષિક માટે સંયુક્ત રીતે મોકલવામાં આવ્યાં. જાન્યુઆરી-૨૦૦૫માં નોર્વેના પાટનગર ઓસ્લો ખાતે આ નામો સત્તાવાર રીતે પ્રસ્તુત કરાયાં. આ એક હજાર નામો દુનિયાભરમાં શાંતિ અને માનવ ગૌરવ માટે કામ કરનારી અસંખ્યા મહિલાઓનું પ્રતિનિધિત્વ કરે છે. ભારતમાંથી આ ૧૦૦૦ મહિલાઓમાં સ્થાન પામનારાં રાજસ્થાનમાં સામાજિક કર્મશીલ **સુશ્રી કોમલ શ્રીવાસ્તવ** દ્વારા આ લેખમાં આ સમગ્ર પ્રક્રિયા અને તેના ઈરાદા વિશે વાત કરાઈ છે.

શાંતિ મૂલ્યવાન અને કીમતી છે

આજે આપણા જીવનમાં જ્યારે રોજેરોજ હિંસાનો આપણે સામનો કરીએ છીએ ત્યારે ખરેખર તો શાંતિ એ એક ભાગ્યે જ મળતી ચીજ છે. રાષ્ટ્રો વચ્ચેનાં અને ધાર્મિક જૂથો વચ્ચેનાં યુદ્ધો, આર્થિક નીતિઓ, બજારનાં પરિબળો અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય નીતિઓને પરિણામે આમ બન્યું છે. દુનિયાભરમાં આ નીતિઓ અને વ્યવહારો માત્ર શક્તિશાળી લોકો અને ધનવાનોના જ હિતમાં હોય છે. શસ્ત્રો, લશ્કરો અને આતંકવાદ સામે લડવા માટે પ્રચુર માત્રામાં નાણાંનો વ્યય થાય છે.

આમ જનતા, ખાસ કરીને કચડાયેલા લોકો, મહિલાઓ અને ગરીબો વધુ ને વધુ પ્રમાણમાં તેમના જીવન ઉપરનો અંકુશ ગુમાવી રહ્યાં છે એમ લાગે છે. તાજેતરનાં વર્ષોમાં નોંધપાત્ર ફેરફારો જોયા છેઃ ભૂખમરામાં વધારો થયો છે, અપોષણ વધ્યું છે, પ્રાકૃતિક સંસાધનોનું ધોવાણ થયું છે અને તે પ્રદૂષિત થયાં છે, સ્થળાંતર, વિસ્થાપન અને બેકારી વધ્યાં છે. સમાજના પાયાના તંતુઓ સામે જ ખતરો ઊભો થયો છે અને તેમાં બાળકો અને મહિલાઓને સૌથી વધુ વિપરીત અસર થઈ છે.

વિવિધ રાષ્ટ્રો, ધાર્મિક જૂથો અને સમુદાયો વચ્ચે અનેક શાંતિ સંધિઓ થઈ છે અને શાંતિ નીતિઓ ઘડાઈ છે. પરંતુ એ એટલી બધી જટિલ છે કે ગરીબો, છેવાડે ફેંકાઈ ગયેલા લોકો આ બધી નીતિઓનો વાસ્તવમાં ભોગ બનતા હોય છે. આવી ઘણી નીતિઓ હિંસા અને અસલામતી તરફ દોરી જાય છે અને દુનિયાના વિવિધ પ્રદેશોમાં અશાંતિ સાથે સાથે જ વધે છે કે જેનો હેતુ નાગરિક સમાજનો જ નાશ કરવાનો છે.

દુનિયાભરમાં એવા ઘણા લોકો અને ખાસ કરીને મહિલાઓ છે કે જેઓ હિંસા થતી રોકવા માટે, હિંસા ફેલાતી અટકાવવા માટે અને હિંસાથી પડેલા ઘા રૂઝવવા માટે પ્રતિબદ્ધ છે. તેઓ સલામત જીવન માટે કશાય દંભ વિના કામ કરે છે, એવું સલામત જીવન કે જે ભેદભાવથી મુક્ત હોય, આરોગ્યપ્રદ પોષણ અને સ્વચ્છ પાણી જેમાં મળતાં હોય, આરોગ્ય સંભાળ અને શિક્ષણ જેમાં પ્રાપ્ત થતાં હોય, શોષણ સામે રક્ષણ મળતું હોય અને ખાસ કરીને સંઘર્ષોનો ઉકેલ અહિંસક રીતે આવતો હોય. પરંતુ તેમના કામની ભાગ્યે જ કોઈ કદર થાય છે.

ખૂબ જ વિખ્યાત નોબેલ શાંતિ પારિતોષિક મેળવનારાઓમાં પણ સ્ત્રીઓ ખૂબ જ ઓછી છે. તે સામાન્યતયા એવી વ્યક્તિઓને આપવામાં આવે છે કે જેઓ શાંતિની પ્રક્રિયાઓમાં ખૂબ જ મોટી જવાબદારીઓ ઉઠાવે છે. ૧૯૦૧માં આ નોબેલ શાંતિ પારિતોષિકની શરૂઆત થઈ. ત્યારથી અત્યાર સુધીમાં ૮૦ પુરુષો, ૨૦ સંગઠનો અને ૧૨ સ્ત્રીઓને શાંતિને પ્રોત્સાહન આપવાની તેમની પ્રતિબદ્ધતા માટે આ ઇનામ મળ્યું છે.

૨૦૦૫ના નોબેલ શાંતિ પારિતોષિક માટે ૧૦૦૦ મહિલાઓનો દાવો

૧૯૦૫માં સૌ પ્રથમ વાર બર્થા વોન સટનર નામનાં મહિલાને નોબેલ શાંતિ પારિતોષિક પ્રાપ્ત થયું હતું. એને ૧૦૦ વર્ષ થયાં. ૧૦૦ વર્ષ પછી મહિલાઓના કાર્યને સ્વીકૃતિ મળે છે. આ ૧૦૦૦ મહિલાઓએ જે ઉદાહરણીય કાર્ય કર્યું છે તેને આ પ્રખ્યાત અને પ્રતિષ્ઠિત ઈનામ માટે મોકલાયું છે તેથી જ તેમની સ્વીકૃતિ પ્રાપ્ત થઈ છે. અન્યાય, ભેદભાવ, દમન અને હિંસાનો સામનો કરવાના મહિલાઓના પ્રયાસો દૃશ્યમાન બનાવવાનો આથી ઈરાદો છે. તેથી જ શાંતિ માટે કામ કરતી આ મહિલાઓની વિવિધ વ્યૂહરચનાઓનું દસ્તાવેજીકરણ થયું છે અને તેમને દુનિયાભરમાં દૃશ્યમાન બનાવવામાં આવી છે. તે માટે લેખિત વિગતો, અવાજ, દૃશ્યો, જીવનચરિત્રો અને ફિલ્મો પ્રાપ્ય બનાવાયાં છે. આ દસ્તાવેજીકરણ રચનાત્મક રીતે સંઘર્ષોના નિવારણ માટેની સર્જનાત્મક અને વૈવિધ્યપૂર્ણ વ્યૂહરચનાઓનું નિદર્શન કરવાનો હેતુ ધરાવે છે. આ પ્રક્રિયા નિમ્નલિખિત હેતુઓ

સાથે શરૂ થઈ હતી.

શાંતિને પ્રોત્સાહન

એવી આશા હતી કે જો આ મહિલાઓને નોબેલ શાંતિ ઈનામ મળશે તો તેમની સ્વીકૃતિ વધશે અને દુનિયાભરમાં મહિલાઓના કાર્યનું સન્માન થશે. મહિલાઓ ભાગ્યે જ એકલી કામ કરે છે, તેઓ નેટવર્ક્સમાં સક્રિય છે. સાથે સાથે આ ૧૦૦૦ મહિલાઓના શાંતિ કાર્યની પ્રસિદ્ધિ થશે.

શાંતિ કાર્યની વૈજ્ઞાનિક રીતે ચકાસણી

જેમનાં નામ નોબેલ શાંતિ પારિતોષિક માટે નોંધાવાયાં તે મહિલાઓ અને તેમનું કાર્ય તથા તેમની સામાજિક, રાજકીય અને આર્થિક પરિવર્તન માટેની વ્યૂહરચનાઓ ભાવિ સંઘર્ષ, સંશોધન અને શાંતિને પ્રોત્સાહન માટેના નીતિ-નિર્ધારણ માટે ખૂબ જ અગત્યનું પ્રોત્સાહન પૂરું પાડે છે. એ કારણે જ, તમામ ખંડોની વિવિધ યુનિવર્સિટીઓના સંશોધકો શાંતિ માટેની આ પ્રયાસોનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરશે અને તેમનાં પરિણામો પ્રસિદ્ધિ કરશે.

નેટવર્ક્સની મજબૂતી

આ પ્રયાસથી શાંતિ માટેનાં નેટવર્ક્સ અને મહિલાઓનાં નેટવર્ક્સ મજબૂત થશે અને શક્ય હશે તો નવાં ઊભાં થશે. આ દસ્તાવેજીકરણ દુનિયાભરમાં શાળાઓ અને યુનિવર્સિટીઓને પ્રાપ્ય બનશે અને એમાંથી વિદ્યાજગતમાં પરિવર્તનના આ કાર્ય વિશે વધુ વિનિમય થશે અને સામગ્રીનું મૂલ્યાંકન થશે.

આ રીતે દુનિયાભરમાં મહિલાઓ દ્વારા શાંતિ માટે થતું કાર્ય સુરેખ રીતે પ્રાપ્ય બનશે, આસાનીથી સમજી શકાય તેવું બનશે અને તેનો પ્રચાર-પ્રસાર થશે. આ રીતે સંઘર્ષની પરિસ્થિતિમાં સ્ત્રીઓ અને પુરુષો શાંતિપૂર્ણ ઉકેલો માટે પ્રતિબદ્ધ થવા પ્રોત્સાહિત થશે.

શાંતિનો ખ્યાલ

આ સમગ્ર પ્રક્રિયામાં શાંતિની વિભાવનાને વિસ્તારવામાં આવી છે. તેમાં માનવ સલામતી, ભેદભાવ અને હિંસા સામે રક્ષણ, શિક્ષણ, રાજકીય સહભાગિતા, આરોગ્ય સંભાળ અને કુટુંબ નિયોજનના અધિકારો, માલિકીના નિયમો, સંસાધનોની મુક્ત પ્રાપ્તિ અને કાયદાના શાસન વગેરે બાબતો ઉપર આધાર રાખવામાં આવ્યો છે. આમ શાંતિનાં અનેક પાસાં છે:

- માનવ અધિકારોને પ્રોત્સાહન અને તેમનું રક્ષણ.
- બાળકો, મહિલાઓ, વિકલાંગો અને અન્ય નબળાં જૂથોનું રક્ષણ.
- તમામ સ્વરૂપોમાં ગરીબીની નાબૂદી.
- તંદુરસ્ત અને ચિરંતન પ્રાકૃતિક પર્યાવરણની જાળવણી.
- માળખાગત હિંસા અને ભેદભાવ (પિતૃસત્તાક, જ્ઞાતિગત, વર્ગીય જાતીય અને વંશીય) સામે લડાઈ.
- ન્યાયી સામાજિક અને આર્થિક વ્યવસ્થાની સ્થાપના.
- સંસાધનોની સાર્વત્રિક પ્રાપ્તિ.
- શાંતિ માટેની વાટાઘાટો અને સંઘર્ષમાં મધ્યસ્થીને પ્રોત્સાહન.
- આરોગ્ય અને શિક્ષણ.
- શાંતિને જોખમમાં મૂકતી વ્યવસ્થાઓનું વિશ્લેષણ.
- માનવ અધિકારોના ભંગ અને યુદ્ધના ગુનાઓનું દસ્તાવેજીકરણ
- તમામ શસ્ત્રો અને ખાસ કરીને નાનાં શસ્ત્રોના ફેલાવા સામેનાં પગલાં.

ઉમેદવારીનો માપદંડ

મહિલાઓની ઉમેદવારી માટેના મુખ્ય માપદંડો નીચે ટૂંકમાં આપવામાં આવ્યા છેઃ

- તેઓ સંઘર્ષની પરિસ્થિતિમાં, માળખાગત અન્યાયો અને અસમાનતાઓની સામે સક્રિય અહિંસક પ્રતિભાવ આપે છે અને તેવા પ્રતિભાવને પ્રોત્સાહન આપે છે.
- તેમનું કાર્ય ટકાઉ છે અને લાંબા ગાળાનું છે.
- તેઓ ઉદાહરણીય રીતે નેતૃત્વ પૂરું પાડે છે, નૈતિક હિંમત અને જવાબદારી સાથે વર્તે છે.
- તેમનું સામાજિક, આર્થિક અને રાજકીય પરિવર્તન માટેનું કાર્ય ઉદાહરણીય છે અને અનુકરણીય છે.
- તેઓ શાંતિના હેતુ માટે કામ કરે છે, રાજકીય લાભ માટે કે પોતાના લાભ માટે નહિ.
- તેમનું કાર્ય પારદર્શી છે અને વ્યાપક જાગતિક સહિષ્ણુતા પર આધારિત છે.
- તેઓ વિવિધ પશ્ચાદ્‌ભૂ ધરાવતા અને સંઘર્ષોથી વિભાજિત એવા દુનિયાભરના તમામ લોકોને કશાય ભેદભાવ વિના સમાવે છે અને તેમની સાથે કામ કરે છે.

પડકારરૂપ કાર્ય

૧૦૦૦ મહિલાઓની ઉમેદવારી નોંધાવવાનું કાર્ય ૨૦૦૩માં શરૂ થયું. તેમાં શાંતિ માટે કામ કરનારી મહિલાઓની પ્રતિબદ્ધતાને સ્વીકૃતિ મળે અને બધાને તેમની જાણ થાય એવી માન્યતા તેની પાછળ કામ કરતી હતી. તે આરંભમાં સ્વિત્ઝર્લેન્ડના પ્રયાસોથી શરૂ થયું પરંતુ પછીથી તેને વૈશ્વિક ટેકો સાંપડ્યો. દુનિયાના જુદા જુદા ૨૦ પ્રદેશોના અનેક સ્વૈચ્છિક સહાયકો અને સંયોજકોએ આ કામ કર્યું. તેમણે તેમના પ્રદેશોમાંથી એ મહિલઓને ઓળખી કાઢી અને તેમના કાર્યનું દસ્તાવેજીકરણ કર્યું અને માહિતીની આપ-લેની પદ્ધતિઓ ખુલ્લી રાખી. સ્વિત્ઝર્લેન્ડનાં વિદેશ પ્રધાન સુશ્રી મિકેલાઈન કાલ્મી

રે, યુનિફેમ અને યુએનડીપી તથા સ્વિટ્ઝર્લેન્ડની યુનેસ્કોની શાખાએ આ સમગ્ર કાર્યને ટેકો પૂરો પાડ્યો.

વર્તમાન અને ભાવિ પેઢીઓના જીવનની સ્થિતિ સુધારવા પ્રત્યેની તેમની કાયમી પ્રતિબદ્ધતાને માન્યતા બક્ષવા આ વર્ષે જાન્યુઆરીમાં નોબેલ શાંતિ પારિતોષિક માટે તેમની ઉમેદવારી નોંધાવવામાં આવી. તા.૨૯-૬-૨૦૦૫ના રોજ આ ૧૦૦૦ સ્ત્રીઓનાં નામ જાહેર કરવામાં આવ્યાં.

શાંતિના ૧૦૦૦ સહભાગીઓ

જે મહિલાઓની પસંદગી કરાઈ છે તેઓ સલામતીપૂર્ણ અને ગૌરવપૂર્ણ જીવનની સ્થાપના માટેના કાર્યમાં નિષ્ણાત છે. તેમની પાસેનાં નાણાં મર્યાદિત છે પરંતુ તેઓ અસરકારક વ્યૂહરચનાઓ ધરાવે છે અને તેથી તેઓ નાગરિક સમાજના એક મોટા બળનું પ્રતિનિધિત્વ કરે છે. તેમના અનુભવો તેમના દેશો અને પ્રદેશોની રાજકીય પરિસ્થિતિ સાથે ગાઢ રીતે સંકળાયેલા છે, અને તેઓ તેમના સમાજોની નબળાઈઓ જાણે છે. તેમની પ્રવૃત્તિઓ સામે દૃષ્ટિપાત કરતાં જણાય છે કે તેઓ આ ક્ષેત્રોમાં કામ કરે છેઃ રાજકીય અધિકારો, આર્થિક નીતિઓ, શાંતિને પ્રોત્સાહન, આરોગ્ય, શિક્ષણ, પર્યાવરણ, બાળ અધિકારો તેમ હિંસા, સંગઠિત ગુનાખોરી અને મનુષ્યોના વેપાર સામેની લડત. તેઓ તમામ સ્તરે- સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય - સક્રિય છે.

પ્રતીકાત્મકતા અને વિભાવના

દુનિયાભરમાં પ્રવર્તમાન વિવિધ પ્રકારના સંઘર્ષોની પરિસ્થિતિઓમાં આ મહિલાઓની વ્યૂહરચનાઓ, કાર્યપદ્ધતિઓ, પ્રેરણા, દૃષ્ટિ અને નેટવર્ક કેવાં રહ્યાં છે તેમને પ્રસિદ્ધિ મળે એ આખા કાર્યનો હેતુ છે. તેથી પત્રકારોએ આ મહિલાઓ વિશે માહિતી એકત્ર કરી છે અને તેમનાં જીવનચરિત્રો લખ્યાં છે. સંકલનકારોની એક આંતરરાષ્ટ્રીય ટુકડીએ ફોટા એકત્ર કર્યા છે અને તેમની કામની સ્થિતિનું દસ્તાવેજીકરણ કર્યું છે. ચરિત્રકારો અને ફોટોગ્રાફરોએ એક હરતાફરતા પ્રદર્શન માટે ભૂમિકા તૈયાર કરી છે અને આંતરક્રિયાત્મક એવું એક ઈન્ટરનેટ પ્લેટફોર્મ પૂરું પાડવું છે અને આ ૧૦૦૦ મહિલાઓ વિશેનું પુસ્તક તૈયાર થયું છે.

આ મહિલાઓની વ્યક્તિગત પ્રતિબદ્ધતા તેમની સામેલગીરી અને દરમ્યાનગીરી વ્યક્ત કરે છે કે જે અત્યારે હાલ શાંતિ અને સલામતી લાવવા માટે તેઓ દુનિયાના જે વિસ્તારોમાં કામ કરે છે એ પ્રદેશોમાં મહત્ત્વનાં છે. જો કે, જે ટૂંકાં જીવનચરિત્રો તૈયાર થયાં છે તે તો વાસ્તવમાં આરંભબિંદુઓ જ છે. આરંભથી જ એ વાત સ્પષ્ટ થઈ ગઈ હતી કે આ મહિલાઓ તેમની જાણકારી અને સર્જનાત્મકતાને લીધે હાલની અને ભવિષ્યની બંને પેઢીઓ માટે માનવીય સલામતી ઊભી કરવા અને તે નિભાવવા મજબૂત અને ખરાં સહભાગીઓ છે.

ટકાઉપણું

પુસ્તક અને પ્રદર્શન દુનિયાભરમાં પ્રવાસ કરશે. આ મહિલાઓનાં હાલનાં નેટવર્ક્સ સુધી પહોંચવા પ્રત્યાયનની અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. મહિલાઓને અને તેમનાં સંગઠનોને રક્ષણ બનાવવા માટે અનુવર્તી પરિયોજનાઓ વિશે ચર્ચા થઈ રહી છે. વિદ્વાનો માહિતી એકત્ર કરી રહ્યા છે અને સરકારોને નાગરિક સમાજોને તથા આંતરરાષ્ટ્રીય સંગઠનોને તેમનાં સંશોધનોનાં પરિણામો જણાવી રહ્યા છે, કે જેથી શાંતિ માટેની નવી વ્યૂહરચનાઓ વિકાસવી શકાય. આ રીતે આ ૧૦૦૦ મહિલાઓના શાંતિ કાર્યનો ચિરંતનતા ઊભી થશે કે જ્યારે આ પરિયોજના ૨૦૦૬માં પૂરી થશે.

શાંતિનો આધાર જ્ઞાન

સંઘર્ષોના પ્રતિરોધ માટેની ૧૦૦૦ વ્યૂહરચનાઓ સંશોધન અને રાજકીય કાર્ય માટે મહત્ત્વનું પ્રોત્સાહન પૂરું પાડે છે. સંઘર્ષોના નિવારણનાં અને મહત્ત્વના સામાજિક પ્રશ્નોમાંની સામેલગીરીનાં અનેક સ્વરૂપોની તે ઝાંખી કરાવે છે અને મહિલાઓના દૃષ્ટિકોણથી ભાવિલક્ષી પરિયોજનાઓનું નિદર્શન કરે છે. આ વિશ્વવ્યાપી મહિલાઓ વિવિધ સાંસ્કૃતિક સંદર્ભોમાં મહિલાઓના શાંતિ કાર્યનાં સંસાધનો, અસરકારકતા, ચિરંતનતા અને કાર્યક્ષેત્રોના અભ્યાસ માટેની સામગ્રી પૂરી પાડે છે.

ઉપસંહાર

આંતરરાષ્ટ્રીય સ્તરનો આ પ્રયાસ પ્રથમ વારનો જ છે અને તે ઘણો જ પ્રશંસનીય રહ્યો છે, શાંતિ શબ્દની વ્યાખ્યા ફરીથી બંધાઈ છે અને શાંતિ જાળવવામાં મહિલાઓના કાર્ય અને તેમની સામૂહિક ઓળખને માન્યતા પ્રાપ્ત થઈ છે. શાંતિ માટે સૌથી વધુ વિખ્યાત ઈનામ નોબેલ પારિતોષિક છે અને તે અગ્રણી વ્યક્તિઓને આપવામાં આવે છે. તેથી આ પ્રયાસે મહિલાઓના કાર્યને દૃશ્યમાન બનાવ્યું છે. શાંતિ માટેના પ્રયાસોમાં તેમણે આપેલું પ્રદાન જ તેમને આ ઉમેદવારી માટે લાયક બનાવે છે. દક્ષિણ એશિયામાંથી સૌથી વધુ ૧૫૮ મહિલાઓની ઉમેદવારી નોંધાઈ છેઃ ભારત-૯૧, બાંગ્લાદેશ-૧૬, નેપાળ-૯, પાકિસ્તાન-૨૯ અને શ્રીલંકા-૧૨. વસ્તીનું કદ, સંઘર્ષો, સમસ્યાઓ, શોષણ, ગરીબી વગેરેને આધારે દેશવાર સંખ્યા નક્કી કરવામાં આવી હતી. તેમાં મહિલાઓ, મહિલાઓનાં સંગઠનો અને નાગરિક સમાજનાં અન્ય સંગઠનો દ્વારા થયેલાં પરિવર્તનનાં કાર્યોને પણ ધ્યાનમાં લેવાયાં હતાં.

સાંપ્રત પ્રવાહ

સફાઈ કામદારોનું માંગપત્ર

સફાઈ કામદારોની સ્થિતિ અત્યંત દયનીય છે. છેલ્લા કેટલાક મહિનાઓ દરમ્યાન ખાસ કરીને ગુજરાતનાં મોટાં શહેરોમાં ગટરો સાફ કરનારા સફાઈ કામદારો ગૂંગળાઈ જવાથી મૃત્યુ પામતા હોય તેવા કિસ્સા ખાસ્સા વધ્યા છે પણ તંત્ર આ બાબતને ગંભીર ગણતું જ નથી. તેથી ગુજરાતની ૩૯ સંસ્થાઓ દ્વારા 'સફાઈ કામદાર સંઘર્ષ અભિયાન'ની શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાન હેઠળ એક માંગપત્ર સત્તાવાળાઓ સમક્ષ રજૂ કરાયું છે.

એપ્રિલથી જુલાઈ-૨૦૦૫ સુધીના ચાર મહિનાના ગાળામાં ૧૬ વાલ્મિકી દલિત કામદારો તંત્રની બેદરકારીને કારણે ગટરની સફાઈ કરતી વેળાએ મૃત્યુ પામ્યા છે. આ સમગ્ર કાર્યવાહી ખાનગી કોન્ટ્રાક્ટરોને સોંપવામાં આવતી હોવાથી અને ખાનગી કોન્ટ્રાક્ટરો સફાઈ કામદારોની સલામતીની પૂરતી કાળજી રાખ્યા વિના જ તેમને મેઈનહોલમાં ઉતારી દેવા હોવાથી આવી ઘટનાઓ વધારે બને છે. આ પગલું લઈને મહાનગરપાલિકાઓ અને નિગમો પોતાની જવાબદારી નિભાવવાને બદલે હાથ ઊંચા કરી દેવાનું વલણ ધરાવે છે.

ભૂગર્ભ ગટર અને જમીન પરનું મેલું સાફ કરવાની કામગીરીને આવશ્યક સેવા ગણવામાં આવે છે. પરન્તુ આ આવશ્યક સેવા સાથે સંકળાયેલા કામદારોની સલામતીની સદંતર અવગણના કરવામાં આવી રહી છે. આવશ્યક સેવાનું સંચાલન સરકાર દ્વારા જ કરવામાં આવે છે.

દા.ત. ફાયર બ્રિગેડ અને પોલીસની કામગીરી આવશ્યક સેવા જ છે. આ બંને કામગીરીને ક્યારે કોન્ટ્રાક્ટ પર નથી રખાતી. તે જ રીતે સફાઈની કામગીરી પણ કોન્ટ્રાક્ટ પર ન આપવી જોઈએ, તેવો સર્વસ્વીકાર્ય નિયમ હોવા છતાંય સરકારી ખાતાઓ પોતાની જવાબદારીથી ભાગવા માટે આ કામ ખાનગી કોન્ટ્રાક્ટરોને સોંપીને કામદારોના મૃત્યુની વધુ દુર્ઘટનાઓ બની રહી હોવા છતાંય ખાનગી કોન્ટ્રાક્ટરોને જ આ સેવાનું કામ સોંપાઈ રહ્યું છે.

બીજું, સ્વાસ્થ્યની સુરક્ષા માટે શાં પગલાં લેવાં તેની કામદારોને સમજણ આપવામાં આવતી નથી. સરકાર કે ખાનગી કોન્ટ્રાક્ટરો દ્વારા, સફાઈ કામદારોને તેમના કામકાજ અંગે કોઈ વ્યવસ્થિત તાલીમ આપવામાં આવતી નથી. વાલ્મિકી અને દલિત સમાજના લોકો આ સેવા સાથે સંકળાયેલા હોવાથી તેમની સલામતીની અવગણના કરવામાં આવી રહી છે. તેથી સફાઈ કામદારો નીચે જણાવ્યા પ્રમાણેની માગણીઓ કરે છેઃ

(૧) ગટર સફાઈ કામદારોને લગતા હાલના કાયદાઓમાં ફેરફાર કરવા.
(૨) ખાનગી કોન્ટ્રાક્ટરોને સરકારના નિયમો બંધનકર્તા બને અને તેનો ભંગ કરનારને કડક સજા કરો.
(૩) સફાઈ કામદારોની સલામતી વધારતા નિયમો ઘડી, સ્વાસ્થ્ય-સલામતી માટે તાલીમની વ્યવસ્થા કરો.
(૪) સફાઈ કામદારોના વારસદારોને તેમની લાયકાત પ્રમાણે તાત્કાલિક નોકરી આપો.
(૫) કોન્ટ્રાક્ટ પ્રથા નાબૂદ કરો, વડી અદાલતના નિર્દેશનું પાલન કરો.
(૬) સલામતી સમિતિની રચના કરો, કામના સ્થળે યોગ્ય અને સાનુકૂળ વ્યવસ્થા કરો.
(૭) સરકારી યોજનાઓ અને અનામત માટે અમલની સમીક્ષા કરો.
(૮) વ્યાવસાયિક આરોગ્ય કેન્દ્રની સ્થાપના કરો, વળતરના નિયમ બનાવો.
(૯) સફાઈ કામદારો માટે ગુણવત્તાવાળા સુરક્ષાત્મક સાધનોની વ્યવસ્થા કરો.
(૧૦) સફાઈ કામદારોના આવાસ શક્ય હોય તેટલા જ્ઞાતિમુક્ત બનાવવા.
(૧૧) બી.પી.એમ.સી. એક્ટ બદલીને ગુજરાતનો નવો એક્ટ બનાવો.
(૧૨) સફાઈ કામદારો તથા તેમના લગતા ઉપરી કર્મચારીયોની પૂરતી જગ્યાઓ તત્કાળ ભરો.
(૧૩) સફાઈ કામદારોના સન્માન કરો, કામના સમયે થતી મૃત્યુ સમયે જવાબદાર લોકોને સજા કરો.
(૧૪) સફાઈ કામદારોને સરકારી કામદાર ગણી તેમનો પગાર સરકાર પોતે ચૂકવે.
(૧૫) રોજિંદા કર્મચારીને કાયમી કરવા.
(૧૬) ખંડ સમયના કામદારોને કાયમી કરો અને તેમને મળતા તમામ હકો આપો.

વધુ વિગતો માટે સંપર્ક કરોઃ કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ, એ-૯, મુરલી એપાર્ટમેન્ટ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા પ્રેસ રોડ, વેજલપુર, અમદાવાદ-૩૮૦ ૦૫૧. ફોનઃ ૦૭૯-૨૬૭૩૨૧૯૧.

શાંતિ કેળવણી અને સંઘર્ષ નિવારણ

શાંતિ કેળવણી અને સંઘર્ષ નિવારણ વિષય વિશે તારીખ ૩ માર્ચ ૨૦૦૫થી ૯ માર્ચ ૨૦૦૫ દરમ્યાન 'દલિત શક્તિ કેન્દ્ર', સાણંદ ખાતે 'સેન્ટર ફોર સ્ટડી ઓફ સોસાયટી એન્ડ સેક્યુલરિઝમ', મુંબઈ દ્વારા એક તાલીમ કાર્યક્રમનું આયોજન થયું હતું. તાલીમના મુખ્ય સંયોજક જાણીતા વિદ્વાન અને માનવ અધિકાર કર્મશીલ ડૉ. અસગરઅલી એન્જિનિયર હતા.

ચોમેર થઈ રહેલા સંઘર્ષોનાં અનેકાનેક કારણો વચ્ચે આપણો દેશ ગૂંચવાયેલો છે. જાતિ, ભાષા, સંસ્કૃતિ કે ધર્મને લઈને થતી રહેતી અથડામણોને કારણે સમાજની આર્થિક તથા સામાજિક વિકાસની પ્રગતિ રૂંધાઈ રહી છે. જાતજાતના મુદ્દાઓ ઉઠાવી વિવિધ મહોરાં પહેરીને ફાટી નીકળતી હિંસાનો આપણો દેશ સાક્ષી છે. હમણાં તો સામાજિક સંઘર્ષોએ પરાકાષ્ઠા આંબીને ધર્મ આધારિત આંતકનું રૂપ ધારણ કર્યું છે.

ઉત્તરપૂર્વ ક્ષેત્ર અને કાશ્મીરમાં આતંકવાદી અથડામણોનું ભડકતા રહેવું એ છેલ્લા કેટલાય દાયકાઓથી જાણે રોજિંદી બાબત થઈ ચૂકી છે. ગોધરાથી અક્ષરધામ સુધીની ગુજરાતમાં થયેલી હિંસાએ સમાજના અભિપ્રાયોને હચમચાવી મૂક્યા છે અને સમાજમાં પ્રવર્તમાન તંગદિલીનો નિવેડો ન લાવવાથી તોળાઈ રહેલા ભય તરફ પણ અંગડચજૂલીનિર્દેશ કરે છે.

આ ઘટનાઓ આપણી લોકશાહી માટે જોખમી પણ છે. લોકશાહીમાં આમ તો દરેક વિવિધતાને એકતાના માહોલમાં પાંગરવાની પૂરતી તક મળતી હોય છે. પરંતુ આપણે તો એ અનુભવીએ છીએ કે કેટલાક સ્થાપિત હિતો આ વિવિધતાનો ઉપયોગ સંઘર્ષ -નિવારણ પ્રત્યે બહુ ધ્યાન ન આપ્યું. ન તો આપણી લોકશાહી તથા સ્વતંત્રતાને રુંધનારા રાજકીય પ્રવાહોને ડામવાનો પ્રયાસ કર્યો.

ઉપરોક્ત અભ્યાસક્રમ આ પ્રકારના પ્રશ્નોને ધ્યાનમાં રાખી તૈયાર કરાયો. પ્રજા અને તંત્રની અનેકવિધ લાક્ષણિકતાઓને મજબૂત કરવાનો હેતુ રહેલો છે. અભ્યાસક્રમ એક હેતુલક્ષી પ્રયાસ છે, જેના થકી સામાજિક કર્મશીલોને સુસજ્જ કરવા, જેથી જુદી જુદી સંઘર્ષ વાળી પરિસ્થિતિ દરમ્યાન તેઓ ભારતીય બંધારણના માળખામાં રહીને સમાજના કમજોર લોકોના અધિકારનું રક્ષણ કરે, સાચવે તથા તેને મજબૂત કરી શકે. તાલીમ દરમ્યાન સંઘર્ષોના લગભગ દરેક પાસાઓને આવરી લેવાયા તથા શાંતિ કેળવણીના પ્રયત્નોને ખાસ મહત્વ અપાયું. ભાષા, જાતિ, સંસ્કૃતિ અને ધાર્મિક જેવી અનેક વિવિધાઓને સાંકળતા વિષયો મુખ્ય રહ્યા.

આપણા દેશની વિશાળતા અને વિવિધતા ધ્યાનમાં રાખતા આ અનેક મુદ્દાઓનું પૂરતું મુલ્યાંકન કરવું જરૂરી છે તેવી સમજ ઊભી કરવામાં આવી. ધીરેધીરે એ સમજાતું જાય કે શાંતિ કેળવવાનો સંદેશો પ્રસરાવવાના કોઈ વ્યવસ્થિત પ્રયાસો થયા નથી. થોડા ઘણા કર્મશીલો સમર્પિત થઈને કાર્યક્ષણ છે ખરા, પણ તે કાર્યનો વ્યાપ વધારવાની તાતી જરૂર છે. કર્મશીલોની એવી સાંકળ પ્રસ્થાપિત થવી જોઈએ જેથી આ સંદેશો દેશના ખૂણેખાંચરે પહોંચી શકે.

અભ્યાસક્રમનો હેતુઃ

(૧) ભારતની પરિસ્થિતિ સમજ પ્રદાન કરવી.
(૨) ધાર્મિક, સાંસ્કૃતિક અને ભાષાકીય વિવિધતા પ્રત્યે આદર કેળવવો.
(૩) જુદા જુદા ધર્મોની કોમ વિશેના તાલીમાર્થીના ખ્યાલોનું પુનઃગઠન કરવું.
(૪) મૂલ્યો અને શાંતિ કેળવણીના શિક્ષણનો પ્રસાર કરવો.
(૫) તાલીમાર્થીઓને સંઘર્ષ-નિવારણના પ્રસાર અર્થે પૂરતું જ્ઞાન અને સમજ આપી સુસજ્જ કરવા.

અભ્યાસક્રમના વિષયો:

આ કાર્યશાળાના વિષયો નીચે મુજબ હતાઃ
સંઘર્ષ-નિવારણના સિદ્ધાંતો,
વિભાજનની કરુણાંતિકા,
કોમી અથડામણો - સામાજિક સામાન્યજ્ઞાનની ભૂમિકા,
લઘુમતિઓ વિશેની ભ્રામક માન્યતાઓ,
કાશ્મીર: એક જટિલ સમસ્યા,
ઈસ્લામમાં હિંસા - ઇસ્લામ વિશેની-ગેર માન્યતાઓ,
ધર્મ, સેક્યુલર થવાની તરાહ - ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ભારતની યાત્રા,
સમાન નાગરિક ધારો,
ભારતમાં સ્વતંત્રતા પશ્ચાતનું કોમવાદી રાજકારણ,
લોકશાહી, બહુવિધતા અને ઓળખ,
શિક્ષણ: શ્રદ્ધા કે તર્ક
આતંકનું રાજકારણ
હિન્દુત્વ અને લૈંગિક ન્યાય,
કોમવાદી સંસ્થાઓ,

કોમી રમખાણોનાં માનસિક મૂળિયાં,
ગુજરાતઃ હિન્દુ રાષ્ટ્રની પ્રયોગશાળા,
ગુજરાતઃ જનસંહારનું માળખું,
ધર્મ અને સમાજઃ ભારતના સંદર્ભમાં
હિન્દુત્વ અને દલિતો,
ભારતીય ગણતંત્રમાં સેક્યુલરિઝમના આચરણની દ્વિધાઓ,
મુંબઈનાં રમખાણોઃ લઘુમતીઓનું એકજૂથીકરણ,
આદિવાસીઓ અને હિન્દુત્વ,
સંઘર્ષ-નિવારવા માટેની વ્યૂહરચના.

ડૉ. અસગરઅલી એન્જિનિયર ઉપરાંત મુંબઈના જાણીતા મનૌવૈજ્ઞાનિક ડૉ. હરીશ શેટ્ટી, એડવોકેટ ઇરફાન એન્જિનિયર, પ્રો. રામ પુનિયાની, શ્રી અચ્યુત યાજ્ઞિક, એડવોકેટ શ્રી મુકુલ સિંહા તથા શ્રી સોફિયા ખાને તાલીમાર્થીઓને સંબોધ્યા હતા. જૂથ-ચર્ચા, અરસ-પરસની રમતો, રોલ-પ્લે તથા વિષયના અનુરૂપ ફિલ્મો બતાવવામાં આવી હતી.

તાલીમાર્થીઓ

ગુજરાતની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો. જો કે, દુઃખ સાથે એ વાતની નોંધ લેવાઈ કે જ્યાં સૌથી વધારે આ પ્રકારના પ્રયત્નોની જરૂર છે, ત્યાં આ વિષયમાં સહભાગી થવા ઉત્સાહનો અભાવ જણાયો. ૧૦૦ ઉપરાંત મોકલેલા આમંત્રણ પત્રોના પ્રતિભાવ રૂપે ૬૦થી વધુ મિત્રોએ કાર્યક્રમમાં જોડાવવાની મરજી દર્શાવી હતી, પરંતુ આશ્ચર્ય વચ્ચે માત્ર ૨૩ તાલીમાર્થીઓ સહભાગી થયા, અને તેમાં પણ ૪ તાલીમાર્થીઓ વચ્ચેથી કાર્યક્રમ છોડી ગયા.

વધુ વિગતો માટે સંપર્ક સાધોઃ 'સફર', એ૩/૨૦૩, અનમોલ ટાવર્સ, નારણપુરા ટેલિફોન એક્સ્ચેન્જ સામે, અમદાવાદ-૩૮૦ ૦૬૩. ફોનઃ ૦૭૯-૨૭૪૮૭૪૬૧. ઈમેલઃ safar@icenet.net

જામનગર જિલ્લામાં અન્ન સુરક્ષા અધિકાર અભિયાન

ગુજરાતના કેટલાક વિસ્તારોમાં અન્ન સુરક્ષા અધિકાર અભિયાન છેલ્લા કેટલાક સમયથી કાર્યરત છે. તેમાં આનંદી, ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ, નવજ્યોત, પર્યાવરણ વિકાસ કેન્દ્ર, સાવારાજ, પ્રયાસ, અભિયાન વગેરે જેવી સંસ્થાઓ કાર્યરત છે. ગુજરાતના જામનગર જિલ્લાના ઓખામંડળ અને કલ્યાણપુર તાલુકાઓમાં અન્ન ઉપલબ્ધતા સર્વેક્ષણ ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ દ્વારા કરાયું. તેમાં ૧૨ માસમાંથી કેટલા મહિના પૂરતું અનાજ મળ્યું છે તે તપાસવામાં આવ્યું. આ સમગ્ર પ્રક્રિયા ઓખામંડળ અને કલ્યાણપુર તાલુકાનાં ૭૧ જૂથોનાં ૯૯૮ બહેનો સાથે કરવામાં આવી.

આ પ્રક્રિયા દરમ્યાન જાણવા મળ્યું કે ભીમરાણાઘડા વિસ્તારમાં લોકો ટ્રેનનાં વેગનમાંથી નીચે વેરાયેલું અનાજ વીણીને સાફ કરીને ખાય છે. તેમની આર્થિક પરિસ્થિતિ તપાસતાં જાણવા મળ્યું કે અપૂરતી મજૂરી મળે છે અને તેઓ મોટે ભાગે છૂટક મજૂરી કરે છે. મહિનામાં આશરે ૧૫ દિવસ કોન્ટ્રેક્ટરો તેમને કામે રાખે છે, બાકીના ૧૫ દિવસ તેમને કંઈ કામ મળતું હોતું નથી. આથી બે ટંકના રોટલા પણ પૂરતા મળતા નથી.

આ સંદર્ભમાં અન્ન સલામતી અંગેની સરકારની આઠ યોજનાઓ વિષે મહિલા મંડળોનાં બહેનો સાથે ચર્ચા કરવામાં આવી. તેમાં અત્યોદય યોજના, મધ્યાહ્ન ભોજન યોજના, રાષ્ટ્રીય કુટુંબ કલ્યાણ યોજના, રાષ્ટ્રીય માતૃત્વ લાભ યોજના, જાહેર વિતરણ વ્યવસ્થા, આંગણવાડી યોજના, વૃદ્ધાવસ્થા પેન્શન યોજના વગેરેનો સમાવેશ થતો હતો. એમાંથી જે તારણો મળ્યાં તે એક અધિવેશનમાં રજૂ કરવામાં આવ્યાં. આ ચોથું અધિવેશન દ્વારકા મુકામે તા.૧૨-૮-૨૦૦૫ના રોજ યોજાયું હતું. અગાઉ દેવગઢ બારિયા, માળિયા અને અંજાર ખાતે ત્રણ અધિવેશનો યોજાયાં હતાં.

આ ચોથા અધિવેશનમાં વિવિધ મહિલા મંડળોની બહેનો, યુવાનો અને વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ સહિત લગભગ ૧૦૦૦ લોકોએ હાજરી આપી હતી. તપાસ દરમ્યાન ૨૨૮ જેટલા પ્રતિનિધિરૂપ કેસો આ અધિવેશનમાં રજૂ થયા હતા.

સંપર્કઃ ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ, ઓખા-હાઈવે રોડ, દ્વારકા-૩૬૧૩૩૫. ફોનઃ ૦૨૮૯૨-૨૩૬૫૫૧, ૨૩૬૫૫૨. ઈમેલઃ gvtdwarka @ yahoo.com

બાંધકામ કામદારોની જંગી રેલી

'બાંધકામ મઝદૂર સંગઠન' ના નેજા હેઠળ વડોદરા શહેરમાં તા.૩-૧૦-૦૫ના રોજ જંગી રેલી યોજીને બાંધકામ કામદારોએ સંગઠિત તાકાતનું પ્રદર્શન યોજ્યું હતું. આ રેલીમાં આશરે ૧૫૦૦ કામદારોએ ભાગ લીધો હતો. આ રેલી સયાજીગંજથી નીકળી આરાધના ટોકીઝ થઈને કલેક્ટર કચેરીએ પહોંચી હતી. ત્યાં સંગઠનના મહામંત્રીશ્રી વિપુલ પંડ્યાએ સંગઠનના કારોબારી સભ્યોના પ્રતિનિધિમંડળ સાથે કલેક્ટરને આવેદનપત્ર સુપરત કર્યું હતું અને બાંધકામ કામદારોની પડતર માગણીઓ ઉકેલવા માટે રજૂઆત કરી હતી.

તેમણે રજૂઆત કરતાં જણાવ્યું હતું કે બાંધકામ કામદાર કલ્યાણ બોર્ડ સક્રિય ત્યારે જ થશે જ્યારે બાંધકામના ખર્ચ ઉપર ૧ ટકો સેસ વસૂલવાનું શરૂ કરાશે. શ્રી પંડ્યાએ આદિવાસી કામદારોની રેનબસેરા

યોજનાના અમલ બાબતે કલેક્ટરનું ધ્યાન દોર્યું હતું. તેમ જ વડોદરા શહેરમાં જેમ રિક્ષા સ્ટેન્ડ, ટેક્ષી સ્ટેન્ડ નક્કી કરાયા છે તેમ બાંધકામ કામદારો માટે રોજગારી મેળવવા માટે ઊભા રહેવા માટેની જગ્યા અધિકૃત હોવી જોઈએ અને ત્યાં છાંયડો, પીવાનું પાણી, શૌચાલયની સુવિધા પૂરી પાડવી જોઈએ.

કામદારોની સલામતી અને સ્વાસ્થ્ય વિશે ઝુંબેશ ચલાવતા અને 'સલામતી' સામયિકના સંપાદક શ્રી જગદીશભાઈ પટેલે જણાવ્યું હતું કે બાંધકામ કામદારોનો કાયદો-૧૯૯૬ના અમલની જવાબદારી ઔદ્યોગિક સુરક્ષા અને આરોગ્ય વિભાગના નિયામકની છે પરંતુ તે ત્યારે જ કામ કરી શકશે કે જ્યારે તેમની પાસે પૂરતા પ્રમાણમાં નિરીક્ષકોનું મહેકમ હશે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે બાંધકામમાં અકસ્માતનું પ્રમાણ ઊંચું હોવાથી ઉદ્યોગ જોખમી ઉદ્યોગ તરીકે જાહેર કરવામાં આવે એ જરૂરી છે.

કલેક્ટરને આવેદનપત્ર સુપરત કર્યા બાદ રેલી પ્રેમામંદ સાહિત્ય હોલ ખાતે સભા સ્વરૂપમાં ફેરવાઈ હતી. સભાની શરૂઆતમાં સંગઠનના કારોબારી સભ્યો અને આગેવાનોએ તેમનાં પ્રશ્નો અને સમસ્યાઓ આક્રોશપૂર્વક રજૂ કર્યાં હતાં. બાંસવાડાના એક આગેવાને જણાવ્યું હતું કે, "અમારા વિસ્તારમાં મજૂરોને ઘેટા-બકરાની માફક ખાનગી બસમાં મુસાફરી કરવી પડે છે. તેમ છતાં સરકાર અમારા માટે કોઈ વ્યવસ્થા કરતી નથી. અમે સરકારી બસમાં મફતમાં તો મુસાફરી કરતા નથી તો સરકાર અમારી સુવિધા માટે કેમ બસની વ્યવસ્થા કરતી નથી?" શ્રી ધનસુખ માવીએ જણાવ્યું હતું કે, "અહીંથી જાગૃત થઈને જઈએ ત્યારે બીજા દસ કામદારોને જાગૃત કરજો. શ્રી રીનાબહેન રાઠોડે બહેનોનું શોષણ અટકાવવા માટે બહેનોને ખુદ આગળ આવવા હાકલ કરી હતી."

ગુજરાત ટ્રેડ યુનિયન કાઉન્સિલના શ્રી ભરતભાઈ પાઠકે જણાવ્યું હતું કે વડોદરા શહેરમાં આદિવાસી કામદારો સંગઠિત થયા છે તે ખૂબ જ આનંદની બીના છે. સીટુના શ્રી નગીનભાઈએ સભામાં ઉપસ્થિત એલ.આઈ.બી.ના અધિકારીઓને ટકોર કરતાં જણાવ્યું હતું કે અહીં સરકારના ગુપ્તચરો બેઠા છે, તે સરકારને સાચો અહેવાલ રજૂ કરે. વડોદરાના પી.યુ.સી.એલ.ના અગ્રણીશ્રી કિરીટભાઈએ જણાવ્યું હતું કે, "બાંધકામ કમદારો કાયમ માટે બીજાની સુવિધાનું કામ કરે પરંતુ આજે તમે તમારા હક-અધિકાર મેળવવા માટે એકઠા થયા અને સ્વયંના બાંધકામ માટે આગળ આવ્યા છો તે માટે સહુને અભિનંદન પાઠવું છું."

એકલવ્ય સંગઠનના મંત્રીશ્રી લાલસિંગ પારગીએ આદિવાસી ધારાસભ્યો ઉપર તીખા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, "આપણે જે લોકોને આપણા વિકાસ માટે મોકલીએ છીએ તેઓ ધારાસભામાં જઈને કશું કામ કરતા નથી. આપણો અવાજ વ્યક્ત કરતા નથી. આપણે એવા ધારાસભ્યોને ઓળખી કાઢીને જાકારો" આપવાની જરૂર છે. તેમણે બાંધકામ મઝદૂર સંગઠનને માત્ર શહેર પૂરતું જ મર્યાદિત નહીં રાખીને જ્યાંથી સ્થળાંતરિત થાય છે તેવાં તમામ ગામડાંઓ સુધી પહોંચાડવા અનુરોધ કર્યો હતો.

સભાના અધ્યક્ષસ્થાનેથી ઇન્ટરનેશનલ ફેડરેશન ફોર બીલ્ડિંગ એન્ડ વૂડ વર્કર્સનાં ચાઈલ્ડ લેબર પ્રોજેક્ટનાં કો-ઓર્ડિનેટરશ્રી જે. એલ. શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, "આપણે જે અધિકારીઓ પાસે કાયદાનો અમલ કરાવવા માટે જઈએ છીએ તે અધિકારીઓના પગાલ આપણી પાસેથી વેરા વસૂલ કરીને થાય છે. સરકાર તેમને પગાર એટલા માટે આપે છે કે તેઓ મજૂર કાયદાઓનો લાભ તમામ કામદારો સુધી પહોંચાડે. પરંતુ પરિસ્થિતિ વિપરીત છે.

લઘુતમ વેતન ધારાનો અમલ થતો નથી. કામદારોને હાજરી કાર્ડ, પગારચિઠ્ઠી, ઓળખ કાર્ડ જેવા કામના પુરાવાના પ્રાથમિક અધિકારો પણ પ્રાપ્ત થતા નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે "ઈન્ટરનેશનલ ફેડરેશન ફોર બીલ્ડિંગ એન્ડ વૂડ વર્કર્સ ૧૨૮ રાષ્ટ્રોનાં ૨૧૩ યુનિયનોનો આંતરરાષ્ટ્રીય મહાસંઘ છે. તેમાં ગુજરાતના બાંધકામ મઝદૂર સંગઠન એક સભ્ય છે." "બાંધકામ મઝદૂર સંગઠનના તમામ સંઘર્ષોમાં તેનો ટેકો છે, અમે વડોદરામાં સંગઠિત થયેલા કામદારોનો અવાજ જિનીવા સુધી પહોંચાડીશું."

બાંધકામ મઝદૂર સંગઠનના મહામંત્રીશ્રી વિપુલ પંડ્યાએ જણાવ્યું હતું કે વડોદરા શાખાનું કાર્યાલય શરૂ કર્યાના પોણા બે વર્ષમાં વડોદરાના બાંધકામ કામદારો જાગૃત થઈ સંગઠિત થયા છે તે બાબતની પ્રતીતિ સહુને કરાવી દીધી છે. ભારત સરકારે બાંધકામ કામદારોની કામની સ્થિતિ સુધરે, રોજગારીનું નિયમન થાય. આરોગ્ય અને સલામતીનાં પગલાંઓ લેવાય, સામાજિક સુરક્ષા અને કલ્યાણના લાભો મળે તે હેતુથી બે કેન્દ્રીય કાયદાઓ ઘડ્યા છે. બાંધકામ મઝદૂર સંગઠન છેક ૧૯૯૪થી આ કાયદાઓ ઘડાય તે માટેની લડતમાં અને હવે ગુજરાતમાં તેના અમલની પ્રક્રિયામાં સક્રિય રહ્યું છે.

બાંધકામ કામદારોના બે કેન્દ્રીય કાયદાઓનો લાભ રાજ્યના છેવાડાના બાંધકામ કામદાર સુધી પહોંચે તે માટે રાજ્યભરમાં બાંધકામ કામદાર જાગૃતિ અભિયાન આરંભ્યું છે. સમગ્ર કાર્યક્રમમાં દિલ્લી, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા, પશ્ચિમ બંગાળ અને ગુજરાતના મજૂર અગ્રણીઓએ ભાગ લીધો હતો.

વધુ વિગતો માટે સંપર્ક સાધોઃ બાંધકામ મઝદૂર સંગઠન, એ-૧૮, જલધારા સોસાયટી, એસ.ટી. કોલોની પાસે, ટી.બી. હોસ્પિટલ સામે, ગોત્રી રોડ, વડોદરા. ફોનઃ ૦૨૬૫-૨૩૩૪૩૪૮

ગરીબી વિરોધી લોક પરિષદ

દિલ્લીમાં રામલીલા મેદાન ખાતે ૩-૪ સપ્ટેમ્બર, ૨૦૦૫ના રોજ ગરીબી વિરોધી લોક પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આગામી ત્રણ વર્ષના ગાળા દરમ્યાન દેશભરમાં ગરીબી ડામવા માટેનાં કાર્યોને વેગ આપવાની ઝુંબેશનું એ મંગલાચરણ હતું. તેનો ઈરાદો દલિતો, મહિલાઓ, આદિવાસીઓ, બાળકો, નિરાધારો, વૃદ્ધો અને વિકલાંગોના માનવ અધિકારોના ભંગની પરિસ્થિતિમાં સુધારો લાવવા સામાજિક અને રાજકીય દબાણ ઊભું કરવાનો છે. ભારતના બંધારણમાં આપવામાં આવેલા આદેશો અને સંયુક્ત ઠરાવોમાં માનવીય ગૌરવની સ્થાપના અને માનવ અધિકારોના પરિષદમાં અનેક સામાજિક આંદોલનો, મજૂર મંડળો, સ્વૈચ્છિક સંગઠનો, સમુદાય-આધારિત સંગઠનો, બિન-સરકારી સંગઠનો, નાગરિક સમાજનાં સંગઠનો વગેરે જોડાયાં છે.

આગામી કાર્યક્રમ

વિકાસલક્ષી દરમ્યાનગીરી સંચાલન પ્રમાણપત્ર કાર્યક્રમ

ભારતમાં વધારે લોકો સામાજિક ન્યાય, ગરીબી નિવારણ, સુશાસન, દલિતોનો વિકાસ, મહિલા સશક્તિકરણ અને પર્યાવરણની સુરક્ષા માટે અસરકારક રીતે કામ કરે તે જરૂરી છે તેથી સહભાગી શિક્ષણ કેન્દ્ર લાંબા સમયના કાર્યકર્તા વિકાસ કાર્યક્રમ ચલાવે છે. સમાજના વિકાસ માટે જે દરમ્યાનગીરી કરવામાં આવે છે તે માત્ર થોડાક સંપત્તિવાન અને વિદ્વાન લોકોનો ઈજારો ન બની જાય અને સામાન્ય લોકો તેમાં સહભાગી બને તે આ કાર્યક્રમનો હેતુ હોય છે. આ પ્રકારના કાર્યક્રમ માટે આ વખતે આ કાર્યક્રમ ચલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. વિકાસલક્ષી કાર્યમાં દરમ્યાનગીરી કેવી રીતે કરવી તેનું પ્રશિક્ષણ આપનારા આ કાર્યક્રમમાં છ મુખ્ય વિષયો છે. તે નીચે મુજબ છેઃ

(૧) વિકાસલક્ષી દરમ્યાનગીરીઃ શું, શા માટે અને કેવી રીતે.
(૨) વિકાસલક્ષી દરમ્યાનગીરીઃ મહત્વના મુદ્દાઓ
(૩) કાનૂની પાસાં.
(૪) વ્યક્તિ વિકાસ અને સમૂહ વિકાસ.
(૫) વિકાસલક્ષી દરમ્યાનગીરીની પ્રક્રિયા અને કાર્યવાહી.
(૬) વિકાસલક્ષી કામગીરી માટે સંસાધનોનું સંચાલન.

આ કાર્યક્રમમાં નીચેની વ્યક્તિઓ ભાગ લઈ શકશેઃ

(૧) ૨૦થી ૪૦ની ઉંમર ધરાવતી અને નાગરિક સમાજના સંગઠનમાં કાર્યાનુભવ ધરાવતી વ્યક્તિ.
(૨) વ્યક્તિ સ્નાતક હોવી જોઈએ અને કોઈ પણ નાગરિક સમાજના સંગઠનમાં લગભગ બે વર્ષનો અનુભવ હોવો જોઈએ, જો કે સ્નાતક ન હોય તેવા કાર્યકરો પણ અરજી કરી શકે છે.
(૩) મહિલા સહભાગીઓ માટે યોગ્ય સુવિધાઓ અને અનુકૂળ વાતાવરણ ઉપલબ્ધ હશે. વધુમાં વધુ સંખ્યામાં મહિલાઓ આ કાર્યક્રમમાં સામેલ થાય એવી અપેક્ષા છે.

આ કાર્યક્રમ હિન્દી માધ્યમમાં ચાલશે. તે લખનઉના સહભાગી શિક્ષણ કેન્દ્રમાં ચાલશે. લખનઉના સહભાગી શિક્ષણ કેન્દ્રના પ્રશિક્ષકો પ્રશિક્ષણ માટે મહત્ત્વની ભૂમિકા ભજવશે. ઉપરાંત, નવી દિલ્લીની 'પ્રિયા', અમદાવાદની 'ઉન્નતિ', પટનાની 'સંસર્ગ' અને ભોપાલની 'સમર્થન' સંસ્થાઓના પ્રશિક્ષકો તેમાં તાલીમ આપશે.

છ માસના આ કાર્યક્રમમાં ત્રણ તબક્કા છે. પ્રથમ તબક્કો ૨૧મી નવેમ્બર, ૨૦૦૫થી શરૂ થશે અને તે ૧૮, ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ પૂરો થશે. બીજો તબક્કો ૨૦, ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ શરૂ થશે અને ૨૦ મે, ૨૦૦૬ના રોજ પૂરો થશે. ત્રીજો તબક્કો ૨૨ મે, ૨૦૦૬થી ૨૭ મે, ૨૦૦૬ સુધીનો રહેશે. આ રીતે આખો કાર્યક્રમ ૨૧ નવેમ્બર, ૨૦૦૫થી ૨૭ મે, ૨૦૦૬ સુધીનો છ માસના ગાળાનો રહેશે. આ કાર્યક્રમ માટેની તમામ ફીનું માળખું નીચે મુજબ છેઃ

(૧) દાતા સંસ્થા દ્વારા મોકલવામાં આવેલા સહભાગી માટે કુલ રૂ.૨૦,૦૦૦. તેમાં કાર્યક્રમ ફી રૂ. ૧૮,૦૦૦ અને નોંધણી ફી રૂ. ૨૦૦૦ છે.
(૨) સંસ્થા દ્વારા મોકલવામાં આવેલા મહિલા સહભાગી માટે રૂ.૧૦,૦૦૦. તેમાં કાર્યક્રમ ફી રૂ. ૮,૦૦૦ અને નોંધણી ફી રૂ. ૨,૦૦૦ છે.
(૩) રૂ. દસ લાખથી ઓછું ટર્નઓવર ધરાવતી સંસ્થા દ્વારા મોકલવામાં આવેલા સહભાગી માટે રૂ.૫,૦૦૦. તેમાં કાર્યક્રમ ફી રૂ. ૩,૦૦૦ અને નોંધણી ફી રૂ. ૨,૦૦૦ છે.

કાર્યક્રમમાં સહભાગી થવા માટેની અરજી હરિયાણા, હિમાચલ પ્રદેશ અને દિલ્લીની સંસ્થાઓએ નીચેના સરનામે કરવીઃ
પ્રિયા, ૪૨, તુઘલકાબાદ ઈન્સ્ટિટ્યૂશનલ એરિયા, નવી દિલ્લી ૧૧૦૦૬૨. ઈમેલઃ info@pria.org, ગુજરાત અને રાજસ્થાનની સંસ્થાઓએ 'ઉન્નતિ'ના સરનામે અરજી કરવી.

સંદર્ભ સાહિત્ય

બેરોજગારો અને આપણાં બજેટ

ગુજરાતના બેરોજગારોના સંદર્ભમાં કરાયેલું આ સંશોધન છે. આ સંશોધન કાર્યમાં રાજ્ય સરકારની બેરોજગારોના વિકાસ માટેની નીતિનું ખૂબ જ વિશિષ્ટ દૃષ્ટિથી વિશ્લેષણ કરવાનો પ્રયત્ન થયો છે. આ પુસ્તકમાં જે મહત્ત્વનાં પ્રકરણો છે તે નીચે મુજબ છેઃ (૧) ભારતમાં બેરોજગારો. (૨) ગુજરાતમાં બેરોજગારો. (૩) ૫૦ ટકા બેરોજગારોનાં કુટુંબો દેવા નીચે ત્રણ વર્ષથી બેરોજગારીના ખપ્પરમાં હોમાયેલાં છે. (૪) આદિ જાતિઓની બેકારીમાં પણ થયેલો વધારો. (૫) છેલ્લાં પાંચ વર્ષમાં જાહેર અને ખાનગી વિભાગોમાં ૧.૮૫ લાખ લોકોની રોજગારી ઘટી! (૬) છેલ્લાં પાંચ વર્ષમાં લાખો બેરોજગારો માટે રાજ્ય સરકાર દ્વારા સરેરાશ માત્ર ૧.૬૧ ટકા જ કરાતું ખર્ચ! (૭) બેરોજગારો માટેની જુદી જુદી યોજનાઓનું વિશ્લેષણ. (૮) બેરોજગારોને રોજગારી અને આર્થિક સહાય અંગેનાં વચનો સામે વાસ્તવિકતા કંઈક જુદી જ! (૯) રાજ્ય સરકાર દ્વારા બેરોજગારી નિવારણ માટે કરવામાં આવેલા પ્રયત્નો.

આ સંશોધનમાંથી જે તારણો મળ્યાં છે તેમાંનાં કેટલાંક તારણો આ મુજબ છેઃ

(૧) ગુજરાતમાં ૧૯૯૦થી ૨૦૦૧ દરમ્યાન ૧.૫૦ લાખ જેટલા નવા શિક્ષિત બેરોજગારોનો ઉમેરો થયો છે.
(૨) ૨૦૦૦ની તુલનાએ ૨૦૦૩-૦૪માં રાજ્યના ૨૫ જિલ્લામાંથી ૧૨ જિલ્લામાં બેરોજગારોની સંખ્યા વધી હતી.
(૩) ૨૦૦૦ની તુલનાએ ૨૦૦૩માં અનુસૂચિત જાતિમાં બેરોજગારોની સંખ્યાએ ૦.૫૫ ટકા, અનુસૂચિત જનજાતિમાં ૨.૧૪ ટકા, બક્ષી પંચની જ્ઞાતિઓમાં ૬.૫૬ ટકા, અન્ય પછાત વર્ગોમાં ૦.૧૭ ટકા અને સામાન્ય શ્રેણીમાં ૯.૪૨ ટકાનો વધારો થયો હતો.
(૪) ૨૦૦૧-૦૩માં શિક્ષિત બેકારોની સંખ્યામાં લગભગ ૧૦ હજારનો વધારો થયો છે.

આ સમગ્ર સ્થિતિનું લોકભોગ્ય ચિત્રણ પુસ્તકમાં અંત ભાગે આપેલા સમાચારપત્રોના અહેવાલોમાંથી સાંપડે છે. લેખકોએ પુસ્તકના છેવાડે ઘણાં ઉપયોગી સૂચનો પણ કર્યાં છે. એકંદરે શિક્ષિત અને યુવાન બેકારોની દયાજનક પરિસ્થિતિ અને વધતા જતા આક્રોશને આ પુસ્તકે વાચા આપી છે. બેકારી અને બજેટ વચ્ચે શું અને કેવો સંબંધ છે તે આ પુસ્તકમાંથી છતું થાય છે.

લેખકોઃ શ્રીમતી વિમળાબહેન ખરાડી અને શ્રી બિપીન ઠક્કર. પ્રથમ આવૃત્તિઃ મે-૨૦૦૫. પ્રાપ્તિસ્થાનઃ ‘દિશા’, ૯, મંગલદીપ ફ્લેટ્સ, ચંદ્રભાગા પુલ પાસે, ગાંધી આશ્રમ પાસે, અમદાવાદ-૨૭. ફોનઃ ૦૭૯-૨૭૫૫૩૦૭૧, ૨૭૫૫૯૮૪૨. સહયોગ રાશિઃ રૂ.૩૦

અસ્તિત્વ બોધ

આ પુસ્તક જલ સંસ્કૃતિ, નદીઓ નિસાસા નાખે છે, જળ સંસ્કૃતિની જાળવણી, પવિત્ર પાણી, ઐતિહાસિક જળાશયો, જનસામાન્યનાં જળાશયો, રાજવીઓની યાદમાં, રાણી કે મહેતરાણીઃ સહુ માગે પાણી, રિવાજો, મંદિરોના સાંનિધ્યમાં, ઊનાં પાણીઃ કુદરતના કરિશ્મા, સામાજિક સદ્ભાવનાની સ્મૃતિ, જળાશયને કાંઠે સરજાયું લોકસાહિત્ય, આવો-જળના જતન માટે કંઈક કરીએ વગેરે જેવાં પ્રકરણો દ્વારા પાણી સાથે સંબંધિત અનેક મુદ્દાઓને આવરી લેવાયા છે. પાણીને મેળવવાની અને જાળવવાની પૌરાણિક રીતો કેવી હતી અને તે શા માટે આજ સુધી ટકી રહી તેની સચિત્ર માહિતી આ પુસ્તકમાંથી મળી શકે છે. તેમાં જળની સંસ્કૃતિ ઉપર ભાર મુકાયો છે.

પુસ્તકમાં નોંધવામાં આવ્યું છે કે, “પરંપરાગત જળાશયો અને પદ્ધતિઓનો અભ્યાસ કરતાં જણાયું છે કે તેની આવરદાનું કારણ ઈજનેરી કૌશલ્ય કરતાં સંસ્કાર, સંસ્કૃતિ અને નીતિ છે.” તેથી પાણીની સમસ્યાનો ઉકેલ લોકભાગીદારીથી લાવવો અને સ્વાયત્તતાનું તત્ત્વ જાળવીને લાવવો એ આ પુસ્તકનો સંદેશો છે. રશિયન કહેવત ‘પાણી એ સાંપ્રત પેઢીને એમના વડીલોએ વારસામાં લીધું છે’ ટાંકીને આરંભાતું આ પુસ્તક ૧૦૩ રંગીન ચિત્રોના સથવારે એમ સમજાવે છે કે જળનું જતન કરીશું તો એ આપણું જતન કરશે. સામુદાયિક અને સહિયારા પ્રયાસો જ એ કરી શકશે એવો રણકાર આ પુસ્તકમાંથી ઊઠે છે. સમગ્ર પુસ્તક પાણી વિશે કેટલાક મૂળભૂત સવાલો ઉઠાવે છે અને પરંપરાઓમાં તેમના જવાબો શોધવાનો પ્રયાસ કરે છે.

આ પુસ્તક દહેરાદૂનની ‘લોક વિજ્ઞાન સંસ્થા’ના પુસ્તક ‘સર્વાઈવલ

લેસન્સ' ઉપર આધારિત છે. તેના લેખક હતા રવિ ચોપરા, પુરણ બિષ્ટ અને સાથીઓ. આલેખનઃ દિગંત ઓઝા. પ્રકાશકઃ સત્યજિત ટ્રસ્ટ - અમદાવાદ. પ્રાપ્તિસ્થાનઃ નવભારત સાહિત્ય મંદિર, ગાંધી રોડ, અમદાવાદ. પ્રથમ આવૃત્તિઃ મે-૨૦૦૫. કિંમત રૂ. ૨૨૫.

પંચાયતી રાજ સંસ્થાઓમેં ચયનિત પ્રતિનિધિયોંકે લિયે પ્રશિક્ષણ સામગ્રી

'પંચાયતી રાજ જાગરૂકતા અભિયાન' અન્વયે પ્રકાશિત કરાયેલી નાની નાની સાત હિંદી પુસ્તિકાઓનો આ સંપુટ છે. આ દરેક પુસ્તિકા આ મુજબ છેઃ (૧) ૭૩વા સંવૈધાનિક સંશોધન વ ગ્રામ સભા/વોર્ડ સભાકી ભૂમિકાઃ ૭૩મા બંધારણ સુધારા બાદ રાજસ્થાન સરકાર દ્વારા ગ્રામ પંચાયતોમાં આયોજિત ગ્રામ સભા અને વોર્ડ સભાની જરૂરિયાત, તેમના અધિકારો અને આયોજનની પ્રક્રિયા તેમાં આપવામાં આવ્યાં છે. (૨) સરપંચોં કે કાર્યભારકા હસ્તાંતરણઃ કેશ બૂક, પાસ બૂક, ચેક બૂક, સિલક, નોંધણી પત્રક, ગ્રામ સભાની કાર્યવાહીની નોંધનો ચોપડો વગેરેની પ્રક્રિયા આ પુસ્તિકામાં સમજાવવામાં આવી છે. (૩) ગ્રામ પંચાયત કે પ્રતિનિધિયોં વ સચિવ કે અધિકાર વ કર્તવ્યઃ ગ્રામ પંચાયતો યોગ્ય રીતે કામ કરે અને લોકોના હિતમાં નિર્ણય લે તેને માટે સરકાર દ્વારા પંચાયતના સભ્યો અને તલાટીને આપવામાં આવેલાં અધિકારો અને કામો વગેરે આ પુસ્તિકામાં સમાવવામાં આવ્યાં છે. (૪) ગ્રામ પંચાયતોં કી સ્થાયી સમિતિયાંઃ આ પુસ્તિકામાં ગ્રામ પંચાયતોની કારોબારી સમિતિ, શિક્ષણ સમિતિ, સામાજિક ન્યાય સમિતિ વગેરે જેવી સમિતિઓની રચના અને તેમનાં કાર્યોની વિગતો આપવામાં આવી છે. (૫) ગ્રામ પંચાયતોંકા બજટ એવમ્ આયકે સાધનઃ ગામની સરકારના હિસાબો તૈયાર કરવાની પ્રક્રિયા અને આવક અને ખર્ચના હિસાબો શું છે તેની સમજ આ પુસ્તિકામાં આપવામાં આવી છે. આવક કેવી રીતે વધારી શકાય તે પણ તેમાં જણાવવામાં આવ્યું છે. (૬) કૈસે બનાયેં ગાંવ વિકાસકી યોજનાઃ સમાજના નબળા, ગરીબ, પછાત વર્ગો અને ખાસ કરીને મહિલાઓની જરૂરિયાતો પર આધારિત ગામના લોકોની સલાહથી ગામના વિકાસની યોજના કેવી રીતે તૈયાર થાય તેના ઉપર આ પુસ્તિકામાં ભાર મૂકવામાં આવ્યો છે. (૭) પંચાયતી રાજ સંસ્થાઓમેં મહિલા જનપ્રતિનિધિયોંકી ભૂમિકાઃ ૭૩મા બંધારણ સુધારા પછી પંચાયતી રાજ સંસ્થાઓમાં મહિલાઓ માટેની એક-તૃતીયાંશ અનામતથી નિર્ણય પ્રક્રિયામાં તેમની ભાગીદારીમાં થયેલા વધારાની સમજૂતી આ પુસ્તિકામાં આપવામાં આવી છે.

આ પુસ્તિકાઓ રાજસ્થાનના સંદર્ભ સાથે લખાઈ છે પણ તે પંચાયત ક્ષેત્રે તાલીમનું કાર્ય કરનારા સૌને ઉપયોગી થાય તેમ છે. તેની સરળ હિંદી ભાષાથી તેની પહોંચ વધે છે. પ્રાપ્તિસ્થાનઃ પ્રિયા, રાજ્ય સંસાધન કેન્દ્ર, એસ-૨૮, ગીજગઢ વિહાર, નંદપુરી માર્કેટ પાસે, બાઈસ ગોદામ, જયપુર ૩૦૨ ૦૦૬. ફોનઃ ૦૧૪૧-૨૨૧૬૦૧૩. ઈમેલઃ jaipur@pria.org

વિકાસની વાટે

સામાજિક કાર્યકરોને વિકાસલક્ષી આલેખન કરવાનું પ્રોત્સાહન પૂરું પાડવા માટે 'ચરખા' દ્વારા દર વર્ષે વિવિધ વિકાસલક્ષી મુદ્દાઓ વિશે લેખન સ્પર્ધા યોજવામાં આવે છે. ૨૦૦૪ દરમ્યાન 'જમીન માલિકી અને મહિલાઓ' તેમ જ 'આદિવાસીઓ અને સ્વશાસન' વિષય અંગે લેખન સ્પર્ધા યોજાઈ હતી. આ લેખન સ્પર્ધામાં આવેલા લેખોમાંથી કેટલાક લેખો પસંદ કરીને આ પુસ્તકમાં સંકલિત કરવામાં આવ્યા છે. જો કે, એ સિવાયના પણ કેટલાક લેખો આ પુસ્તકમાં સમાવવામાં આવ્યા છે. આ પુસ્તક ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. પ્રથમ વિભાગમાં મહિલાઓના જમીનની માલિકી મેળવવાના સંઘર્ષ વિશેની વાત છે. બીજા વિભાગમાં આદિવાસી વિસ્તારની પંચાયતોમાં સફળ નેતૃત્વ પૂરું પાડી રહેલા સરપંચોની વાત છે. ત્રીજા વિભાગમાં 'ચરખા' દ્વારા વર્ષ દરમ્યાન તૈયાર થયેલા વિવિધ અખબારોમાં પ્રકાશિત થયેલા લેખોમાંથી કેટલાક લેખો મૂકવામાં આવ્યા છે. તેમાં ખાસ કરીને દલિતો, આદિવાસીઓ, અસંગઠિત મજૂર વર્ગ, મહિલાઓ વગેરેના પ્રશ્નો અને તેમના ઉકેલ માટે થઈ રહેલા પ્રયાસો વિશે આલેખન થયું છે.

અહીં ત્રીસ લેખોમાં ગુજરાતના વિકાસની તરાહો અને તેના આંતરપ્રવાહોનું પ્રતિબિંબ ઝીલાયું છે. અંતરિયાળ કે ગ્રામીણ વિસ્તારોમાં રચનાત્મક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા કાર્યકરો દ્વારા લખાયેલા લેખોમાં ભાષાકીય પોત ઓળગાતું લાગે પણ તેમાં રહેલી સરળ અને સહજ હકીકતો હૃદયસ્પર્શી અને ક્યારેક તો વિચારપ્રેરક પણ બને છે. સામાન્ય લાગતા આમ માનવીઓમાં કેટલાં શક્તિ, સૂઝ અને સજ્જતા પડેલાં હોય છે અને તેને જો વાતાવરણ આપવામાં આવે તો તે કેટલી સરસ રીતે વિકાસમાં પરિવર્તિત થઈ શકે છે તેનાં ઘણાં પ્રેરક ઉદાહરણો આ પુસ્તકમાં મુકાયાં છે. આ પુસ્તકમાં એક બાજુ સમૃદ્ધ ગણાતા ગુજરાતનો અંધકારભર્યો ચહેરો પણ જોવા મળે છે તો બીજી બાજુ આવા અંધકારને નાથવા મથતા દીવડાઓનો ઉજાસ પણ દેખાય છે. ગુજરાતની વિકાસલક્ષી પ્રવૃત્તિઓનું દસ્તાવેજીકરણ આ પુસ્તકમાં છે અને તે પ્રેરક છે. 'ગુજરાત ટાઈમ્સ' સાપ્તાહિકના નિવાસી તંત્રી શ્રી રમેશ તન્નાએ તેનું આમુખ લખ્યું છે. સંપાદકઃ સંજય દવે. પ્રસ્તુતિઃ ચરખા-વિકાસ સંચાર નેટવર્ક, ૭૦૨, સાકાર ચાર, મા.જે. પુસ્તકાલય સામે, આશ્રમ રોડ, અમદાવાદ-૬. ફોનઃ ૦૭૯-૨૬૫૮૩૩૦૫.

છેલ્લા ત્રણ માસ દરમ્યાન 'ઉન્નતિ' દ્વારા નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી:

૧. સામાજિક સમાવેશ અને સક્ષમતા

દલિતોના અધિકારો

છેલ્લા ત્રણ માસ દરમ્યાન દલિત સંદર્ભ કેન્દ્રોને 'દલિત અધિકાર અભિયાન'ની ગ્રામ સ્તરીય અને તાલુકા સ્તરીય સમિતિના સભ્યો સાથે વિચાર-વિમર્શ કરીને તેમની પ્રવૃત્તિઓનું આયોજન કરવા અને અમલ કરવા માટે સક્ષમ બનાવવાનાં પગલાં લેવાયાં. આ કાર્યક્રમના ભાગરૂપ બાડમેર જિલ્લાના કલ્યાણપુર તાલુકાની પુરુષ સમિતિના સભ્યોને ૨૫-૨૬, ઓગસ્ટ-૨૦૦૫ દરમ્યાન બે દિવસની નેતૃત્વ તાલીમ આપવામાં આવી. તેમાં ૪૧ સ્થાનિક નેતાઓએ ભાગ લીધો હતો. ઓગસ્ટ અને સપ્ટેમ્બર-૨૦૦૫ દરમ્યાન 'દલિત અધિકાર અભિયાન'ના મહિલા સભ્યોને ઘરેલૂ હિંસા સાથે સંકળાયેલા પ્રશ્નો અને મહિલાઓના સંગઠનની જરૂરિયાત વિશે અભિમુખ કરવામાં આવ્યાં. બે દિવસની આ કાર્યશાળાઓમાં શેરગઢ, સિંદરી અને બૈતુ તાલુકાની ૧૧૮ મહિલાઓ હાજર રહી હતી. શેરગઢ અને સિંદરી તાલુકાની સામુદાયિક મહિલા નેતાઓ માટે એક દિવસની એવી બે કાર્યશાળાઓ યોજવામાં આવી હતી. પંચાયતો દ્વારા અમલમાં મુકાતી યોજનાઓ અસહાય વ્યક્તિઓ અને પરિવારોને કેવી રીતે ઉપયોગી છે તે બાબત તેમાં ચર્ચવામાં આવી હતી. આ કાર્યશાળાઓમાં ૩૫ મહિલાઓએ હાજરી આપી હતી. દલિત સંદર્ભ કેન્દ્રો દ્વારા અત્યાચારોના ૬ કિસ્સાઓ હાથ ધરવામાં આવ્યા હતા. જમીન ઉપરના દબાણ સંબંધી ૨ કિસ્સાઓ હાથ ધરાયા હતા અને ૧૦૨ એકર જમીન છૂટી કરાવવામાં આવી હતી. 'રાષ્ટ્રીય દલિત માનવ અધિકાર ઝુંબેશ' (એનસીડીએચઆર) સાથેના સહયોગમાં પાલી ખાતે ૫.૯.૨૦૦૫ના રોજ એક જાહેર સુનાવણી યોજવામાં આવી હતી. તેમાં દલિતો પરના અત્યાચારોના ૧૨ કિસ્સાઓ ઉઠાવવામાં આવ્યા હતા. તેનો હેતુ દલિતોના પ્રશ્નો વિશે સમુદાયને સંવેદનશીલ બનાવવા અને સ્થાનિક વહીવટી તંત્ર સાથે સંબંધો ઊભા કરવાનો હતો.

વિકલાંગતા

વિકલાંગતા અને વિકાસ વિશે 'સેવા બેંક'ના ૨૫ સભ્યો માટે એક તાલીમ હાથ ધરવામાં આવી. 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ'ના સહયોગ સાથે યોજવામાં આવેલી આ તાલીમમાં તેઓ તેમની વર્તમાન પ્રવૃત્તિમાં વિકલાંગતા સંબંધી પ્રશ્નોનો સમાવેશ કેવી રીતે કરી શકે તે બાબત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. સામુદાયિક સંચારનાં કૌશલ્યો વિશે અર્ધા દિવસની કાર્યશાળા યોજવામાં આવી હતી. તેમાં સમુદાય-આધારિત પુનર્વસન સાથે સંકળાયેલા ૧૫ કાર્યકરોએ હાજરી આપી હતી. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમુદાયમાં સમાવેશ માટે પ્રેરણા આપવા આ તાલીમ ગોઠવાઈ હતી. અવરોધમુક્ત પર્યાવરણ ઊભું કરવાના ચાલુ કાર્યક્રમના ભાગરૂપે અમદાવાદ મહાનગરપાલિકા સાથે હિમાયત કરાઈ હતી. રસ્તાઓ અને ફૂટપાથો આધુનિક કરવા માટેની યોજનાઓમાં આ બાબતનો સમાવેશ કરવા તેમાં પ્રયત્ન કરાયો હતો.

ભૂંકપગ્રસ્તોનું પુનર્વસન

ભચાઉમાં ભૂકંપ બાદ પુનર્વસન કરવાના ભાગરૂપે તકનિકી અને સામગ્રી અંગેનો ટેકો ઘર બાંધવા માટે પૂરો પાડવાનું કામ પૂરું થયું છે અને હવે સમુદાયને આપત્તિના સામનાની તૈયારી કરવા માટે તૈયાર કરવા માટે પ્રયાસો થઈ રહ્યા છે. આ માટે સમુદાય-આધારિત આપત્તિના સામનાની તૈયારીની યોજના અમારડી અને બનિયારી એમ બે ગામો માટે તૈયાર કરાઈ રહી છે. જીવનનિર્વાહ અંગેના કામના સંદર્ભમાં મોટાં શહેરો માટે વસ્તુ બનાવવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ૨૪-ઓગસ્ટથી ૨-સપ્ટેમ્બર, ૨૦૦૫ દરમ્યાન બેંગલોર ખાતે નવી દિલ્લીના 'દસ્તકાર' દ્વારા યોજાયેલા પ્રદર્શનમાં ઉત્પાદક જૂથોએ ભાગ લીધો હતો. છેલ્લા ત્રણ માસ દરમ્યાન કૌશલ્ય મૂલ્યાંકન કાર્યશાળાઓ યોજાઈ. તે પછી ૨૦૦ મહિલાઓને નિયમિતપણે ભરતકામ પ્રાપ્ત થાય તેવી બજારલક્ષી વ્યવસ્થાના સંદર્ભમાં ઓળખી કઢાઈ હતી. મહિલાઓનાં ઉત્પાદક જૂથોને બેંગલોરના પ્રદર્શનના અનુભવના સંદર્ભમાં કેવા પ્રકારની વસ્તુઓની માંગ છે અને વેચાણનો ભાવ શું હોઈ શકે તે બાબતો ધ્યાનમાં લેવા જણાવાયું હતું.

પૂરના સંજોગોમાં પ્રતિભાવ

ગુજરાતમાં જુલાઈ-ઓગસ્ટ, ૨૦૦૫ દરમ્યાન સુરત, વલસાડ, નવસારી, ખેડા, આણંદ, વડોદરા અને અમદાવાદ એમ ૭ જિલ્લાનાં ૮,૦૦૦ જેટલાં ગામોને ભારે વરસાદને લીધે વિપરીત અસર થઈ હતી. અમે ૮ સહભાગી સંસ્થાઓના સહયોગમાં ૬,૧૦૭ નિઃસહાય પરિવારોને રાહત પૂરી પાડી હતી. લાભાર્થીઓની ઓળખ, જરૂરિયાતની ઓળખ અને રાહત માટેની સામગ્રીની કિટ મેળવીને તેના વિતરણ દ્વારા રાહત પૂરી પાડવામાં આવી હતી. આ કિટમાં ખોરાકી વસ્તુઓ, ઘરેલૂ ચીજો, તારપોલીન શીટ અને બિયારણ તથા સજીવ ખાતર જેવી વસ્તુઓનો

સમાવેશ કરવામાં આવ્યો હતો.

ક્ષમતાવર્ધન

ભચાઉ ખાતેના 'ઉન્નતિ'ના સહભાગી તાલીમ કેન્દ્ર ૨-૬, ઓગસ્ટ - ૨૦૦૫ દરમ્યાન ગુજરાત અને રાજસ્થાનના વિકાસ ક્ષેત્રના કર્મશીલો માટે એક પ્રશિક્ષકોની તાલીમનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમાં ૧૨ સંગઠનોના ૨૬ સહભાગીઓએ ભાગ લીધો હતો. 'ચર્ચ ઓક્ઝિલિયરી ફોર સોશ્યલ એક્શન' (કાસા)નાં સહભાગી સંગઠનો માટે ૨૩-૨૫, ઓગસ્ટ - ૨૦૦૫ દરમ્યાન 'હિમાયત અને અધિકાર આધારિત અભિગમ' વિશે એક તાલીમ યોજવામાં આવી હતી. તેમાં ૧૬ સંગઠનોના ૩૧ સહભાગીઓએ ભાગ લીધો હતો.

૨. નાગરિક નેતૃત્વ અને શાસન

ગ્રામીણ શાસન

ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લાના મોડાસા, વિજયનગર, હિંમતનગર અને ઈડર તથા અમદાવાદ જિલ્લાના એક તાલુકા માટે બે દિવસની એક એવી ચાર તાલીમો નાગરિક નેતાઓ માટે તેમની ભૂમિકા અને તેમની જવાબદારીઓ વિશે તેમને અભિમુખ કરવા માટે યોજવામાં આવી હતી. તેમાં ૧૩૪ નાગરિક નેતાઓએ ભાગ લીધો હતો. 'પંચાયત વિકાસ સમિતિ'ના નેજા હેઠળ અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લાઓના ૮ તાલુકાઓમાં ૮૦ જેટલાં નાગરિક મંડળોને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. દરેક સમિતિના પંચાયતના દરેક વોર્ડના બે-ત્રણ નાગરિક નેતાઓ હોય છે. પંચાયત વિકાસ સમિતિનો હેતુ આ મુજબ છેઃ ગ્રામ સભા અને પંચાયતો વચ્ચે સંપર્ક ઊભો કરવો, મહિલાઓ અને અન્ય વંચિત જૂથોની સહભાગિતા વધારવી, ગામમાં પ્રવર્તમાન અન્યાયના પ્રશ્નો ઊઠાવવા અને સેવાઓના પુરવઠામાં ગુણવત્તા જાળવવી. જે નાગરિક નેતાઓએ ઉપરોક્ત તાલીમોમાં ભાગ લીધો હતો તેઓ આ સમિતિઓના સભ્યો હતા. આ ઉપરાંત સરપંચો, ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓ અને સામાજિક ન્યાય સમિતિઓના સભ્યોનાં મંડળોને બે જિલ્લાઓમાં પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં અનાજ રાહત પહોંચાડવામાં અને જરૂરિયાત ઓળખવામાં આ મંડળોએ સક્રિય ભૂમિકા ભજવી હતી. દ્વારકામાં મહિલા મંડળો અન્ન સલામતી માટેની રાજ્ય સ્તરીય ઝુંબેશમાં સક્રિય રીતે સામેલ છે અને તેમણે એ વિસ્તારમાં એક જન સુનાવણીનું આયોજન કર્યું હતું. સરકારી બિન-ખેડાણલાયક પડતર જમીન ઉદ્યોગ ગૃહોને આપવા માટેના સરકારી ઠરાવ સામે શ્રી ચૂનીભાઈ વૈદ્યના નેતૃત્વ હેઠળ રાજ્યમાં અન્ય બિન-સરકારી સંગઠનો દ્વારા ચલાવવામાં આવતી ઝુંબેશમાં અમે સક્રિય રીતે ભાગ લીધો હતો. સાબરકાંઠામાં અનેક જૂથ સ્તરીય બેઠકો યોજ્યા બાદ નાગરિકોનો પ્રતિભાવ ઊભો કરવા માટે એક જિલ્લા સ્તરીય વિચાર-વિમર્શ સભા યોજવામાં આવી હતી.

રાજસ્થાનમાં ગયા ત્રણ માસ દરમ્યાન મધ્યાહ્ન ભોજન યોજના અને સંકલિત બાળ વિકાસ યોજના (આઈસીડીએસ) ઉપર દેખરેખ રાખવાના અમારા વિધાયક અનુભવ બાદ આ ત્રણ માસ દરમ્યાન પ્રાથમિક શાળાઓમાં છોકરીઓના પ્રવેશનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. ગ્રામ વિસ્તારોમાં આ વિષય વિશે ચર્ચા શરૂ કરવા છ પંચાયત સંદર્ભ કેન્દ્રો દ્વારા 'મીના' ફિલ્મના ૧૧૭ ખેલ યોજવામાં આવ્યા હતા. અનેક સ્થળોએ છોકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટેનું વાતાવરણ ઊભું કરવા માટે સંદર્ભ જૂથના સભ્યોનું પણ અભિમુખીકરણ કરવામાં આવ્યું હતું. આ ત્રણ માસ દરમ્યાન રેડિયો કાર્યક્રમમાં ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓના ક્ષમતાવર્ધન ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. મહિલાઓ સામેની હિંસા વિશે મહિલા સભ્યો માટે એક દિવસના અભિમુખતા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. અમદાવાદમાં 'સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટ' (સીઈઈ)ના સહયોગમાં જૈવ વૈવિધ્ય વિશે સરપંચો, પંચાયતના સભ્યો અને સંદર્ભ જૂથના સભ્યો માટે બે દિવસની એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેનો હેતુ રાજસ્થાનમાં વારંવાર આવતા દુકાળોને પરિણામે રણ વિસ્તારોમાં પર્યાવરણની જાળવણી માટેની જરૂરિયાત વિશે તેમને સંવેદનશીલ બનાવવાનો હતો કારણ કે તે વિસ્તારોમાં અનેક પ્રકારની વનસ્પતિઓ લુપ્ત થવાને આરે ઊભેલી છે. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૦૫થી ૧ ઓક્ટોબર, ૨૦૦૫ સુધી સૂક્ષ્મ સ્તરીય આયોજન અને સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન વિશે કાર્યકરો અને પંચાયત પ્રતિનિધિઓની ક્ષમતા વધારવા માટે એક કાર્યશાળા યોજવામાં આવી હતી.

શહેરી શાસન

ગુજરાતમાં સાબરકાંઠામાં પ્રાંતિજ અને ખેડબ્રહ્મામાં, કચ્છમાં અંજાર અને અમદાવાદમાં ધોળકા અને સાણંદમાં પાયાની સેવાઓ અને અન્ય વિકાસલક્ષી પ્રવૃત્તિઓનાં આયોજન અમલ અને દેખરેખ માટે સમુદાયને સામેલ કરવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. ગુજરાત મહિલા વિકાસ નિગમ સાથે સંકળાયેલાં સ્વસહાય જૂથો, માનવ ગરિમા યોજના, વિધવા પેન્શન યોજના, વૃદ્ધાવસ્થા પેન્શન યોજના, રેશન કાર્ડ વગેરે જેવી

યોજનાઓના લાભો પ્રાપ્ત થાય તે માટે તમામ સ્થળોએ પ્રયત્નો કરવામાં આવ્યા છે. ધોળકામાં ભારે વરસાદને પરિણામે કેટલાક ઝૂપંડપટ્ટી વિસ્તારોમાં નુકસાન થયું હતું. તેમાં નુકસાનની આકારણી માટે એક સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું અને લાભાર્થીઓની ઓળખ કરવામાં આવી હતી. 'અસાગ'ના સહયોગથી ૧૩૧ પરિવારોને કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ખેડબ્રહ્મામાં ઘરેલૂ હિંસાથી અસરગ્રસ્ત મહિલાઓને કાનૂની સહાય અને માર્ગદર્શન પૂરું પાડવા માટે ટેકો પૂરો પડાયો હતો.

રાજસ્થાનમાં ૧૭-૧૮, ઓગસ્ટ - ૨૦૦૫ દરમ્યાન નગરપાલિકાઓની ચૂંટણી યોજાઈ હતી. પશ્ચિમ રાજસ્થાનના બિકાનેર, જોધપુર, ચૂરુ, પાલી, જૈસલમેર અને નાગોર જિલ્લાઓનાં ૧૩ નગરોમાં ચૂંટણી પૂર્વે મતદાતા જાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. તેનો મુખ્ય હેતુ ઝૂંપડપટ્ટીમાં રહેતા નાગરિકોને મતદાનની જરૂરિયાત અને મહત્ત્વ સમજાવવા માટેનો અને ઉમેદવારી પત્ર ભરવાની તથા મતદાન માટેની કાર્યવાહી વિશે શિક્ષણ આપવા માટેનો હતો.

उन्नति
ઉન્નતિ
વિકાસ શિક્ષણ સંગઠન
જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન: ૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: unnatiad1@sancharnet.in
ક્ષેત્રીય કાર્યાલય: જી-૫૫, શાસ્ત્રીનગર, જોધપુર-૩૪૨ ૦૦૩, રાજસ્થાન.
ફોન/ફેક્સ: ૦૨૯૧-૨૬૪૩૨૪૮ ફોન: ૦૨૯૧-૨૬૪૨૧૮૫, ઈ-મેલ: unnati@datainfosys.net

ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'.
મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોન: ૦૭૯-૫૫૬૧૨૯૬૭

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.